અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૩૦ નવેમ્બર ૨૦૨૪, શનિવાર | વર્ષ : ૧૬ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, કારતક વદ ૧૪ | અંક : ૧૪૯ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

દેવભૂમિ દ્વારકાના ઓખામાં ગુજરાત ATSનું સફળ ઓપરેશન | પાકિસ્તાન માટે જાસૂસી કરતો ભારતીય ઓખામાંથી ઝડપાયો જે ખાનગી નોકરીના આડમાં સંવેદનશીલ માહિતી અને ફોટો પાડીને સરહદ પાર મોકલતો હતો

# ગુજરાતમાંથી પાકિસ્તાન માટે કામ કરતો જાસૂસ ઝડપાઈ ગયો




## દિનેશ ગોહિલ સોશિયલ મીડિયાના માધ્યમથી પાકિસ્તાનના કેટલાક લોકો સાથે સંપર્કમાં આવ્યો

દિનેશ ગોહિલ નામનો દેશનો દુશ્મન જાસૂસ પકડાયો છે. આ યુવકે ખાનગી કંપનીમાં નોકરીની આડમાં સંવેદનશીલ ફોટો પાડી પાકિસ્તાન મોકલ્યાનો ખુલાસો થયો છે. દિનેશ ગોહિલ સોશિયલ મીડિયાના માધ્યમથી પાકિસ્તાનના કેટલાક લોકો સાથે સંપર્કમાં આવ્યો હતો. તપાસમાં સામે આવ્યું કે, સોશિયલ મીડિયા અને બીજા કેટલાક માધ્યમોથી ભારતીય સુરક્ષાને હાની પહોંચાડે તેવા ફોટોગ્રાફ્સ પાકિસ્તાન મોકલ્યા હતા. પૂછપરછ દરમિયાન કોસ્ટગાર્ડ અને ભારતીય દરિયાઈ સીમાના ફોટોગ્રાફ્સ પાકિસ્તાનમાં




કોઈ વ્યક્તિને મોકલ્યા હોવાનું સામે ખૂલ્યું છે. આ સમગ્ર મામલે ગુજરાત એટીએસએ દિનેશ જ્યાં નોકરી કરતો હતો તે કંપનીના કેટલાક લોકોની પૂછપરછ કરી છે અને તેની સાથે સંપર્કમાં હોય તેની પણ તપાસ શરૂ કરી છે. નોંધનીય છે કે આ પહેલા પણ ગુજરાત ટ્રંજ એ આજ પ્રકારે કોસ્ટગાર્ડની માહિતી પાકિસ્તાન પહોંચાડતા યુવકને ઝડપ્યો હતો. ભારતમાં ઘુસાડાતા ડ્રગ મામલે સઘન અભિયાનમાં કોસ્ટગાર્ડની સક્રિયતા વધતા પાકિસ્તાન પરેશાન થયું છે. આ પહેલા પણ ગુજરાત ats એ આજ પ્રકારે કોસ્ટગાર્ડની માહિતી પાકિસ્તાન પહોંચાડતા યુવકને ઝડપ્યો હતો. ભારતમાં ઘુસાડાતા ડ્રગ મામલે સઘન અભિયાનમાં કોસ્ટગાર્ડની સક્રિયતા વધતા પાકિસ્તાન પરેશાન થયું છે.

| (એજન્સી) દેવભૂમિ દ્વારકા, તા.૨૯ |

ગુજરાત એટીએસએ ફરી એક વખત ભારતીય સુરક્ષા એજન્સીની જાસૂસી કરતા ભારતીય નાગરિકની ધરપકડ કરી છે. પાકિસ્તાન માટે જાસૂસી કરતો ભારતીય દેવભૂમિ દ્વારકાના ઓખામાંથી ઝડપાયો છે. જે ખાનગી નોકરીના આડમાં સંવેદનશીલ માહિતી અને ફોટો પાડીને સરહદ પાર મોકલતો હતો. દેવભૂમિ દ્વારકાના ઓખામાં ગુજરાત ATSનું સફળ ઓપરેશન પાડ્યું છે. પાકિસ્તાન માટે જાસૂસી કરતા એક ભારતીયને શખ્સને ગુજરાત આતંકવાદ વિરોધી દળે ઝડપી પાડ્યો છે. દેવભૂમિ દ્વારકાના ઓખામાં કોસ્ટગાર્ડની અતિ સંવેદનશીલ માહિતી પાકિસ્તાનને મોકલવાનો આરોપ છે. ખાનગી કંપનીમાં કામ કરતો દીપેશ ગોહેલ નામનો યુવક કોસ્ટગાર્ડના શિપની મુવમેન્ટની માહિતી પાકિસ્તાન પહોંચાડતો હતો. દિનેશ ગોહિલ નામનો દેશનો દુશ્મન જાસૂસ પકડાયો છે. આ યુવકે ખાનગી કંપનીમાં નોકરીની આડમાં સંવેદનશીલ ફોટો પાડી પાકિસ્તાન મોકલ્યાનો ખુલાસો થયો છે. દિનેશ ગોહિલ સોશિયલ મીડિયાના માધ્યમથી પાકિસ્તાનના કેટલાક લોકો સાથે સંપર્કમાં આવ્યો હતો. તપાસમાં સામે આવ્યું કે, સોશિયલ મીડિયા અને બીજા કેટલાક માધ્યમોથી ભારતીય સુરક્ષાને હાની પહોંચાડે તેવા ફોટોગ્રાફ્સ પાકિસ્તાન મોકલ્યા હતા. પૂછપરછ દરમિયાન કોસ્ટગાર્ડ અને ભારતીય દરિયાઈ સીમાના ફોટોગ્રાફ્સ પાકિસ્તાનમાં કોઈ વ્યક્તિને મોકલ્યા હોવાનું સામે ખૂલ્યું છે. આ સમગ્ર મામલે ગુજરાત એટીએસએ દિનેશ જ્યાં નોકરી કરતો હતો તે કંપનીના કેટલાક લોકોની પૂછપરછ કરી છે અને તેની સાથે સંપર્કમાં હોય તેની પણ તપાસ શરૂ કરી છે. નોંધનીય છે કે આ પહેલા પણ ગુજરાત ટ્રંજ એ આજ પ્રકારે કોસ્ટગાર્ડની માહિતી પાકિસ્તાન પહોંચાડતા યુવકને ઝડપ્યો હતો. ભારતમાં ઘુસાડાતા ડ્રગ મામલે સઘન અભિયાનમાં કોસ્ટગાર્ડની સક્રિયતા વધતા પાકિસ્તાન પરેશાન થયું છે. દિનેશ ગોહિલ નામનો દેશનો દુશ્મન જાસૂસ પકડાયો છે. અને તેની સાથે સંપર્કમાં હોય તેની પણ તપાસ શરૂ કરી છે. નોંધનીય છે કે આ પહેલા પણ ગુજરાત ટ્રંજ એ આજ પ્રકારે કોસ્ટગાર્ડની માહિતી પાકિસ્તાન પહોંચાડતા યુવકને ઝડપ્યો હતો. ભારતમાં ઘુસાડાતા ડ્રગ મામલે સઘન અભિયાનમાં કોસ્ટગાર્ડની સક્રિયતા વધતા પાકિસ્તાન પરેશાન થયું છે. દિનેશ ગોહિલ નામનો દેશનો દુશ્મન જાસૂસ પકડાયો છે. આ યુવકે ખાનગી કંપનીમાં નોકરીની આડમાં સંવેદનશીલ ફોટો પાડી પાકિસ્તાન મોકલ્યાનો ખુલાસો થયો છે. દિનેશ ગોહિલ સોશિયલ મીડિયાના માધ્યમથી પાકિસ્તાનના કેટલાક લોકો સાથે સંપર્કમાં આવ્યો હતો. તપાસમાં સામે આવ્યું કે, સોશિયલ મીડિયા અને બીજા કેટલાક માધ્યમોથીભારતીયસુરક્ષાનેહાનીપહોંચાડે તેવા ફોટોગ્રાફ્સ પાકિસ્તાન મોકલ્યા હતા. પૂછપરછ દરમિયાન કોસ્ટગાર્ડ અને ભારતીય દરિયાઈ સીમાના ફોટોગ્રાફ્સ પાકિસ્તાનમાં કોઈ વ્યક્તિને મોકલ્યા હોવાનું સામે ખૂલ્યું છે. આ સમગ્ર મામલે ગુજરાત એટીએસએ દિનેશ જ્યાં નોકરી કરતો હતો તે કંપનીના કેટલાક લોકોની પૂછપરછ કરી છે અને તેની સાથે સંપર્કમાં હોય તેની પણ તપાસ શરૂ કરી છે. નોંધનીય છે કે આ પહેલા પણ ગુજરાત ats એ આજ પ્રકારે કોસ્ટગાર્ડની માહિતી પાકિસ્તાન પહોંચાડતા યુવકને ઝડપ્યો હતો. ભારતમાં ઘુસાડાતા ડ્રગ મામલે સઘન અભિયાનમાં કોસ્ટગાર્ડની સક્રિયતા વધતા પાકિસ્તાન પરેશાન થયું છે.

## સરકારે ૬.૬૯ લાખ સિમકાર્ડ અને ૧.૩૨ લાખ IMEI નંબર બ્લોક કર્યા




| નવી દિલ્હી, તા.૨૯ |

દેશમાં 'ડિજિટલ અરેસ્ટ' એક ગંભીર સમસ્યા બની ગઈ છે. આ બાબતને લઈને કેન્દ્ર સરકાર પણ ચિંતિત છે. આ દરમિયાન 'ડિજિટલ અરેસ્ટ' કૌભાંડના વધી રહેલા કિસ્સાઓની વચ્ચે કેન્દ્ર સરકારને પોલીસ અધિકારીઓ દ્વારા અપાયેલા રિપોર્ટ મુજબ, ૬.૬૯ લાખથી વધુ સિમકાર્ડ અને ૧,૩૨,૦૦૦ ઈન્ટરનેશનલ મોબાઈલ ઈક્વિપમેન્ટ ઈડેન્ટિટી(આઈએમઈઆઈ) નંબર બ્લોક કર્યા છે.

કેન્દ્રીય ગૃહ રાજ્યમંત્રી બંદી સંજયકુમારે રાજ્યસભામાં એક પ્રશ્નના લેખિત ઉત્તરમાં કહ્યું કે, ડિજિટલ ધરપકડ સહિત વિવિધ સાયબર ક્રાઈમને કાબુમાં લેવા માટે તંત્રને મજબૂત કરવા માટે કેન્દ્ર સરકારે કેટલાક મહત્વપૂર્ણ પગલાં ભર્યા છે. ગૃહ મંત્રાલયે દેશમાં તમામ પ્રકારના સાયબર ક્રાઈમ પર લગામ મૂકવા માટે 'ઈન્ડિયન સાયબર ક્રાઈમ કોઓર્ડિનેશન સેન્ટર'(આઈ૪સી)ની સ્થાપના કરી છે. '

ઈઝરાયેલ પર હુમલાના લગભગ ૧૪ મહિના (૪૧૮ દિવસ) બાદ હમાસ પણ હિઝબુલ્લાહની જેમ યુદ્ધવિરામ માટે તૈયાર છે

# ઈઝરાયેલ અમારા લડવૈયાઓને મુક્ત કરે, અમે બંધકોને મુક્ત કરીશું : હમાસ

| (એજન્સી) તેલ અવીવ, તા.૨૯ |

ઈઝરાયેલ પર હુમલાના લગભગ ૧૪ મહિના (૪૧૮ દિવસ) બાદ હમાસ પણ હિઝબુલ્લાહની જેમ યુદ્ધવિરામ માટે તૈયાર છે. હમાસના એક વરિષ્ઠ અધિકારીએ કહ્યું હતું કે અમે ઈજિપ્ત, કતાર અને તુર્કીના મધ્યસ્થીઓને જાણ કરી છે કે હમાસ યુદ્ધવિરામ તથા કેદીઓની અદલાબદલી માટે ગંભીર સમજૂતી માટે તૈયાર છે.આ પહેલા લેબનોન અને ઈઝરાયેલ વચ્ચે યુદ્ધવિરામ બાદ લેબનીઝ નાગરિકોએ ઉત્તરી લેબનોનથી દક્ષિણ લેબેનોન પરત ફરવાનું શરૂ કર્યું હતું. આ યુદ્ધવિરામ અમેરિકા અને ળાન્સની મધ્યસ્થીથી થયો હતો.સપ્ટેમ્બરમાં લગભગ ૭૦ દિવસ પહેલા પેજર અને વોકી-ટોકીમાં થયેલા વિસ્ફોટોથી, ઈઝરાયેલી સેના લેબનોનમાં હિઝબુલ્લાહના લક્ષ્યો પર સતત હુમલો કરી રહી છે. આ હુમલાઓમાં હિઝબુલ્લાના વડા હસન નસરાલ્લાહ અને ૩,૮૨૩ લેબનીઝ નાગરિકો માર્યા



ગયા હતા અને ૧૫,૮૫૯ લોકો ઘાયલ થયા હતા.હમાસ અને ઈઝરાયલ વચ્ચે યુદ્ધવિરામની શરતો પર સૂત્રોનું કહેવું છે કે હમાસ લગભગ ૧૦૦ ઈઝરાયલી બંધકોની મુક્તિના બદલામાં ૧,૦૦૦ પેલેસ્ટિનિયન અને હમાસ લડવૈયાઓની મુક્તિ માટે દબાણ કરી રહ્યું છે. ૭ ઓક્ટોબર, ૨૦૨૩ના હુમલા બાદ હમાસે ૨૫૪ ઈઝરાયેલને બંધક બનાવ્યા હતા. પ્રથમ તબક્કાની વાતચીત બાદ ૧૫૪ ઈઝરાયેલી બંધકોને મુક્ત કરવામાં આવ્યા છે. પરંતુ, ૧૦૦ લોકો હજુ પણ હમાસની કેદમાં છે.હમાસની ઘોષણા પછી બંધકોના પરિવારોમાં આનંદ છવાયો હતો, પરંતુ જમણેરી રાષ્ટ્રીય સુરક્ષા પ્રધાન ઈટામર બેન ગ્વિરે જણાવ્યું હતું કે તેઓ બંધકોના બદલામાં ૧,૦૦૦ પેલેસ્ટિનિયન-હમાસના લડવૈયાઓની મુક્તિનો સમાવેશ કરે તેવા કોઈપણ કરારને મંજૂરી આપશે નહીં. ગાવિરે કહ્યું હતું કે ઈઝરાયેલના બંધકોને છોડાવવા માટે તમામ શક્ય પ્રયાસો કરવામાં આવશે, પરંતુ ઈઝરાયેલની હત્યા કરનારાઓની મુક્તિ સ્વીકાર્ય નથી.

## હમાસની ૧૦૦ ઈઝરાયલી બંધકોની મુક્તિના બદલામાં ૧,૦૦૦ પેલેસ્ટિનિયનોની મુક્તિની માગ

**૭ ઓક્ટોબર, ૨૦૨૩ના હુમલા બાદ હમાસે ૨૫૪ ઈઝરાયેલને બંધક બનાવ્યા હતા. પ્રથમ તબક્કાની વાતચીત બાદ ૧૫૪ ઈઝરાયેલી બંધકોને મુક્ત કરવામાં આવ્યા છે. પરંતુ, ૧૦૦ લોકો હજુ પણ હમાસની કેદમાં છે.હમાસની ઘોષણા પછી બંધકોના પરિવારોમાં આનંદ છવાયો હતો, પરંતુ જમણેરી રાષ્ટ્રીય સુરક્ષા પ્રધાન ઇટામર બેન ગ્વિરે જણાવ્યું હતું કે તેઓ બંધકોના બદલામાં ૧,૦૦૦ પેલેસ્ટિનિયન-હમાસના લડવૈયાઓની મુક્તિનો સમાવેશ કરે તેવા કોઈપણ કરારને મંજૂરી આપશે નહીં. ગાવિરે કહ્યું હતું કે ઇઝરાયેલના બંધકોને છોડાવવા માટે તમામ શક્ય પ્રયાસો કરવામાં આવશે, પરંતુ ઇઝરાયેલની હત્યા કરનારાઓની મુક્તિ સ્વીકાર્ય નથી.**

# કેનેડા સરકારે ભારતીય રાજદ્વારીઓને નજરબંધી હેઠળ મુક્યાં : કેન્દ્ર સરકાર

| (એજન્સી) નવી દિલ્હી, તા.૨૯ |

વેનકુવરમાં ભારતીય વાણિજ્ય દૂતાવાસના અધિકારીઓને તાજેતરમાં કેનેડિયન સત્તાવાળાઓએ જાણ કરી હતી કે તેઓ ઓડિયો અને વીડિયો સર્વેલન્સ હેઠળ છે અને આવી દેખરેખ રહેશે તથા તેમના ખાનગી સંદેશાવ્યવહારને પણ ઈન્ટરસેપ્ટ કરવામાં આવ્યા છે, એવી સરકારે ગુરુવારે સંસદમાં માહિતી આપી હતી. કેનેડામાં ભારતીય રાજદ્વારીઓને ટાર્ગેટ કરતી સાયબર સર્વેલન્સ અથવા અન્ય પ્રકારની દેખરેખની કોઈ ઘટના બની છે કે નહીં તેવા સવાલના જવાબમાં વિદેશ રાજ્ય પ્રધાન કીર્તિ વર્ધન સિંહે જણાવ્યું હતું કે હા. તાજેતરમાં વાનકુવરમાં ભારતીય વાણિજ્ય દૂતાવાસના કોન્સ્યુલર અધિકારીઓને કેનેડિયન સત્તાવાળાઓ દ્વારા જાણ



કરવામાં આવી હતી કે તેઓ ઓડિયો અને વીડિયો સર્વેલન્સ હેઠળ છે અને રહેશે તથા તેમના ખાનગી સંદેશાવ્યવહારને પણ ઈન્ટરસેપ્ટ કરવામાં આવે છે.ભારત સરકારે ૨ નવેમ્બર, ૨૦૨૪એ આ મુદ્દા પર નવી દિલ્હીમાં કેનેડિયન હાઈ કમિશન સમક્ષ સખત વિરોધ નોંધાવ્યો હતો, કારણ કે આવા પગલાં તમામ રાજદ્વારી જોગવાઈઓનું સ્પષ્ટ ઉલ્લંઘન છે. તાજેતરના મીડિયા બ્રીફિંગમાં વિદેશ મંત્રાલય (સ્ઈછ)ના પ્રવક્તાનો જવાબ ટાંકીને પ્રધાને જણાવ્યું હતું કે ટેકનિકલ બાબતોનું બહાનું કાઢીને કેનેડિયન સરકાર એ હકીકતને યોગ્ય ઠેરવી શકતી નથી કે તે પજવણી અને ધાકધમકી આપી રહી છે. અમારા રાજદ્વારી અને કોન્સ્યુલર કર્મચારીઓ પહેલેથી જ ઉગ્રવાદ અને હિંસાના વાતાવરણમાં કામ કરી રહ્યા છે. કેનેડિયન સરકારની આ કાર્યવાહી સંબંધોને વધુ ખરાબ કરે છે અને સ્થાપિત રાજદ્વારી ધોરણો અને પ્રથાઓ સાથે અસંગત છે.

# એક સર્વે થવો જોઈએ, ત્યાં ભગવાન શંકરની સ્થાપના કરો

| નવી દિલ્હી, તા.૨૯ |

બાબા બાગેશ્વરની હિન્દુ એકતા પદયાત્રાનો આજે ૮મો દિવસ છે. તે દરમ્યાન પંડિત ધીરેન્દ્ર શાસ્ત્રીએ આજે અજમેરના ખ્વાજા સાહેબની દરગાહ મુદ્દે અવાજ ઉઠાવ્યો હતો. તેમણે કહ્યું કે ત્યાં રૂદ્રાભિષેક કરવો જોઈએ, સર્વે કરવો જોઈએ અને ત્યાં ભગવાન શંકરની સ્થાપના કરવી જોઈએ.જે મંદિરો હતા તે મસ્જિદમાં પરિવર્તિત થયા હતા, હવે તે મંદિરો તરીકે પાછા આવી રહ્યા છે. જે મંદિરો મુગલ અકબર બાબર દ્વારા તોડવામાં આવ્યા હતા તે મસ્જિદમાં ફેરવાઈ ગયા હતા અને હવે તે ફરી પાછા આવી રહ્યા છે. કોર્ટે અજમેરમાં ખ્વાજા સાહેબની દરગાહ પર આ દાવાની સુનાવણી કરવાનું કહ્યું છે. ત્યાં રૂદ્રાભિષેક કરવો જોઈએ, સર્વે કરવો જોઈએ અને ત્યાં ભગવાન શંકરની સ્થાપના કરવી જોઈએ.

# પીએમનું ધ્યાન મોંઘવારી ઘટાડવા પર નહીં, તેને ઓછી બતાવવા પર છે : કોંગ્રેસ

| (એજન્સી) નવી દિલ્હી, તા.૨૯ |

વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું સંપૂર્ણ ધ્યાન મોંઘવારી ઘટાડવા પર નહીં પરંતુ મોંઘવારીના આંકડા નીચાં દર્શાવવા પર છે તેવો આક્ષેપ કરતાં કોંગ્રેસે જણાવ્યું હતું કે, જે સરકાર પ્રચાર અને આંકડામાં ઘાલમેલ કરતી હોય તેવી સરકાર પાસેથી લોકોના કલ્યાણની અપેક્ષા ના રાખી શકાય.કોંગ્રેસના મહાસચિવ જયરામ રમેશે જણાવ્યું હતું કે, દેશે મોદી નિર્મિત ફુગાવાના દસ વર્ષ નિહાળ્યાં છે. જેની રચના સરકારની નબળી નીતિઓને કારણે થઈ હતી. વડાપ્રધાનનું સંપૂર્ણ ધ્યાન મોંઘવારી ઘટાડવા પર નહીં પરંતુ તેના આંકડા નીચા દર્શાવવા પર કેન્દ્રીત છે. ફુગાવો નિયંત્રણમાં હોવાનું દર્શાવવા માટે સરકાર હવે છૂટક અને જથ્થાબંધ ફુગાવાના આંકડામાં પણ ઘાલમેલ કરી રહી છે. જોકે વાસ્તવિકતા એ છે કે સામાન્ય માણસ સતત ભાવ વધારાની સમસ્યાથી પીડાઈ રહ્યો છે.

# રશિયાએ યુક્રેન પર આશરે ૧૮૮ મિસાઇલો-ડ્રોન છોડ્યા

| (એજન્સી) કિવ, તા.૨૯ |

રશિયાએ ૧૮૮ મિસાઈલ અને ડ્રોન વડે યુક્રેનના એનર્જી ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર હુમલો કર્યો છે. યુક્રેનના ઊર્જા મંત્રીએ જણાવ્યું છે કે હુમલાના કારણે દેશના લગભગ તમામ ઊર્જા સ્રોતો ઠપ્પ થઈ ગયા છે. યુક્રેનમાં લગભગ ૧૦ લાખ લોકોને શૂન્ય ડિગ્રી તાપમાનમાં વીજળી વિના રાત પસાર કરવી પડી હતી. જો કે રશિયાએ હજુ સુધી આ અંગે કોઈ નિવેદન આપ્યું નથી.યુક્રેનના ઊર્જા મંત્રી હરમન હલુશેન્કોનું કહેવું છે કે યુક્રેનમાં એનર્જી ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર હુમલા થઈ રહ્યા છે, જેના કારણે નેશનલ પાવર ગ્રીડના ઓપરેટરે ઈમરજન્સી પાવર કટ શરૂ કરી દીધો છે. કિવ, ઓડેસા, ડીનીપ્રો અને ડનિત્સ્કમાં વીજળી પુરવઠામાં મુશ્કેલી છે. રશિયાએ ફેબ્રુઆરી ૨૦૨૨ થી યુક્રેનના ઊર્જા માળખા પર ઘણી વખત હુમલો કર્યો છે.

# ભારત સાથે સીમા સમજૂતીના અમલમાં શ્રેષ્ઠ પ્રગતિ : ચીની સૈન્ય

| (એજન્સી) બેઇજિંગ, તા.૨૯ |

ભારત અને ચીનના સંરક્ષણ પ્રધાનોની તાજેતરની બેઠકને હકારાત્મક અને રચનાત્મક ગણાવીને ચીની મિલિટરીએ જણાવ્યું હતું કે પૂર્વ લદ્દાખમાં સીમા વિવાદના ઉકેલ માટે ભારત સાથેની સમજૂતીના અમલમાં શ્રેષ્ઠ પ્રગતિ થઈ છે. સંરક્ષણ મંત્રાલયના પ્રવક્તા સીનિયર કર્નલ વુ ક્વિઆને બેઈજિંગમાં માસિક મીડિયા બ્રીફિંગમાં જણાવ્યું હતું કે અમે ચાઈનીઝ ડ્રેગન અને ઈન્ડિયન એલિફન્ટ વચ્ચે સુમેળભર્યા પગલાંની આશા રાખીએ છીએ. સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ અને તેમના ચીની સમકક્ષ એડમિરલ ડોંગ જુન વચ્ચે ગયા સપ્તાહે લાઓસની રાજધાની વિએન્ટિયનમાં સકારાત્મક અને રચનાત્મક બેઠક યોજાઈ હતી. પૂર્વી લદ્દાખમાં મિલિટરી મડાગાંઠને સમાપ્ત કરવા માટે બંને દેશો વચ્ચે ગયા મહિને થયેલા કરારના અમલ પરની પ્રગતિ અંગેના પ્રશ્નનો જવાબ આપતાં તેમણે જણાવ્યું હતું કે બંને પક્ષો બંને દેશો વચ્ચે થયેલી સમજૂતીનો અમલ કરી રહ્યા છે.

## શહેર શિક્ષણાધિકારી પહેલી ડિસેમ્બરે 'વાલી સાથે વાર્તાલાપ' કાર્યક્રમ યોજાશે



। (માહિતી બ્યુરો) અમદાવાદ, તા.૨૯ ।

અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા વાલી સાથે વાર્તાલાપ નામનો કાર્યક્રમ યોજવાનું નક્કી કર્યુ છે. ૧ ડિસેમ્બરના રોજ લાઈવ વેબિનારના માધ્યમથી આચાર્ય, શિક્ષકો અને વાલીઓ સાથે કિશોરના જીવનમાં માતા-પિતા અને શિક્ષકની ભૂમિકા વિષય પર વાર્તાલાપ કરવામાં આવશે. આ સાથે સારથી પ્રોજેક્ટની ટીમ દ્વારા વિવિધ મુંઝવણોનો ઉકેલ પણ લાવવાનો પ્રયાસ કરવામાં આવશે. વેબિનારના માધ્યમથી આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં શાળાઓ જોડાય તે માટે સૂચના પણ આપવામાં આવી છે. પ્રાપ્ત માહિતી અનુસાર, અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારી કચેરીના સારથી પ્રોજેક્ટ અંતર્ગત ૨૦૦ શાળાના ૪૦૦થી વધુ સારથી શિક્ષકોને માર્ગદર્શન આપવામાં આવ્યું છે. સમયાંતરે સારથી પ્રોજેક્ટ ટીમ દ્વારા વિવિધ પ્રકારના સ્થળ મીટિંગ, ઓનલાઈન વેબિનાર દ્વારા શાળા પરિવારને વિવિધ પ્રકારની મુશ્કેલીઓ બાબતે પથદર્શિત કરવામાં આવે છે. આ જ રીતે ૧ ડિસેમ્બર, રવિવારના રોજ સવારે ૧૧થી ૧૨ વાગ્યા દરમિયાન ઓનલાઈન વાર્તાલાપનું આયોજન કરવામાં આવ્યું હોવાનું જાણવા મળે છે. અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારી રોહિત ચૌધરીના અધ્યક્ષસ્થાને 'વાલી સાથે વાર્તાલાપ' નામનો કાર્યક્રમ યોજવામાં આવશે, જેમાં આચાર્યો, શિક્ષકો અને વાલીઓ સાથે કિશોરના જીવનમાં માતા-પિતા અને શિક્ષકની ભૂમિકા મહત્વ પર વર્તાલાપ કરશે. આ તકે સારથી પ્રોજકેટની વિવિધ વિષયની તજજ્ઞ ટીમ પણ વિવિધ મુંઝવણો ઉકેલ અર્થે માર્ગદર્શિત કરશે. વિશેષમાં, જિલ્લા શિક્ષણાધિકારી કચેરી દ્વારા સમસ્યા નિવારણ હેતુ સારથી હેલ્પલાઈન વોટ્સએપ નંબરથી ૨૪/૭ સેવા વિષે પણ અવગત કરવામાં આવશે. ૧ ડિસેમ્બરના રોજ લાઈવ વેબિનારના માધ્યમથી આચાર્ય, શિક્ષકો અને વાલીઓ સાથે કિશોરના જીવનમાં માતા-પિતા અને શિક્ષકની ભૂમિકા વિષય પર વાર્તાલાપ કરવામાં આવશે. આ સાથે સારથી પ્રોજેક્ટની ટીમ દ્વારા વિવિધ મુંઝવણોનો ઉકેલ પણ લાવવાનો પ્રયાસ કરવામાં આવશે. વેબિનારના માધ્યમથી આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં શાળાઓ જોડાય તે માટે સૂચના પણ આપવામાં આવી છે. પ્રાપ્ત માહિતી અનુસાર, અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારી કચેરીના સારથી પ્રોજેક્ટ અંતર્ગત ૨૦૦ શાળાના ૪૦૦થી વધુ સારથી શિક્ષકોને માર્ગદર્શન આપવામાં આવ્યું છે. સમયાંતરે સારથી પ્રોજેક્ટ ટીમ દ્વારા વિવિધ પ્રકારના સ્થળ મીટિંગ, ઓનલાઈન વેબિનાર દ્વારા શાળા પરિવારને વિવિધ પ્રકારની મુશ્કેલીઓ બાબતે પથદર્શિત કરવામાં આવે છે. આ જ રીતે ૧ ડિસેમ્બર, રવિવારના રોજ સવારે ૧૧થી ૧૨ વાગ્યા દરમિયાન ઓનલાઈન વાર્તાલાપનું આયોજન કરવામાં આવ્યું હોવાનું જાણવા મળે છે. અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારી રોહિત ચૌધરીના અધ્યક્ષસ્થાને 'વાલી સાથે વાર્તાલાપ' નામનો કાર્યક્રમ યોજવામાં આવશે, જેમાં આચાર્યો, શિક્ષકો અને વાલીઓ સાથે કિશોરના જીવનમાં માતા-પિતા અને શિક્ષકની ભૂમિકા મહત્વ પર વર્તાલાપ કરશે. આ તકે સારથી પ્રોજકેટની વિવિધ વિષયની તજજ્ઞ ટીમ પણ વિવિધ મુંઝવણો ઉકેલ અર્થે માર્ગદર્શિત કરશે. વિશેષમાં, જિલ્લા શિક્ષણાધિકારી કચેરી દ્વારા સમસ્યા નિવારણ હેતુ સારથી હેલ્પલાઈન વોટ્સએપ નંબરથી ૨૪/૭ સેવા વિષે પણ અવગત કરવામાં આવશે. 'વાલી સાથે વાર્તાલાપ' નામનો કાર્યક્રમ યોજવામાં આવશે, જેમાં આચાર્યો, શિક્ષકો અને વાલીઓ સાથે કિશોરના જીવનમાં માતા-પિતા અને શિક્ષકની ભૂમિકા મહત્વ પર વર્તાલાપ કરશે. આ તકે સારથી પ્રોજકેટની વિવિધ વિષયની તજજ્ઞ ટીમ પણ વિવિધ મુંઝવણો ઉકેલ અર્થે માર્ગદર્શિત કરશે. વિશેષમાં, જિલ્લા શિક્ષણાધિકારી કચેરી દ્વારા સમસ્યા નિવારણ હેતુ સારથી હેલ્પલાઈન વોટ્સએપ નંબરથી ૨૪/૭ સેવા વિષે પણ અવગત કરવામાં આવશે.

### ગઠિયાએ નવા પ્રોજેક્ટ માટે મેનેજર પાસેથી રૂપિયા ટ્રાન્સફર કરાવી લીધા

# મેનેજર પર માલિકના વોટ્સએપ ડીપીવાળા નંબર પરથી કોલ આવ્યો ને ૧.૯૮ કરોડ ગયા

। (એજન્સી) અમદાવાદ, તા.૨૯ ।

શહેરની એક કંપનીના મેનેજર પર અજાણ્યા નંબર પરથી વોટસએપ મેસેજ આવ્યો. જેના ડીપી પર કંપનીના માલિકનો ફોટો હતો. ગઠિયાએ મેનેજરને માલિકના નામે મેસેજ કરતાં પોતાનો નંબર એડ કરી લેવાનો આદેશ આવ્યો અને કંપનીના એક ડીલ માટે તાત્કાલિક ૧.૯૮ કરોડ ટ્રાન્સફર કરવાનો આદેશ આપતાં મેનેજરે રૂપિયા ટ્રાન્સફર કરી દીધા અને ગઠિયાએ ફોન બંધ કરી દીધો. આ બાબતે સાયબર ક્રાઈમ બ્રાંચમાં ફરિયાદ નોંધાતાં પોલીસે તપાસ શરૂ કરી છે.પ્રેરણાતીર્થ દેરાસર નજીક રત્નાકર બ્લુ મોન્ડમાં રહેતા મનિષ ધીરજ કંસારા શહેરની વેલ્થ ફર્સ્ટ પોર્ટફોલિયો મેનેજરર્સ લિ. કંપનીમાં ફાઈનાન્સિયલ મેનેજર તરીકે કામ કરે છે. કંપનીના માલિક આશિષ નવનીતલાલ શાહ છે. ફાઈનાન્સને લગતી બાબતોની સીધી ચર્ચા આશિષ શાહ મનિષ કંસારા સાથે કરતા હોય છે. ગત મંગળવારે મોડી સાંજે મનિષ કંસારાના વોટ્સએપ પણ એક અજાણ્યા નંબર પરથી મેસેજ આવ્યો હતો. જેના ડીપી પર આશિષ શાહનો ફોટો હતો.




**મનિષ કંસારાએ બેલેન્સ ૧૦ કરોડ રૂપિયા હોવાની માહિતી આપતા તરત જ ચેટ પર મેસેજ કરવામાં આવ્યો કે નવા પ્રોજેક્ટ માટે એડવાન્સ પેમેન્ટ ચૂકવવાનું છે**

મેસેજમાં એવી સૂચના આપવામાં આવી હતી કે આ મારો કામ કાજ માટેનો નંબર છે માટે સેવ કરી લો.મનિષ કંસારાએ આ નંબર આશિષ શાહના નામથી સેવ કરી લીધો. ત્યારબાદ થોડી ચેટ કરવામાં આવી. કથિત આશિષ શાહના નંબર પરથી મેસેજ આવ્યો કે ઓફિસમાં છો હકારાત્મક જવાબ મળતાં બેંક બેલેન્સ ચેક કરી જણાવવાનું કહેવામાં આવ્યું.મનિષ કંસારાએ બેલેન્સ ૧૦ કરોડ રૂપિયા હોવાની માહિતી આપી. તરત જ ચેટ પર મેસેજ કરવામાં આવ્યો કે નવા પ્રોજેક્ટ માટે એડવાન્સ પેમેન્ટ ચૂકવવાનું છે. તાત્કાલીક એક એકાઉન્ટ નંબરમાં રૂપિયા ૧.૯૮ કરોડ ટ્રાન્સફર કરવાની સૂચના અપાઈ. માલિકનો આદેશ માનીને મનિષે તરત જ ૧.૯૮ કરોડ ટ્રાન્સફર કરી દીધા. ત્યારબાદ તેણે અજુગતું લાગતાં આશિષ શાહને ફોન કરીને આ બાબતે પૂછતાં તેમણે આવો કોઈ જ મેસેજ નહીં આપ્યો હોવાનું જણાવ્યું હતું. તરત જ સાયબર ક્રાઈમ બ્રાંચમાં ફરિયાદ કરવામાં આવતાં પોલીસે વધુ તપાસ આદરી છે. જેના ડીપી પર આશિષ શાહનો ફોટો હતો. મેસેજમાં એવી સૂચના આપવામાં આવી હતી કે આ મારો કામ કાજ માટેનો નંબર છે માટે સેવ કરી લો. મનિષ કંસારાએ આ નંબર આશિષ શાહના નામથી સેવ કરી લીધો. ત્યારબાદ થોડી ચેટ કરવામાં આવી. કથિત આશિષ શાહના નંબર પરથી મેસેજ આવ્યો કે ઓફિસમાં છો હકારાત્મક જવાબ મળતાં બેંક બેલેન્સ ચેક કરી જણાવવાનું કહેવામાં આવ્યું.મનિષ કંસારાએ બેલેન્સ ૧૦ કરોડ રૂપિયા હોવાની માહિતી આપી. તરત જ ચેટ પર મેસેજ કરવામાં આવ્યો કે નવા પ્રોજેક્ટ માટે એડવાન્સ પેમેન્ટ ચૂકવવાનું છે. તાત્કાલીક એક એકાઉન્ટ નંબરમાં રૂપિયા ૧.૯૮ કરોડ ટ્રાન્સફર કરવાની સૂચના અપાઈ. માલિકનો આદેશ માનીને મનિષે તરત જ ૧.૯૮ કરોડ ટ્રાન્સફર કરી દીધા. ત્યારબાદ તેણે અજુગતું લાગતાં આશિષ શાહને ફોન કરીને આ બાબતે પૂછતાં તેમણે આવો કોઈ જ મેસેજ નહીં આપ્યો હોવાનું જણાવ્યું હતું. તરત જ સાયબર ક્રાઈમ બ્રાંચમાં ફરિયાદ કરવામાં આવતાં પોલીસે વધુ તપાસ આદરી છે.

# ડિજિટલ અરેસ્ટ કેસમાં ૫ આરોપીઓની ધરપકડ

। (માહિતી બ્યુરો) અમદાવાદ, તા. ૨૯ ।

અમદાવાદના સિનિયર સિટીઝનને ડિજિટલ એરેસ્ટ કરી ૧.૧૫ કરોડ રૂપિયા પડાવવાના કેસમાં અમદાવાદ સાયબર ક્રાઈમ બ્રાંચને મોટી સફળતા મળી છે. પોલીસે આ કૌભાંડમાં સંડોવાયેલા ડીસા યસ બેંકના ત્રણ અધિકારી સહિત પાંચ લોકોને ઝડપી લીધા છે. જેમા આશ્ચર્યજનક વાત એ છે કે આ આરોપીઓ પૈકી ૨ આરોપીઓ તો બેક્નના કર્મચારી હોવાનું સામે આવ્યું છે.

ડિજિટલ એરેસ્ટ ક્રાઈમને અંજામ આપતા ગેંગના વ્યક્તિઓ, બેંક ખાતા ખોલવામાં મદદ કરનાર યસ બેક્નના કર્મચારીઓ તમામને અમદાવાદ સાયબર ક્રાઈમ દ્વારા પકડી પાડવામાં આવ્યા છે. અમદાવાદ સાયબર ક્રાઈમને બેંકમાં ખાતું ખોલવામાં પૈસા ટ્રાન્સફર કરવામાં મદદગારી કરનારા પાંચ આરોપીઓને પકડવામાં સફળતા મળી છે. આ આરોપીઓના નામ જીગર જોષી,જતિન ચોખાવાલા, દિપક ઉર્ફે દિપુ સોની, માવજીભાઇ પટેલ, અનીલકુમાર ઉર્ફે ભુટા મંડા છે. આ ગેંગે તેમની બેદરકારીનો ફાયદો ઉઠાવીને ૧.૧૫ કરોડ રૂપિયા હડપ કરી લીધા હતા. આ ગેંગ બેંક એકાઉન્ટના નાણા બેંકમાંથી વિડ્રો કરવામાં તેમજ ગુનાહીત પ્રવુતી કરવા માટે વપરાયેલ બેંક ખાતુ કોઈ પણ જાતના એડ્રેસ પ્રુફ લીધા વગર ખોલી આપવાનું કામ કરતી હતી. આ ગેંગે તેમની બેદરકારીનો ફાયદો ઉઠાવીને ૧.૧૫ કરોડ રૂપિયા હડપ કરી લીધા હતા. આ ગેંગ બેંક એકાઉન્ટના નાણા બેંકમાંથી વિડ્રો કરવામાં તેમજ ગુનાહીત પ્રવુતી કરવા માટે વપરાયેલ બેંક ખાતુ કોઈ પણ જાતના એડ્રેસ પ્રુફ લીધા વગર ખોલી આપવાનું કામ કરતી હતી. સુરતના એક ૯૦ વર્ષના સિનિયર સિટીઝન ડિજિટલ એરેસ્ટનો ભોગ બન્યા હતા. ૯૦ વર્ષના સિનિયર સિટીઝનને સાયબર ફ્રોડ આચરનારા ઈસમોએ ફોન કરીને પોતે CBI, ED, તેમજ મુંબઈ પોલીસના અધિકારી બોલતા હોવાની ખોટી ઓળખ આપીને વૃદ્ધે મુંબઈથી ચાઈના મોકલેલ કુરિયર પાર્સલમાંથી ૪૦૦ ગ્રામ ડ્રગ્સ તેમજ અન્ય વસ્તુ મળતા મનીલોન્ડ્રિંગનો કેસ થયો હોવાનું જણાવ્યું હતું. ડ્રગ્સ મંગાવ્યાનુ કહીને ગઠિયાઓ અનેક લોકો સાથે ઠગાઈ કરી ડીઝીટલ એરેસ્ટ કરતા. એટલુંજ નહિ કોર્ટમાંથી અરેસ્ટ વોરંટ નીકળ્યો હોવાનું ફોન પર ડરાવી કે પછીવિડીયો કોલ કરી ડિજિટલ અરેસ્ટ કરીને પૈસા પડાવતા હતા. આ ગેંગ બેક્ન ખાતામાં આવેલ ફ્રોડ એકાઉન્ટ અન્ય સેવીંગ ખાતામાં ટ્રાન્સફર કરાવી રોકડ કરવામાં મદદગારી કરી બદલામાં ૧૦ ટકા કમિશન પણ લેતી હતી. સુરતના એક ૯૦ વર્ષના સિનિયર સિટીઝન ડિજિટલ એરેસ્ટનો ભોગ બન્યા હતા. ૯૦ વર્ષના સિનિયર સિટીઝનને સાયબર ફ્રોડ આચરનારા ઈસમોએ ફોન કરીને પોતે CBI, ED, તેમજ મુંબઈ પોલીસના અધિકારી બોલતા હોવાની ખોટી ઓળખ આપીને વૃદ્ધે મુંબઈથી ચાઈના મોકલેલ કુરિયર પાર્સલમાંથી ૪૦૦ ગ્રામ ડ્રગ્સ તેમજ અન્ય વસ્તુ મળતા મનીલોન્ડ્રિંગનો કેસ થયો હોવાનું જણાવ્યું હતું. ડ્રગ્સ મંગાવ્યાનુ કહીને ગઠિયાઓ અનેક લોકો સાથે ઠગાઈ કરી ડીઝીટલ એરેસ્ટ કરતા. એટલુંજ નહિ કોર્ટમાંથી અરેસ્ટ વોરંટ નીકળ્યો હોવાનું ફોન પર ડરાવી કે પછીવિડીયો કોલ કરી ડિજિટલ અરેસ્ટ કરીને પૈસા પડાવતા હતા. આ ગેંગ બેક્ન ખાતામાં આવેલ ફ્રોડ એકાઉન્ટ અન્ય સેવીંગ ખાતામાં ટ્રાન્સફર કરાવી રોકડ કરવામાં મદદગારી કરી બદલામાં ૧૦ ટકા કમિશન પણ લેતી હતી.

## આણંદ-તારાપુર હાઇવે પર ભયાનક અકસ્માત, ત્રણના કરુણ મોત

**ટ્રક અને લક્ઝરી બસ વચ્ચે અકસ્માત ,આ અકસ્માત એટલો ભયંકર હતો કે લક્ઝરી બસ પણ પલટી ગઈ હતી**



। (એજન્સી) આણંદ,તા.૨૯ ।

તારાપુર-ધર્મજ હાઈવે પર ટ્રક અને લક્ઝરી બસ વચ્ચે અકસ્માતમાં ત્રણ લોકોના મોત થયા હતા અને ૧૫ થી વધુ લોકો ઘાયલ થયા હતા. આજે (૨૮ નવેમ્બર) આણંદ જિલ્લાના પેટલાદ નજીક તારાપુર-ધર્મજ હાઈવે પર ટ્રક અને લક્ઝરી બસ વચ્ચે અકસ્માતમાં ત્રણ લોકોના મોત થયા હતા અને ૧૫ થી વધુ લોકો ઘાયલ થયા હતા. ઓવરટેકિંગના કારણે અકસ્માત સર્જાયો હોવાની પ્રાથમિક માહિતી મળી રહી છે. મૃતકોની ઓળખ ધ્રુવ રૂડાણી, મનસુખભાઈ કોરાટ અને કલ્પેશ જીયાણી તરીકે થઈ છે, જેમાં એક ભરુચ અને બે રાજકોટના રહેવાસી છે આ અંગે મળતી માહિતી અનુસાર, રાજકોટથી સુરત જઈ રહેલી લક્ઝરી બસ નંબર **(MP 45-ZF-7295)** સવારે આણંદ જિલ્લાના પેટલાદ નજીક તારાપુર-ધર્મજ હાઈવે પર વડલા પાટિયા નજીકથી પસાર થઈ રહી હતી. દરમિયાન આ લક્ઝરી બસનો ચાલક આગળ જઈ રહેલી ટ્રક નંબર **(GJ-04-X- 6246)**ને ઓવરટેક કરવા જઈ રહ્યો હતો ત્યારે લક્ઝરી બસ આ ટ્રકના પાછળના ભાગે અથડાઈ હતી. આ અકસ્માતમાં લક્ઝરી બસમાં સવાર ૩ મુસાફરોને ગંભીર ઈજાઓ થતાં ઘટનાસ્થળે જ મોત નીપજ્યા હતા. જ્યારે અન્ય ૧૫ થી વધુ મુસાફરોને નાની-મોટી ઈજાઓ પહોંચી હતી. આ અકસ્માત એટલો ભયંકર હતો કે લક્ઝરી બસ પણ પલટી ગઈ હતી. તારાપુર-ધર્મજ હાઈવે પર ટ્રક અને લક્ઝરી બસ વચ્ચે અકસ્માતમાં ત્રણ લોકોના મોત થયા હતા અને ૧૫ થી વધુ લોકો ઘાયલ થયા હતા. આજે (૨૮ નવેમ્બર) આણંદ જિલ્લાના પેટલાદ નજીક તારાપુર-ધર્મજ હાઈવે પર ટ્રક અને લક્ઝરી બસ વચ્ચે અકસ્માતમાં ત્રણ લોકોના મોત થયા હતા અને ૧૫ થી વધુ લોકો ઘાયલ થયા હતા. ઓવરટેકિંગના કારણે અકસ્માત સર્જાયો હોવાની પ્રાથમિક માહિતી મળી રહી છે. મૃતકોની ઓળખ ધ્રુવ રૂડાણી, મનસુખભાઈ કોરાટ અને કલ્પેશ જીયાણી તરીકે થઈ છે, જેમાં એક ભરુચ અને બે રાજકોટના રહેવાસી છે ઘટનાને પગલે એમ્બ્યુલન્સ ઉપરાંત હાઈવે પેટ્રોલિંગ અને પેટલાદ રૂરલ પોલીસની ટીમ તરત જ સ્થળ પર પહોંચી હતી અને ઘાયલોને હોસ્પિટલ ખસેડ્યા હતા. બીજી બાજુ ત્રણેય મૃતદેહોને પી.એમ અર્થે પેટલાદ સિવિલ હોસ્પિટલમાં મોકલી આપ્યા છે.

મૃતકોના નામ

ધ્રુવ ભીમજીભાઇ રૂડાણી

મનસુખભાઈ રૂડાભાઈ કોરાટ

કલ્પેશભાઇ વેલજીભાઇ જિયાણી

### વર્ષ ૨૦૨૦માં રામોલના યુવકની નિર્દય રીતે હત્યા કરાઈ હતી

# ભાણી સાથે ભાગી જનારા યુવકની હત્યા કરનારા મામાને આજીવન કેદ

। અમદાવાદ, તા.૨૯ ।

વર્ષ ૨૦૨૦માં ભાણી સાથે ભાગી જનારા યુવકને મામાએ શોધી કાઢીને પાવડાના સંખ્યાબંધ ઘા ઝીંકી તેની નિર્દય રીતે હત્યા કરી હતી. આ કેસમાં સેશન્સ કોર્ટે આરોપીને આજીવન કેદની સજા ફટકારી છે. આ સાથે જ કોર્ટે નોંધ્યું હતું કે, આરોપીએ ૨૦ જેટલા ઘા મારી યુવકની હત્યા કરી છે, આરોપી સામે હત્યાનો ગુનો નિઃશંકપણે પુરવાર થાય છે, આખોય કેસ ગંભીર પ્રકારનો છે, ત્યારે આવા કેસમાં આરોપીને સજા કરવી ન્યાયોચિત જણાય છે. શહેરના રામોલ વિસ્તારમાં ફૈયાઝ અબ્દુલલતીફ અંસારી પોતાનું કારખાનું ધરાવે છે. તેમના કારખાનામાં ૨૦ વર્ષિય સલમાન શકીલઅહેમદ પઠાણ(રહે.અમેઠી, ઉત્તર પ્રદેશ) નોકરી કરતો હતો. આ દરમિયાન સલમાનને તેના જ વિસ્તારમાં સગીરા સાથે પ્રેમ થઈ ગયો હતો. બીજી તરફ ૧૬ માર્ચ ૨૦૨૦ના રોજ સગીરા પોતાના ઘરેથી નીકળી ગઈ હતી. જેથી સગીરાના મામા અબ્દુલરઝાક અબ્દુલખાલીદ શેખ તેને શોધવા માટે સલમાનના કારખાને ગયા હતા, પરંતુ તે મળી આવ્યો નહોતો. ત્યારબાદ સલમાનને ફોન કરતા તેનો ફોન પણ બંધ આવતો હતો.



**વર્ષ ૨૦૨૦માં ભાણી સાથે ભાગી જનારા યુવકને મામાએ શોધી કાઢીને પાવડાના સંખ્યાબંધ ઘા ઝીંકી તેની નિર્દય રીતે હત્યા કરી હતી**

જો કે, ૧૭મી માર્ચ ૨૦૨૦ના રોજ સગીરા સલમાન સાથે આરટીઓ પાસેથી મળી આવી હતી. ત્યારે મામાએ સગીરાને ઘરે મોકલી દીધી હતી. ત્યારબાદ સલમાનને પાવડાથી મારવાનું શરૂ કર્યુ હતું. જેથી ગંભીર હાલતમાં સલમાનને હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. જ્યાં સારવાર દરમિયાન તેનું મોત નિપજ્યું હતું. આ મામલે રામોલ પોલીસે હત્યાનો ગુનો નોંધી અબ્દુલરઝાક અબ્દુલખાલીદ શેખને ઝડપી લઈ ચાર્જશીટ કરી હતી. આ કેસ પહેલાં સરકારી વકીલ મિનલ ભટ્ટ અને પછી એચ. આર. શાહે ચલાવ્યો હતો. સરકારી વકીલે દલીલ કરી હતી કે, આરોપી સામેનો ગુનો પુરવાર થાય છે, ગંભીર પ્રકારનો કેસ છે, આરોપીને સાક્ષીઓએ ઓળખી બતાવ્યો છે, ત્યારે આરોપીને સખ્તમાં સખ્ત સજા કરવી જોઈએ. આવી રજૂઆત બાદ કોર્ટે આરોપીને આજીવન કેદની સજા ફટકારી છે. તેમના કારખાનામાં ૨૦ વર્ષિય સલમાન શકીલઅહેમદ પાઠાણ(રહે.અમેઠી, ઉત્તર પ્રદેશ) નોકરી કરતો હતો. આ દરમિયાન સલમાનને તેના જ વિસ્તારમાં સગીરા સાથે પ્રેમ થઈ ગયો હતો. બીજી તરફ ૧૬ માર્ચ ૨૦૨૦ના રોજ સગીરા પોતાના ઘરેથી નીકળી ગઈ હતી. જેથી સગીરાના મામા અબ્દુલરઝાક અબ્દુલખાલીદ શેખ તેને શોધવા માટે સલમાનના કારખાને ગયા હતા, પરંતુ તે મળી આવ્યો નહોતો. ત્યારબાદ સલમાનને ફોન કરતા તેનો ફોન પણ બંધ આવતો હતો. જો કે, ૧૭મી માર્ચ ૨૦૨૦ના રોજ સગીરા સલમાન સાથે આરટીઓ પાસેથી મળી આવી હતી. ત્યારે મામાએ સગીરાને ઘરે મોકલી દીધી હતી. ત્યારબાદ સલમાનને પાવડાથી મારવાનું શરૂ કર્યુ હતું. જેથી ગંભીર હાલતમાં સલમાનને હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. જ્યાં સારવાર દરમિયાન તેનું મોત નિપજ્યું હતું. આ મામલે રામોલ પોલીસે હત્યાનો ગુનો નોંધી અબ્દુલરઝાક અબ્દુલખાલીદ શેખને ઝડપી લઈ ચાર્જશીટ કરી હતી.આ કેસ પહેલાં સરકારી વકીલ મિનલ ભટ્ટ અને પછી એચ. આર. શાહે ચલાવ્યો હતો. પરંતુ તે મળી આવ્યો નહોતો. ત્યારબાદ સલમાનને ફોન કરતા તેનો ફોન પણ બંધ આવતો હતો. જો કે, ૧૭મી માર્ચ ૨૦૨૦ના રોજ સગીરા સલમાન સાથે આરટીઓ પાસેથી મળી આવી હતી. ત્યારે મામાએ સગીરાને ઘરે મોકલી દીધી હતી. ત્યારબાદ સલમાનને પાવડાથી મારવાનું શરૂ કર્યુ હતું. જેથી ગંભીર હાલતમાં સલમાનને હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. જ્યાં સારવાર દરમિયાન તેનું મોત નિપજ્યું હતું. આ મામલે રામોલ પોલીસે હત્યાનો ગુનો નોંધી અબ્દુલરઝાક અબ્દુલખાલીદ શેખને ઝડપી લઈ ચાર્જશીટ કરી હતી.આ કેસ પહેલાં સરકારી વકીલ મિનલ ભટ્ટ અને પછી એચ. આર. શાહે ચલાવ્યો હતો. સરકારી વકીલે દલીલ કરી હતી કે, આરોપી સામેનો ગુનો પુરવાર થાય છે, ગંભીર પ્રકારનો કેસ છે, આરોપીને સાક્ષીઓએ ઓળખી બતાવ્યો છે, ત્યારે આરોપીને સખ્તમાં સખ્ત સજા કરવી જોઈએ. આવી રજૂઆત બાદ કોર્ટે આરોપીને આજીવન કેદની સજા ફટકારી છે.

## મોરબીમાં લાંચ લેતા રેવન્યુ તલાટી ઝડપાયો

। (એજન્સી) મોરબી,તા.૨૯ ।

મોરબીમાં લાંચ લેતા રેવન્યુ તલાટી ACBની જાળમાં ફસાયો હતો. આ કેસની વિગત મુજબ ફરીયાદી વકિલ હોવાથી રેવન્યુને લગતુ કામ કરતા હતા. ફરીયાદીના અસીલના નામનું ખેડુત ખાતેદાર પ્રમાણપત્ર મેળવવા પ્રાંત અધિકારી મોરબીને અરજી કરેલ જે અરજીમાં મોરબીના વોર્ડ નંબર-૩ ના રેવન્યુ તલાટી જયદીપસિંહ કિશોરસિંહ જાડેજાએ ખેડુત ખાતેદારનું પ્રમાણપત્ર આપવા માટે ફરીયાદી પાસેથી રૂ. ૪૦૦૦/- ની લાંચની માંગણી કરેલ .

જે ગેરકાયદેસર લાંચના નાણાં ફરિયાદી આપવા માંગતા ના હોય, ફરીયાદીએ મોરબી એ.સી.બી. નો સંપર્ક કરી ફરીયાદ આપી હતી. ફરિયાદીની ફરિયાદ આધારે છઝ્રમ્એ મોરબી વેજીટેબલ રોડ, સિટી મામલતદાર કચેરી પાસે વજેપર તલાટી મંત્રીની ઓફિસમાં ગોઠવેલ લાંચના છટકા દરમ્યાન રેવન્યુ તલાટીફરિયાદી પાસેથી ગેર કાયદેસર લાંચની રકમ રૂ.૪૦૦૦/- સ્વીકારી સ્થળ ઉપરથી પકડાઇ ગયો હતો. જે ગેરકાયદેસર લાંચના નાણાં ફરિયાદી આપવા માંગતા ના હોય, ફરીયાદીએ મોરબી એ.સી.બી. નો સંપર્ક કરી ફરીયાદ આપી હતી. ફરિયાદીની ફરિયાદ આધારે છઝ્રમ્એ મોરબી વેજીટેબલ રોડ, સિટી મામલતદાર કચેરી પાસે વજેપર તલાટી મંત્રીની ઓફિસમાં ગોઠવેલ લાંચના છટકા દરમ્યાન રેવન્યુ તલાટીફરિયાદી પાસેથી ગેર કાયદેસર લાંચની રકમ રૂ.૪૦૦૦/- સ્વીકારી સ્થળ ઉપરથી પકડાઇ ગયો હતો.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઇડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨








નવી દિલ્હીમાં રંગ ભવન ખાતે રાજ્યસભાના ઉપાધ્યક્ષ હરિવંશ આકાશવાણી ડો. રાજેન્દ્ર પ્રસાદ મેમોરિયલ લેક્ચર ૨૦૨૪ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા.

### નાગાલેન્ડના કિફિરેમાં ૩.૮ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો

# અફઘાનિસ્તાનમાં આવ્યો ૫.૮ની તીવ્રતાનો ભૂકંપ, જમ્મુ સુધી ધરા ધ્રૂજી

**। (એજન્સી) જમ્મુ, તા.૨૯ ।**

ગુરૂવારે બપોરે જમ્મુ કાશ્મીરના કેટલાક ભાગોમાં હળવો ભૂકંપ અનુભવાયો હતો. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજીએ જણાવ્યું કે, અફઘાનિસ્તાનમાં ૫.૮ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો. હિમાલયના વિવિધ ભાગોમાં સાંજે લગભગ ૪:૧૯ વાગ્યે હળવો આંચકો અનુભવાયો હતો. યુએસ જિયોલોજિકલ સર્વે અનુસાર, ભૂકંપનું કેન્દ્ર અફઘાનિસ્તાન અને તાજિકિસ્તાન સરહદી વિસ્તાર હતો. આ પહેલા આજે સવારે ૭.૨૨ કલાકે નાગાલેન્ડના કિફિરેમાં ૩.૮ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. આ પહેલા સોમવારે સવારે ત્રિપુરાના ઉત્તરી જિલ્લાના દામચેરા વિસ્તારમાં ૩.૬ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો, જેની પુષ્ટિ નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજી (NCS) દ્વારા કરવામાં



આવી હતી. ભૂકંપ સવારે ૩:૫૬ વાગ્યે ૧૦ કિલોમીટરની ઊંડાઈએ આવ્યો હતો, તેનું કેન્દ્રબિંદુ ૨૪.૨૦ ડિગ્રી ઉત્તર અક્ષાંશ અને ૯૨.૨૭ ડિગ્રી પૂર્વ રેખાંશ પર હતું. આસામ અને મિઝોરમ સાથે ત્રિપુરાની આંતર-રાજ્ય સરહદ નજીક સ્થિત દામચેરામાં હળવા આંચકા અનુભવાયા હતા, પરંતુ હજી સુધી કોઈ નુકસાન અથવા જાનહાનિના અહેવાલ નથી.

## વક્ફ બિલથી મુસ્લિમોના અધિકારો પર હુમલો થશેઃ કેન્દ્રના વિરોધમાં ઉતર્યા મમતા બેનરજી



**। (એજન્સી) કોલકાતા, તા.૨૯ ।**

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજી (West Bengal CM Mamata Banerjee)એ કેન્દ્ર સરકાર દ્વારા સંસદમાં રજુ કરાયેલા વક્ફ બિલનો વિરોધ કર્યો છે. તેમણે બિલને બિનસાંપ્રદાયિકતા વિરોધી ગણાવી કહ્યું છે કે, વક્ફ બિલથી મુસ્લિમોના અધિકારો છિનવાશે. તેમણે આક્ષેપ કર્યો છે કે, કેન્દ્ર સરકારે રાજ્યો સાથે ચર્ચા-વિચારણા કર્યા વગર આ બિલ રજૂ કર્યું છે. આ બિલ સંઘીય માળખું અને બિનસાંપ્રદાયિકતાના સિદ્ધાંતોથી વિપરીત છે. મમતા બેનરજીએ કહ્યું કે, 'આ બિલ એક ખાસ વર્ગને જાણીજોઈને બદનામ કરવાનો પ્રયાસ છે. તેના કારણે મુસ્લિમોના ધાર્મિક અને સામાજિક અધિકારો પર હુમલો થશે. કેન્દ્ર સરકારે આ બિલ મુદ્દે અમારી સાથે કોઈપણ ચર્ચા-વિચારણા કરી નથી. જો કોઈ ધર્મ પર હુમલો થશે તો હું તેનો સંપૂર્ણ વિરોધ અને નિંદા કરીશ.' વિરોધ પક્ષોએ આ બિલની કડક શબ્દોમાં ટીકા કરી છે. વિપક્ષોનું કહેવું છે કે, વક્ફ અધિનિયમમાં કરાયેલું સંશોધનથી મુસ્લિમોના ધાર્મિક અધિકારોનું ઉલ્લંઘન થયું છે અને આ બિલ બિનસાંપ્રદાયિકતા વિરોધી હોવાનું મનાય છે. બીજીતરફ સત્તાધારી ભાજપે બિલનું સમર્થન કરી કહ્યું છે કે, 'આ બિલના કારણે વક્ફ બોર્ડના કામકાજમાં પારદર્શિતા આવશે અને વક્ફ સંપત્તિઓનું શ્રેષ્ઠ સંચાલન કરવા માટે જવાબદારી સુનિશ્ચિત થઈ શકશે. કેન્દ્ર સરકારે વિવાદાસ્પદ વક્ફ બિલની તપાસ કરવા માટે એક સંસદીય સમિતિની રચના કરી છે. સંસદના શિયાળુ સત્રના પ્રથમ અઠવાડિયાના છેલ્લા દિવસે સંયુક્ત સંસદીય સમિતિ (JPC) એ વક્ફ બિલ અંગે તેનો રિપોર્ટ રજૂ કરવાનો હતો. શિયાળુ સત્રના એજન્ડામાં પણ આ મુદ્દો સામેલ હતો. જોકે જેપીસીમાં સામેલ વિપક્ષના સાંસદો કાર્યકાળ આગળ વધારવાની માગ કરી રહ્યા હતા. આ સમિતિનું નેતૃત્વ કરનારા ભાજપના સાંસદ જગદંબિકા પાલે દાવો કર્યો હતો કે, તેમનો રિપોર્ટ તૈયાર છે. જોકે જેપીસીનો રિપોર્ટ ગૃહમાં રજૂ થાય તેના એક દિવસ પહેલા જ જેપીસીનો કાર્યકાળ વધારવાનો પ્રસ્તાવ મંજૂર કરી લેવામાં આવ્યો છે. જેપીસી પ્રમુખ પાલે વધુ સમયની માગ કરતા કાર્યકાળ વધારવા સંબંધિત પ્રસ્તાવ લોકસભામાં રજૂ કર્યો હતો જેને પસાર કરી દેવામાં આવ્યો હતો. આ નિર્ણય બાદ વક્ફ બિલ આગામી બજેટ સત્ર ૨૦૨૫ના છેલ્લા દિવસે પોતાનો રિપોર્ટ ગૃહમાં રજૂ કરશે. વક્ફ (સુધારા) બિલ એ ૨૦૨૪ માં રજૂ કરાયેલ એક કાયદાકીય દરખાસ્ત છે, જેનો ઉદ્દેશ્ય વક્ફ બોર્ડની કામગીરીમાં સુધારા અને પારદર્શિતા લાવવાનો છે. વક્ફ બોર્ડ, જે ભારતીય મુસ્લિમ સમુદાયની ધાર્મિક મિલકતોનું સંચાલન કરે છે. આ બિલ દ્વારા તેમાં કેટલાક સુધારા પ્રસ્તાવિત કરવામાં આવ્યા છે.




વારાણસીમાં કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણ ૧૩મી રાષ્ટ્રીય બીજ કોંગ્રેસના ઉદ્દ્ઘાટનમાં વર્ચ્યુઅલ રીતે ઉપસ્થિત રહ્યા.

### અજમેર દરગાહ મુદ્દે બાબા બાગેશ્વરનું નિવેદન

# એક સર્વે થવો જ જોઈએ, ત્યાં ભગવાન શંકરની સ્થાપના કરો

### બાંગ્લાદેશના કિસ્સામાં બાબા બાગેશ્વરએ જણાવ્યું કે અહીંના મુસ્લિમોએ ત્યાંના મુસ્લિમોને સારી રીતે અપીલ કરવી જોઈએ

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૯ ।**

બાબા બાગેશ્વરની હિન્દુ એકતા પદયાત્રાનો આજે ૮મો દિવસ છે. તે દરમ્યાન પંડિત ધીરેન્દ્ર શાસ્ત્રીએ આજે અજમેરના ખ્વાજા સાહેબની દરગાહ મુદ્દે અવાજ ઉઠાવ્યો હતો. તેમણે કહ્યું કે ત્યાં રૂદ્રાભિષેક કરવો જોઈએ, સર્વે કરવો જોઈએ અને ત્યાં ભગવાન શંકરની સ્થાપના કરવી જોઈએ. જે મંદિરો હતા તે મસ્જિદમાં પરિવર્તિત થયા હતા, હવે તે મંદિરો તરીકે પાછા આવી રહ્યા છે. જે મંદિરો મુગલ અકબર બાબર દ્વારા તોડવામાં આવ્યા હતા તે મસ્જિદમાં ફેરવાઈ ગયા હતા અને હવે તે ફરી પાછા આવી રહ્યા છે. કોર્ટે અજમેરમાં ખ્વાજા સાહેબની દરગાહ પર આ દાવાની સુનાવણી કરવાનું કહ્યું છે. ત્યાં રૂદ્રાભિષેક કરવો જોઈએ, સર્વે કરવો જોઈએ અને ત્યાં ભગવાન શંકરની સ્થાપના કરવી જોઈએ. સંભલમાં



મહિલાઓને પથ્થર ફેંકવા અંગેના બાબાએ જણાવ્યું કે મહિલાઓને ઢાલ બનાવવામાં આવી છે, તેની પાછળ એક મોટું ષડયંત્ર છે, કોઈ વિદેશી શક્તિ છે, આ બધું પ્રાયોજિત રીતે કરવામાં આવ્યું છે, કાયદાનો ડર બતાવવા માટે, એકતા બતાવવા માટે. બાંગ્લાદેશના કિસ્સામાં બાબાએ જણાવ્યું કે અહીંના મુસ્લિમોએ ત્યાંના મુસ્લિમોને સારી રીતે અપીલ કરવી જોઈએ કે ભારતમાં મસ્જિદો પર પ્રતિબંધ નથી, તેથી બાંગ્લાદેશમાં પણ મંદિરો પર પ્રતિબંધ ન લગાવવો જોઈએ.

### ફુગાવાને નિયંત્રણમાં દર્શાવવા આંકડામાં ઘાલમેલ કરાઈ રહી હોવાનો આક્ષેપ

# પીએમનું ધ્યાન મોંઘવારી ઘટાડવા પર નહીં, તેને ઓછી બતાવવા પર છેઃ કોંગ્રેસ

### કોંગ્રેસના મહાસચિવ જયરામ રમેશે જણાવ્યું હતું કે, દેશે નરેન્દ્ર મોદી નિર્મિત ફુગાવાના દસ વર્ષ નિહાળ્યાં છે

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૯ ।**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું સંપૂર્ણ ધ્યાન મોંઘવારી ઘટાડવા પર નહીં પરંતુ મોંઘવારીના આંકડા નીચાં દર્શાવવા પર છે તેવો આક્ષેપ કરતાં કોંગ્રેસે જણાવ્યું હતું કે, જે સરકાર પ્રચાર અને આંકડામાં ઘાલમેલ કરતી હોય તેવી સરકાર પાસેથી લોકોના કલ્યાણની અપેક્ષા ના રાખી શકાય કોંગ્રેસના મહાસચિવ જયરામ રમેશે જણાવ્યું હતું કે, દેશે મોદી નિર્મિત ફુગાવાના દસ વર્ષ નિહાળ્યાં છે. જેની રચના સરકારની નબળી નીતિઓને કારણે થઈ હતી. વડાપ્રધાનનું સંપૂર્ણ ધ્યાન મોંઘવારી ઘટાડવા પર નહીં પરંતુ તેના આંકડા નીચા દર્શાવવા પર કેન્દ્રીત છે. ફુગાવો નિયંત્રણમાં હોવાનું દર્શાવવા માટે સરકાર હવે છૂટક અને જથ્થાબંધ ફુગાવાના આંકડામાં પણ ઘાલમેલ કરી રહી છે. જોકે વાસ્તવિકતા એ છે કે સામાન્ય માણસ સતત ભાવ વધારાની



સમસ્યાથી પીડાઈ રહ્યો છે.અનાજ, ઈંધણ અને રોજિંદા ઉપયોગની વસ્તુઓમાં સતત ભાવ વધારો થઈ રહ્યો છે જેને કારણે નોકરીયાત અને મધ્યમ વર્ગના પરિવારો પર આર્થિક ભારણ વધી રહ્યું છે. વૈશ્વિક બજારમાં ક્રૂડ ઓઈલના ભાવમાં ઘટાડો થયો હોવા છતાં ભારતમાં પેટ્રોલ અને ડીઝલના ભાવ ઊંચા રહેવા પામ્યાં છે. ખાદ્યાન્નનો ફુગાવો એ વધુ એક ચિંતાનો વિષય છે જે એકંદર ફુગાવાના ઉંચા સ્તરને દર્શાવે છે. તેમણે દાવો કર્યો હતો કે, ફુગાવાની વાસ્તવિક અસરો છુપાવવા માટે હવે સરકાર છૂટક ફુગાવામાં ખાવા અને પીવાની વસ્તુઓનો ભારાંક ઘટાડવાની તૈયારી કરી રહી છે.

## ચિન્મય પ્રભુની ધરપકડ બાદ ઈસ્કોન મંદિર બંધ કરાવ્યું



**। (એજન્સી) ઢાકા, તા.૨૯ ।**

બાંગ્લાદેશમાં શેખ હસીના વડાંપ્રધાનપદેથી રાજીનામું આપીને ભારત ભાગી ગયા બાદ હિન્દુઓ સતત અત્યાચાર થઈ રહ્યા છે. દેશમાં સરકાર બદલાયા બાદ હિન્દુ સમાજને સતત ટાર્ગેટ કરવામાં આવી રહ્યા છે. હસીનાએ દેશ છોડતાં જ ત્યાં હિન્દુ સમાજ અને ધાર્મિક સ્થળો પર સતત હુમલાઓ થતા હોવાના અહેવાલો સામે આવી રહ્યા છે. હવે ત્યાં ઈસ્કોન મંદિરને બંધ કરાવવાની ઘટના બની છે. તાજેતરમાં જ ત્યાં ચટગાંવ ઈસ્કોન પુંડરીક ધામના અધ્યક્ષ ચિન્મય કૃષ્ણન દાસ (ચિન્મય પ્રભુ)ની ધરપકડ કરવામાં આવી હતી, જેના કારણે માત્ર તેમના દેશમાં જ નહીં, ભારત અને અમેરિકામાં પણ લોકોમાં રોષ ફેલાયો છે. હવે બાંગ્લાદેશમાં હિન્દુ વિરોધી વધુ એક હરકત કરી હોવાના અહેવાલો સામે આવ્યા છે. તાજેતરમાં એવી ઘટના બની છે કે, બાંગ્લાદેશના સ્થાનિક લોકોએ હિન્દુ સમાજની આસ્થાને ઠેસ પહોંચાડી ઈસ્કોનના શિબચરમાં આવેલા કેન્દ્રને બંધ કરાવી દીધું છે. મળતા અહેવાલો મુજબ મુસ્લિમ સમાજના કેટલાક લોકો શિબચર સ્થિત ઈસ્કોનના કેન્દ્રને બંધ કરાવવા આવ્યા હતા. આ દરમિયાન અનેક શ્રદ્ધાળુઓ પણ ત્યાં હાજર હતા. આ દરમિયાન બાંગ્લાદેશી સેનાએ પણ હિન્દુ વિરોધી કૃત્ય કર્યું છે. સેનાએ શ્રદ્ધાળુઓ સાથે બળજબરી કરી છે અને તેઓને પોતાના વાહનમાં ભરીને ત્યાંથી કાઢ્યા છે. ઈસ્કોન કોલકાતાના ઉપાધ્યક્ષ અને પ્રવક્તા રાધારમણ દાસે બાંગ્લાદેશમાં ઈસ્કોન બંધ કરાવવાની ઘટનાનો વીડિયો પોસ્ટ કર્યો છે. તેમણે પોસ્ટમાં લખ્યું છે કે, 'બાંગ્લાદેશમાં મુસ્લિમ સમાજના લોકોએ શિબચરમાં આવી ઈસ્કોન નમહટ્ટા કેન્દ્રને બળજબરીથી બંધ કરાવ્યું છે. ઘટના વખતે સેના ત્યાં આવી હતી અને ઈસ્કોનમાં હાજર શ્રદ્ધાળુઓને એક વાહનમાં ભરીને લઈ ગઈ.'

## ISRO મિશન પ્રોબા-૦૩નું ઐતિહાસિક લોન્ચિંગ કરશે



**। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૯ ।**

ચોથી ડિસેમ્બર-૨૦૨૪ના રોજ ભારતીય સમય અનુસાર સાંજે ૪ વાગ્યાને ૮ મિનિટે યુરોપિયન સ્પેસ એજન્સી(ESA)ના ઉપગ્રહ પ્રોબા-૦૩ (Proba-03)ને લોન્ચ કરવામાં આવશે. આ લોન્ચિંગ ભારતીય અવકાશ સંશોધન સંસ્થા - ISRO (ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન) ના PSLV-XL રોકેટથી કરવામાં આવશે. આ મિશનના ઉદ્દેશ્ય છે સૂર્યના કોરોનાનો અભ્યાસ કરવો, અને એકસાથે અનેક ઉપગ્રહો લોન્ચ કરવાની નવી ટેક્નોલોજીનું પ્રદર્શન કરવું. સૂર્યની આસપાસ ખૂબ જ ઝાંખું પરંતુ ખૂબ મોટું સ્તર છે, જે નરી આંખે જોવાનું શક્ય નથી. પ્રોબા-૦૩ પૃથ્વીની આસપાસ ૬૦૦ ઠ ૬૦,૫૦૦ કિલોમીટરની લંબગોળ ભ્રમણકક્ષામાં ફરશે અને સૂર્યની આસપાસના વાતાવરણનો અભ્યાસ કરીને એ સ્તરને સમજવામાં મદદ કરશે. સૂર્યની સપાટી પાસે બે પ્રકારના કોરોના હોય છેઃ હાઈ કોરોના અને લો કોરોના... બંનેનો અભ્યાસ અનેક ઉપગ્રહો દ્વારા કરવામાં આવી રહ્યો છે. પરંતુ, એ બે કોરોના વચ્ચે જે ગેપ (જગ્યા) છે, એનો અભ્યાસ કરવો મુશ્કેલ છે. પ્રોબા-૦૩ એ કામ કરશે. આ ઉપગ્રહમાં સ્થાપિત ASPICS ઈન્સ્ટ્રૂમેન્ટને કારણે એ ગેપનો અભ્યાસ સરળ બનશે. આ ઉપરાંત પ્રોબા-૦૩ સૌર પવનો અને કોરોનલ માસ ઈજેક્શનનો પણ અભ્યાસ કરશે. પ્રોબા-૦૩ના કારણે વૈજ્ઞાનિકો અવકાશના હવામાનનો અભ્યાસ પણ કરી શકશે, જેથી આપણી પૃથ્વી પર તેની શું અસર થાય છે, એ જાણવા મળશે. આ ઉપગ્રહના બે ભાગ છે. પહેલું છે ઓક્યુલેટર અને બીજું છે કોરોનાગ્રાફ સ્પેસક્રાફ્ટ.

### પદભ્રષ્ટ કરાયેલાં વડાંપ્રધાને ઈસ્કોનના મહંતની ધરપકડના પગલાની ટીકા કરી

# બાંગ્લાદેશ સરકાર ચિન્મય પ્રભુને તાત્કાલિક મુક્ત કરેઃ પદભ્રષ્ટ વડાપ્રધાન શેખ હસીના

**જસ્ટિસ મેહબુબે જણાવ્યું હતું કે હાલની સ્થિતિમાં હાઇકોર્ટની દરમિયાનગીરીની જરૂર નથી, સરકાર યોગ્ય પગલા લઇ રહી છે**

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૯ ।**

બાંગ્લાદેશના પદભ્રષ્ટ વડાપ્રધાન શેખ હસીનાએ બાંગ્લાદેશમાં હિન્દુઓની સ્થિતિ અંગે ચિંતા વ્યક્ત કરી છે. ઈસ્કોનના મહંત ચિન્મય પ્રભુની ધરપકડની નિંદા કરતા શેખ હસીનાએ કહ્યું છે કે આ ખૂબ જ અન્યાયી કૃત્ય છે. વચગાળાની સરકારે તેમને તાત્કાલિક મુક્ત કરવા જોઈએ. આ સાથે શેખ હસીનાએ બાંગ્લાદેશમાં ચાલી રહેલા માનવાધિકાર ઉલ્લંઘનને લઈને પણ પોતાના વિચારો વ્યક્ત કર્યા છે. તેમણે કહ્યું છે કે ચટ્ટોગ્રામમાં વકીલની હત્યામાં સંડોવાયેલા તમામ લોકોને પકડીને સખત સજા આપવી જોઈએ.



બાંગ્લાદેશની વર્તમાન વચગાળાની સરકારની કાર્યક્ષમતા પર સવાલ ઉઠાવતા શેખ હસીનાએ કહ્યું હતું કે ગેરબંધારણીય રીતે સત્તા કબજે કરનાર વચગાળાની સરકાર તમામ મોરચે નિષ્ફળ નીવડી રહી છે. તે ન તો રોજિંદા ઉપયોગની વસ્તુઓની કિંમતોને નિયંત્રિત કરવામાં સક્ષમ છે કે ન તો તે બાંગ્લાદેશી નાગરિકોના જીવનની સલામતી સુનિશ્ચિત કરવામાં સક્ષમ છે.બાંગ્લાદેશમાં હિન્દુ નેતા ચિન્મય કૃષ્ણ દાસની ધરપકડ બાદ વિવાદ વધુ ઘેરો બન્યો છે. જોકે ઈસ્કોન બાંગ્લાદેશે ચિન્મય કૃષ્ણ દાસથી છેડો ફાડ્યો છે. બાંગ્લાદેશમાં ઈસ્કોનના જનરલ સેક્રેટરી ચારુ ચંદ્ર દાસે કહ્યું છે કે ઈસ્કોન ચિન્મય કૃષ્ણ દાસની કોઈપણ પ્રવૃત્તિ કે નિવેદનોની જવાબદારી લેતું નથી. તેમણે ઢાકામાં એક પ્રેસ કોન્ફરન્સમાં આ વાતની જાહેરાત કરતા કહ્યું છે કે, ચિન્મય પ્રભુને હાલમાં જ હાંકી કાઢવામાં આવ્યા છે. સોમવારે ચટગાંવમાં બાંગ્લાદેશ વિરુદ્ધ ઉશ્કેરણીજનક નિવેદનો આપવા બદલ ચિન્મય કૃષ્ણ દાસની ધરપકડ કરવામાં આવી હતી અને તેમની સામે રાજદ્રોહનો કેસ નોંધવામાં આવ્યો હતો. ઉલ્લેખનીય છે કે તેમની ધરપકડ બાંગ્લાદેશમાં તેમની સામે વ્યાપક વિરોધ વ્યાપી ગયો હતો અને ઈસ્કોન પર પ્રતિબંધ લગાવવાની માંગ પણ તેજ થઈ ગઈ હતી. ઈસ્કોન પર પ્રતિબંધ મૂકવા માટે બાંગ્લાદેશ હાઈકોર્ટમાં પણ અરજી દાખલ કરવામાં આવી હતી. બીજી બાજુ બાંગ્લાદેશ હાઈકોર્ટે દેશમાં ઈસ્કોનની પ્રવૃત્તિઓ પર પ્રતિબંધ મૂકવાની માંગ કરતી અરજીને ગુરુવારે નકારી કાઢી હતી. સુરક્ષા કર્મચારીઓ અને હિન્દુ નેતાના સમર્થકો વચ્ચેની અથડામણમાં એક વકીલ માર્યા ગયાના બે દિવસો પછી કોર્ટે આ ચુકાદો આપ્યો છે.

## તંત્રી લેખ...

# હિંદુ અને અન્ય અલ્પસંખ્યક કટ્ટરવાદીઓના નિશાના પર

ભારતે ગત દિવસોમાં ઢાકામાં હિંદુ સમુદાયના નેતા અને ઈસ્કોના પ્રવક્તા ચિન્મય કૃષ્ણ દાસની એક મનઘડંત આરોપમાં ધરપકડ પર બાંગ્લાદેશ સમક્ષ વાંધો અને ચિંતા વ્યક્ત કરી તે યોગ્ય જ કર્યું, પરંતુ તેનાથી બાંગ્લાદેશની કટ્ટર સરકારને ફરક પડશે તેમાં શંકા છે. કારણ કે ભારતની ચિંતાના જવાબમાં બાંગ્લાદેશે ચિન્મય કૃષ્ણ દાસની ધરપકડને પોતાની આંતરિક બાબત ગણાવી દીધી. બાંગ્લાદેશને એની પરવાનગી ન આપી શકાય કે તે હિંદુઓની સતામણી પ્રત્યે આંખો મીંચી રાખે અને જો તેના વલણ પર સવાલ ઊઠે તો તેને તે પોતાની આંતરિક બાબત ગણાવી દે. અલ્પસંખ્યકોની વારે-તહેવારે સતામણી કોઈ દેશની આંતરિક બાબત ન હોઈ શકે. એ કોઈથી છૂપું નથી કે બાંગ્લાદેશમતાં શેખ હસીના સરકારના તખ્તાપલટ બાદથી કઈ રીતે હિંદુ અને અન્ય અલ્પસંખ્યક કટ્ટરવાદીઓના નિશાના પર છે. તેમને માત્ર આતંકિત જ નથી કરાતા, પરંતુ તેમનાં ધાર્મિક સ્થળો, વ્યાવસાયિક ઠેકાણાં પર એ ઈરાદાથી હુમલા કરાઈ રહ્યા છે કે તે પોતાનાં ઘરબાર છોડીને ભાગી જશે. એનાથી પણ ગંભીર વાત એ છે કે હિંદુઓ અને અન્ય અલ્પસંખ્યકોને નિશાનો બનાવનારા લોકો પર ક્યાંય કોઈ કાર્યવાહી નથી થઈ રહી. ઉપરથી એ કટ્ટરપંથીઓ અને જેહાદી તત્ત્વોને પોષિત કરવામાં આવે છે, જે હિંદુઓની સતામણી કરે છે. નોબેલ પુરસ્કાર વિજેતા મોહંમદ યુનુસના નેતૃત્વવાળી વચગાળાની સરકારે તમામ કટ્ટરપંથીઓ અને ત્યાં સુધી કે જેહાદીઓને પણ જેલમાંથી છોડી મૂક્યા છે. તેણે એવા કેટલાય અતિવાદી સંગઠનોને પણ રાહત આપી છે, જેના પર શેખ હસીના સરકારે પ્રતિબંધ લગાવી દીધો હતો. સૌથી ખતરનાક બાબત એ છે કે વચગાળાની સરકારનો મુખ્ય સલાહકાર કહેવાતો મોહંમદ યુનુસ હિંદુઓ પર અગણિત હુમલાને બાંગ્લાદેશ વિરુદ્ધ આધારહીન દુષ્પ્રચાર ગણાવી રહ્યો છે. આ ત્યારે છે, જ્યારે કેટલાય દેશોના નેતા હિંદુઓ પર હુમલાને લઈને ચિંતા વ્યક્ત કરી ચૂક્યા છે. એમાં ડોનાલ્ડ ટ્રમ્પ પણ છે. મોહંમદ યુનુસ ના તો વહેલી ચૂંટણી કરાવવામાં રસ ધરાવે છે કે ના એ સ્પષ્ટ કરી શકે છે કે તે કોની સરકારનો મુખ્ય સલાહકાર છે? એ માનવાનાં ઘણાં કારણો છે કે બાંગ્લાદેશી સેના તેનો ઉપયોગ પોતાના પિઠ્ઠુ તરીકે કરી રહી છે અને યુનુસ પણ તેની કઠપૂતળી બનવા તૈયાર છે. બાંગ્લાદેશ પોતાના વધ્યાઘટ્યા સેક્યુલર રૂપને નકારીને જે રીતે પાકિસ્તાનની જેમ કટ્ટર ઈસ્લામી દેશ બનતું જાય છે, તે ભારત માટે ગંભીર ચિંતાનો વિષય હોવો જોઈએ. ત્યાં ઈસ્લામી કટ્ટરતા વધવાનો મતલબ છે હિંદુઓનું ઉત્પીડન વધવું અને તેમના પલાયનની નોબત આવશે.

## સર્જરીઓ કરાવી સરકારના કરોડો રૂપિયા ઉલેચતી ડોક્ટર : દેવ કે દાનવ..?

ખ્યાતિ હોસ્પિટલની કુખ્યાતી રાજ્યભરમાં થઈ રહી છે. જગતનો સૌથી ઉદાત્ત વ્યવસાય એટલે ડોક્ટરનો વ્યવસાય, કેમ કે ડોક્ટર માનવને નવું જીવન આપી શકે છે અસાધ્ય રોગોથી પણ બચાવી શકે છે. દુનિયાના સૌથી નોબલ પ્રોફેશન એવા દાક્તરી વ્યવસાય સાથે સંકળાયેલા લોકો ભ્રષ્ટાચાર કરશે તો સમાજ જ નહીં બચે. ખ્યાતિ હોસ્પિટલના ડોક્ટરોએ જે હૃદયરોગના દર્દી જ ન હતા તેમને માત્રને માત્ર પીએમજેવાય યોજના અંતર્ગત મળતા લાખો રૂપિયાની રોકડી કરવાના દુષ્ટ આશયથી સ્ટેન્ટ મૂકી એન્જીયોપ્લાસ્ટી કરી નાખી! પરિણામે કેટલાક સાજા-સારા દર્દીઓ જે દર્દી જ ન હતા, તેમનું મૃત્યુ થઈ ગયું. આખી ઘટના છાપે ચડી એટલે આરોગ્ય વિભાગ દોડતો થઈ ગયો, કેમ કે સમગ્ર કૌભાંડ આટલા વર્ષોતી કોઈકની રહેમ નજર નીચે જ ચાલી રહ્યું હોય! શંકાની સોય અનેકની સામે તકાઈ રહી છે, પરંતુ આવા અનેક જાનલેવા કૌભાંડોની જેમ મોટા મગરમચ્છો છટકી જશે અને નાની માછલીઓને જાળમાં ફસાવી સિફતથી ભીનું સંકેલાઈ જશે! ખ્યાતિ હોસ્પિટલ ફ્રી મેડિકલ ચેકઅપ કેમ્પના બહાને જે દર્દીઓ પાસે વડાપ્રધાન જન આરોગ્ય યોજનાનાં કાર્ડ હોય તેમને અલગ તારવી યેનકેન પ્રકારે અનેક પ્રકારની સર્જરીઓ કરાવી સરકારના કરોડો રૂપિયા ઉલેચતી હતી. આમાં શું ઉપર બેઠેલા આકાઓનો હાથ નહીં હોય? બધે જ હાથ પહોંચતા જ હશે, આ તો છીંડે ચડ્યો એ ચોર એ ન્યાયે જે હાથ આવ્યો તેના ઉપર બધું ઢોળી ખરેખર જેણે આ કૌભાંડોમાં પરોક્ષ રહી કરોડો ખાધા છે તે છટકી જશે. આવી તો અનેક કુખ્યાત હોસ્પિટલો દર્દીઓના જીવન સાથે જાનલેવા ખેલ ખેલી રહી છે. અત્યારે ઉપર-ઉપરથી ખાનગી હોસ્પિટલોનું ચેકિંગ કરવાના ખેલ ચાલી રહ્યા છે. પરંતુ આવા માલેતુજાર ડોક્ટરોની કોની સાથે ઉઠબેસ છે એ તપાસો તો જ સાચી ખબર પડે કે આ બધા કૌભાંડોના મુખ્ય સૂત્રધારો કોણ છે. મેડિકલનો અભ્યાસક્રમ લાંબો અને ખર્ચાળ છે. પરિણામે ડોક્ટરની ડિગ્રી લેતી વખતે લેવાતી પ્રતિજ્ઞા ડોક્ટર ભૂલી જાય છે. કેમ કે એના એથિક્સ જો પાળે તો કમાણી ક્યાંથી કરી શકે? મોટાભાગના ડોક્ટરો પોતાના દર્દીઓ સાથે આંખ મિલાવીને સભ્યતાપૂર્વક ઝાઝી વાત નથી કરતા. પોતાનું કામ ઝટપટ પતાવી તરત દવા લખી આપવામાં લાગી જાય છે અને એ જ દવા લખી આપે છે જે જાયન્ટ ફાર્માસ્યૂટિકલ કંપનીએ લખી આપવા માટે તગડું કમિશન આપ્યું હોય! ડોક્ટરો દર્દી પાસે નિદાન કરવાની ઊંચી ફી વસૂલે એ તો સમજ્યા, પરંતુ જે-તે ફાર્મા કંપનીના સેલ્સમેને આપેલી દવાઓ લખી કંપનીનું ટર્નઓવર વધારી કંપની તરફથી હરામની મોટરગાડી લેવાનો કોઈ અધિકાર નથી. હવે તો દરેક મોટી હોસ્પિટલની અંદર જ મેડિકલ સ્ટોર હોય છે, જે તેના સગાં જ સંભાળતા હોય છે. જે-તે ડોક્ટરે પ્રિસ્ક્રાઈબ કરેલી દવા નક્કી કરેલા મેડિકલ સ્ટોરમાં જ ઉપલબ્ધ હો છે. અરે, સામાન્ય દવાખાનું ધરાવતા ડોક્ટરોના પણ ખાસ મેડિકલ સ્ટોર હોય છે. જ્યાંથી તેની લખેલી દવા મળી રહે અને તેના માટે દર મહિને ડોક્ટરોને તગડું કમિશન પણ મળતું રહેતું હોય છે. ડોક્ટરોને તો દેવદૂત માનવામાં આવે છે, જ્યારે અત્યારના ડોક્ટરો દાનવથી પણ ગયા-ગુજર્યા છે. જોકે રણમાં મીઠી વીરડી જેવા કેટલાક ડોક્ટરો પણ છે, પરંતુ એમની સંખ્યા આંગળીના વેઢે ગણાય તેટલીજ હશે! આજકાલ જ્યાં જુઓ ત્યાં બ્રેઈનસ્ટ્રોક, કાર્ડિયાક અરેસ્ટ, કેન્સર એવા જ કોઈ કારણોસર થતા મૃત્યુના સમાચાર સંભળાયછે. ૨૧મી સદીની સૌથી મોટી કોઈ શોધ હોય તો તે માનવજાતનું અજ્ઞાન છે. આ અજ્ઞાનના પાયા ઉપર જ જ્ઞાનનો જબરદસ્ત વેપાર ફૂલ્યોફાલ્યો છે. દર્દી પોતાના આરોગ્ય વિશે અજ્ઞાત છે તેના આ અજ્ઞાનનો જ્ઞાની ડોક્ટરો લાભ લે છે. કહેવાય છે કે દર્દીનો ભય અને ડોક્ટરોનો વૈભવ ભેગા દોડે છે. મેડિકલ ક્ષેત્રે બહુ ઊંચું નામ ધરાવતા આર્થર બ્લૂમફીલ્ડે બહુ સરસ વાત કરી હતી કે રોગ કરતાં તેની દવાથી લોકો વધુ મરે છે. તેમણે તો ત્યાં સુધી કહેલું કે ઈસીજી મશીન એ તો એટમબોમ્બ કરતાં પણ વધુ હાનિકારક છે!

### આધ્યાત્મજગતમાં પાંચ પ્રકારના શહીદો હોય છે તલગાજરડી દષ્ટિ પાંચ પ્રકારની હોય છે અને પાંચ એનો અનુસાર રામચરિત માનસમાં મળે છે

# પારિવારિક, સામાજિક, રાષ્ટ્રીય, વૈશ્વિક, અને બ્રહ્માંડીય, એમ પાંચ પ્રકારના શહીદ હોય છે



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**તમે તમારા પરિવાર ને બચાવવા માટે જ્યારે કુરબાની આપતા હો ખાલી મરી જવું એમ નહીં પણ બધું છોડીને તમે જતું કરીને આખા પરિવારને બચાવવા માટે જે કરો છો ત્યારે એ પારિવારિક શહીદી છે, બીજું આખા સમાજ માટે પોતે હકદાર હોય છતાં એનો અધિકાર બધું જ સમાજના કલ્યાણ માટે જેણે જતું કરીને કુરબાની આપી હોય એ સામાજિક શહીદી છે ત્રીજું આખર રાષ્ટ્ર માટે જાણે શહીદી આપી હોય જે આપણી આ કથાના કેન્દ્રમાં છે.**

૨ ડિસેમ્બરથી ૧૦ ડિસેમ્બર ૨૦૧૭માં ગુજરાતનાં સુરત ખાતે માનસ શહીદની કથાનો આરંભ થયો હતો! ઘણા બધા સત્કાર્ય માટે કથાઓ થઈ, પરંતુ દેશની રક્ષા કરતાં શહીદ થયેલા વીર જવાનોનાં પરિવાર સેવાની ફરજ બજાવવા આ કથા છે. આમ તો આ સમગ્ર રાષ્ટ્રનું દાયિત્વ છે, અને ઘણી ધાર્મિક સંસ્થા સહિત બધાં જ આગળ આવ્યા છે, મારી વ્યાસપીઠ પણ પાંચ લાખ તુલસીપત્ર રૂપે મુકી આ સેવા યજ્ઞની શરૂઆત કરે છે. કથાના આરંભે સૌરમંડળમાં નિરંતર ઘૂમતી આપણી પ્યારી પૃથ્વીને પ્રણામ કર્યા અને સમગ્ર વૈશ્વિક રૂપે બધાને પ્રણામ કરી સૂર્યપુત્રી ભગવતી તાપી અને સૂર્યપુત્ર કર્ણ જે આ ભૂમિ સાથે જોડાયેલા વ્યક્તિત્વ છે એને પણ પ્રણામ કર્યા. સુરત જેવું કોઈ દાન આપનાર શહેર મેં જોયું નથી, એના હીરા ઘસુવાર કરો એ પોતપોતાનાં એક દિવસની બધી રકમ આ યજ્ઞમાં આપી હીરાના માલિકોએ જેટલી રકમ વર્કરોએ આપી એટલે જ રૂપિયા દાનમાં આપ્યા ! મુખ્ય વાત ભાવનાની છે. વિશ્વમાં સૌથી શ્રેષ્ઠ ગણાતી આર્મીઓમાં આપણી આર્મી છે, એમ કહી સૈન્યની સરહાના કરી. કારગિલ યુદ્ધ વખતે ગૃહ મંત્રી તરીકે અડવાણી સાહેબ હતાં એમને પોતે ત્યાં એક મહિનો ટેન્ટમાં રહીને જવાનો સાથે માળા કરશે, એવી માંગણી પણ કરી હતી, પણ નિયમ વિરુદ્ધ થાય એટલે મંજૂરી મળી નહીં. રામ કથા રાષ્ટ્રીય નહીં પણ બ્રહ્માંડીય છે અને આ વાત ખુદ શંકર કહે છે.

**પૂંછેઉ રઘુપતિ કથા પ્રસંગા,**
**સકલ લોક જગ પાવનિ ગંગા.**

કથાના વિષયની શરૂઆતમાં કહ્યું કે હું વિચારતો હતો કે વિષય કયો લેવો રામચરિતમાન સાથે ખાંડમાં જુદા જુદા સંદર્ભે જુદી જુદી રીતે કોણે શહીદી વોહરી છે એ પાત્રોને પગે લાગી મારે મારા દેશના શહીદો વિશે વાત કરવી છે અને તેથી આ કથા ને માનસ શહીદ નામ આપીશું. આપણા પુરાણ ગ્રંથોમાં આદિ અનાદિ અધ્યાત્મ પરંપરામાં રામચરિત માનસમાં જો કોઈ પહેલો શહીદ હોય તો એ જટાયુ છે એણે માં જાનકીની રક્ષા માટે પોતાની કુરબાની આપી હતી.માટે આ બે ચોપાઈનાં




આધારે આપણે સંવાદ કરીશું.

**કહા અંગદ વિચારી મન માહિ,**
**ધન્ય જટાયુ સમ કોઉ નાહિ.**
**રામ કાજ કારન તનુ ત્યાગી,**
**હરિ પુર ગયેઉ પરમ બડભાગી.**

આધ્યાત્મજગતમાં પાંચ પ્રકારના શહીદો હોય છે તલગાજરડી દષ્ટિ પાંચ પ્રકારની હોય છે અને પાંચ એનો અનુસાર રામચરિત માનસમાં મળે છે એક તમે તમારા પરિવાર ને બચાવવા માટે જ્યારે કુરબાની આપતા હો ખાલી મરી જવું એમ નહીં પણ બધું છોડીને તમે જતું કરીને આખા પરિવારને બચાવવા માટે જે કરો છો ત્યારે એ પારિવારિક શહીદી છે. બીજું આખા સમાજ માટે પોતે હકદાર હોય છતાં એનો અધિકાર બધું જ સમાજના કલ્યાણ માટે જેણે જતું કરીને કુરબાની આપી હોય એ સામાજિક શહીદી છે ત્રીજું આખર રાષ્ટ્ર માટે જાણે શહીદી આપી હોય જે આપણી આ કથા ના કેન્દ્રમાં છે સરહદ પર જેમણે જેમણે પુરવાર કુરબાની આપી હોય એણે રાષ્ટ્રીય શહીદી વ્હોરી. ચોથું જેણે આખા વિશ્વ માટે શહીદી આપી હોય એ વૈશ્વિક શહીદી! અને પાંચમું બ્રહ્માંડીય શહીદી! રામ કોણ છે? બ્રહ્માંડ નિકાયા નિર્મિત માયા રોમ રોમ પ્રતિવેદ કહે. રામ એટલે કે સમસ્ત બ્રહ્માંડો માટે જેમણે શહીદી આપી હોય જેમ કે જટાયુ એ પણ બ્રહ્માંડીએ શહીદી વોહરી. અને એ રીતે વ્યાસપીઠ શહીદોને પાંચ વિભાગમાં વહેંચે છે, પારિવારિક, સામાજિક, રાષ્ટ્રીય, વૈશ્વિક, નિખિલ બ્રહ્માંડીય, રામચરિત માનસને આધારે આપણે આ પાંચ વિભાગોની આધ્યાત્મિક ચર્ચા કરીશું માનસના પ્રસંગો લઈને ભારતના વીર જવાનોને શ્રદ્ધાંજલિ આપીશું. લાલ બહાદુર શાસ્ત્રી અબ્દુલ કલામ અને અટલ બિહારી બાજપાઈ ને યાદ કરીને જય જવાન જય કિસાન જય વિજ્ઞાન, ના નારા ને યાદ કર્યો અને પોતે આમાં એક સૂત્ર ઉમેરવા માંગે છે જય ઈમાન! વ્યક્તિથી લઈને વૈશ્વિક સ્તર સુધી આજે ઈમાનદારીની ક્રેસીસ છે આપણે આપણી છાતી ઉપર હાથ મૂકીને કેટલા ઈમાનદાર છીએ એ વિચારવું રહ્યું!: જય વિજ્ઞાન ની રીતે તો ગણતરી કરી પરંતુ એમાંની રીતે હજી આપણે ઘણા પાછળ છીએ, તો જાય ઈમાન એવું એક વિચાર પણ આ કથા સાથે પ્રસ્થાપિત કરીએ. કથાનો થોડો ક્રમ લઈ લઈએ, પ્રથમ દિવસે રામચરિત માનસનો મહિમા હોય છે. રામચરિત માનસના ૭૦૫ છે બાલકાંડ અયોધ્યા કાંડ અરણીયા કાંડ કે સ્કીનધાકાંડ સુંદરકાંડ લંકા કાંડ અને ઉત્તર કાંડ ગોસ્વામીજી શ્લોકમાં પણ રામચરિત માનસની રચના કરી શક્યા હોત પરંતુ ભગવાન શિવનો આદેશ થયો અથવા તો કદાચ લોક સુધી શ્લોક નહીં પહોંચે એટલે લોકની બોલીમાં રામકથા વર્ણવવી છે એવો નિર્ણય કર્યો. બાલકાંડની શરૂઆતમાં સાત મંત્રો લખ્યા વિધવાનું જેનું ભાષ્ય કરતા થાકતા નથી અને ત્યાં આપણને તુલસીના સંસ્કૃતનું બહુ જ મોટો મૂલ્ય સમજાય છે. તુલસી સુ સંસ્કૃતજ્ઞ છે પણ લોકલ માટે એમને અવધી ભાષામાં ભોજપુરી ભાષામાં કે સરળ હિન્દીમાં સમજી શકીએ એવી ભાષામાં રામકથાનું અવતરણ કર્યું.

**વર્ણાનામર્થસંઘાનાં રસાનાં**
**છન્દસમાપિ,**
**મંગલાનાં ચ કર્ત્તારૌ વન્દે**
**વાણીવિનાયકૌ,**
**ભવાનીશંકરૌ વન્દે શ્રદ્ધાવિશ્વાસ**
**રુપિણૌ,**
**યાભ્યાં વિના ન પશ્યંન્તિ સિદ્ધાઃ**
**સવાન્ત સ્થમીશ્વરમ્.**

પહેલા મંત્રમાં વાણી વિનાયકને સ્માર્યા બીજા મંત્ર માં સેવ પાર્વતી ત્રિભોવન ગુરુ ભગવાન શિવની વંદના કરી વાલ્મિકી અને હનુમાનજીની વંદના કરી જાનકીની વંદના રામભદ્રની વંદના ને વેદોમાં પુરાણોમાં શાસ્ત્રોમાં થોડું મારા ગુરુની કૃપાથી જે સમજાયું એ મેં માનસમાં લખ્યું છે રામચરિત માનસમાં લખવાનું હેતુ પ્રભાવ પાડવા માટે નથી, તુલસી કહે છે ‘‘સ્વાન્ત સુખાય તુલસી રઘુનાથ ગાથા’’ પોતાના અંતઃકરણને સુખ મળે એટલા માટે કથા નો આરંભ કર્યો અને પછી આપણા જેવા જીવોનો ઉદ્ધાર કરવાં ત્રિભુવનને પવિત્ર કરનારી કથા ગંગાનું અવતરણ કર્યું. આજનું જગત એમ કહે છે ગુરુની શું જરૂર છે પણ ગુરુની બહુ જ જરૂર છે ગુરુ ખરેખર કૃષ્ણ જેવો હોવો જોઈએ, ગુરુ આપણને સદા ભય માંથી મુક્ત કરશે મોહમાંથી મુક્ત કરશે ગુરુની ચરણ રદ થી નેત્રો પવિત્ર થાય છે. દ્રષ્ટિ પવિત્ર થયાં પછી જ સૌને વંદન કરી શકાય છે. ગુરુની કૃપા થાય એટલે આંખ નિર્માણ થાય પછી કોઈની નિંદા થતી નથી અને આખું જગત બ્રહ્મય દેખાય છે.

**સિયા રામમય સબ જગ જાની,**
**કરઉં પ્રનામ જોરી જુગ પાની.**

‘‘સર્વં ખલુ ઈદં બ્રહ્મ’’ એમ વેદાંત પણ કહે છે ‘‘વાસુદેવ સર્વમિતિ’’ આ બધું વાસુદેવના મુખમાંથી ઉત્પન્ન થયું છે અને માટે જ નરસિંહ કહે છે સકળ લોકમાં સૌને વંદે નિંદદાન કરે તેની રે.. આખું જગત જેને પ્રભુમય દેખાય જગત બ્રહ્મય જોયું બધાને પ્રણામ કર્યા અને પછી રામાયણના મહત્વનાં પાત્રોની વંદના કરી એમાં માતૃદેવો ભવઃ ના ન્યાયે તુલસીએ સૌથી પહેલા એ બંદઉં કૌશલ્યા દિસિ પ્રાચી. ત્યારબાદ મારાજ દશરથની વંદના, અન્ય રાણી ઓની વંદના કરી. રાજર્ષિ જનકની વંદના કરી સંત ભરતની વંદના લક્ષ્મણની વંદના શત્રુઘ્ન મહારાજની વંદના અને બધાની વંદના કરતા કરતા છેલ્લે હનુમાનજીની વંદના કરી પ્રથમ દિવસની કથાને વિરામ આપ્યો.

### ૧૯૫૭થી માંડીને આજ સુધી એક રૂપિયાની નોટ ની ડિઝાઇન ૧૫ વખત બદલવામાં આવી છે

# આજે તા.૩૦મી નવેમ્બર ૨૦૨૪ના આપણી એક રૂપિયાની ચલણીનોટ એકસો સાત વર્ષની થશે



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**૨૦૧૫માં વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ એક રૂપિયાની નોટનું પ્રિટીંગ ચાલુ કરાવ્યું છે, આ નોટનું પ્રિન્ટીંગ કામ ચાલ છે જેની પર ગાંધીજીના ચશ્મા અનેસ્વચ્છ ભારત લખેલું છે, એક રૂપિયાની નવી જાહેર કરેલી નોટનો રંગ ગુલાબી અને લીલો છે, જૂની નોટ ઈન્ડીગો બની હતી.**

ભારતીય ચૂંટણી પંચની કડકાઈ ની જાણ પ્રજાને ચુંટણી કમિશ્નર ટી.એન. શેષાનના ફુફાડાથી થઈ તેમ રાષ્ટ્રીય ચલણ અને બેંકોનું મહત્વ ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આઠમી નવેમ્બર ૨૦૧૬ ના રાત્રે આઠ વાગે રૂ.૫૦૦ અને ૧૦૦૦ની ચલણી નોટ હવે લીગલ ટેન્ડર નહીં રહેગી. ઘોષણા સાથે જાહેરાત કરતાં ભારતીય ચલણ અને બેંકોનું મહત્વ પ્રજાને સમજાયું. ૫૦ દિવસ સુધી દેશમાં જે અફડા તફડીનો માહોલ જોવા મળ્યો તેની કળ પ્રજાને સાત વર્ષ વિત્યા છતાં વળી નથી ત્યાં બે હજારની નોટ ચલણમાંથી બંધ થઈ. મંદીની મહાથપાટ સર્વત્ર જોવા મળે છે ત્યાં આજે તા.

૩૦મી નવેમ્બર ૨૦૨૪ના ભારતીય એક રૂપિયાની ચલણી નોટ એકસો સાત વર્ષની થશે ત્યારે તેને હેપી બર્થ ડે કહીને નવા જવી તો પડે ને? એક રૂપિયાની નોટ ભારત સરકાર બહાર પાડે છે અને રૂપિયા બે થી માંડીને બે હજાર સુધીની ચલણીનોટ ચલણ માં રિઝર્વ બેંક ઓફ ઈન્ડીયા એકની ચલણી નોટ પર ભારત સરકારના નાણાં સચિવ, જયારે રૂપિયા બેથી માંડીને બે હજારની નોટ પર રિઝર્વ બેંકના ગવર્નરની સહી થાય છે.(બેહજાર ની નોટ સપ્ટેમ્બર-૨૦૨૩ સુધીમાં પાછી ખેંચાઈ) ૧૯૮૫ સુધીનો એક,બે, પાંચ, દશ,વીસ પચ્ચીસ પચાસ પૈસાનું ચલણ બહુ રાજી ખુશીથી વ્યવહારમાં ચાલતું હતું પરંતુ લોક સેવકોની પ્રતિષ્ઠાની જેમ મોંઘવારી એટલી ઝડપથી વધવા લાગી કે આ બધી ચિલર પરચુરણ ગાયબ થઈ તેમ તેમ પ્રજાની હેરાન ગતિ- ટેક્સની




આંટીઘુંટી વધવા લાગી એક રૂપિયાની કિંમત કોડીની ન રહીને ડોલર ડુંગર જેવડો બનતો ગયો.

એક રૂપિયાના આજે તા.૩૦મી નવેમ્બર- ૨૦૨૪ ૧૦૭મો જન્મ દિવસ ઉજવવાની છે ત્યારે તેની કુંડળી તો જોઈએ. ભારતમાં એક રૂપિયાની નોટ તા.૩૦/૧૧/૧૯૧૭ જયોર્જ પાંચમાના સમયે બહાર પાડવામાં આવી હતી. તેના પર જયોર્જ પાંચમાનો જ ફોટો હતોને નોટ નંબર અને ભારત સરકારના અધિકારીની રહી હતી. આ નોટ ઈંગ્લેન્ડમાં છાપવામાં આવી હતી. ૧૯૧૭માં પ્રિન્ટ થયેલી આ નોટનો ઉલ્લેખ રાજસ્થાનના કિશોરનઝર વાળાના પુસ્તકમાં પુર પણ છે. રાજસ્થાનના કોટા જિલ્લાના નોટ સિકકાના સંગ્રહકર્તા શુભમ લોઢા પાસે દેશમાં અત્યાર સુધી પ્રિન્ટ થયેલી રૂપિા એકની દરેક પ્રકારની નોટોના સંગ્રહ છે. તેમની પાસે ૧૯૪૦માં બ્રિટિશ સરકાર દ્વારા પ્રિન્ટ કરાયેલ એક રૂપિયાની નોટ પણ છે. નોટ સંગ્રહકર્તા શુભમે એવું જણાવ્યું હતું કે, ૧૯૫૭થી માંડીને આજ સુધી એક રૂપિયાની નોટ ની ડિઝાઈન ૧૫ વખત બદલવામાં આવી છે. એક નોટ નિષ્ણાત અને સંશોધક ડોક્ટર એસ.કે.રાઠી જણાવે છે કે ૧૯૧૭ પહેલાં મહારાણી વિક્ટોરિયા તથા કિંગ એડવર્ડના સમયમાં એક રૂપિયાની નોટ પ્રસિધ્ધ કરી શકાતી ન હતી. ૧૯૯૪ સુધી એક રૂપિયાની નોટ ચલણમાં ઓછી હતીતેથી કેન્દ્ર સરકારે તેનુંપ્રિન્ટીંગ બંધ કરાવી દીધું હતું.

૨૦૧૫માં વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ એક રૂપિયાની નોટનું પ્રિટીંગ ચાલુ કરાવ્યું છે. આ નોટનું પ્રિન્ટીંગ કામ ચાલ છે જેની પર ગાંધીજીના ચશ્મા અનેસ્વચ્છ ભારત લખેલું છે. એક રૂપિયાની નવી જાહેર કરેલી નોટનો રંગ ગુલાબી અને લીલો છે. જૂની નોટ ઈન્ડીગો બની હતી તેની સૌથી ઉપર ભારત સરકાર અને નીચે ગર્વમેન્ટ ઓફ ઈન્ડીયા છપાયેલું છે. બાકી બધી નોટ પર ભારતીય રિઝર્વ બેંક અને રિઝર્વ બેંક ઓફ ઈન્ડીયા છપાયેલું હોય છે.બાકી બધી નોટ પર ભારતીય રિઝર્વ બેંક અને રિઝર્વ બેંક ઓફ ઈન્ડીયા છપાયેલું હોય છે. ૧૯૧૭માં ઈંગ્લેન્ડમાં એક રૂપિયાની છપાયેલી નોટ હાથ બનાવટના પૈપરથી બનેલી હતી,તેના પર વોટરમાર્કની બે વેરાઈટી હતી. તે સમયે આવી નોટ બ્રિટિશ ઈસ્ટ આફ્રીકા(જે આજે કેન્યા,યુગાન્ડા તથા તાનઝાનીયા છે.) માં ચાલતી હતી. તેના પર એમએમ એસ યબ્બેની સહી હતી. જયોર્જ પાંચમાના સમયમાં પાંચ અલગ અલગ વિભાગના અધિકારીની સહીથી આ નોટ ચલણમાં મુકવામાં આવી હતી. ૧૯૫૭થી માંડીને આજ સુધી એક રૂપિયાની નોટ ની ડિઝાઈન ૧૫ વખત બદલવામાં આવી છે,.

જયોર્જ છઠ્ઠાના સમયમાં માત્ર એક અધિકારીની સહીવાળી નોટ ચલણમાં મુકાઈ હતી.જેના પર સી.ઈ. જોન્સની સહી હતી. આ નોટ ૧૯૫૭માં પાછી ખેંચી લેવાઈ હતી. દેશ આઝાદ થયા પછી ૧૯૪૯થી ૨૦૧૫ સુધી ૧૯ અધિકારીઓની સહીથી એક રૂપિયાની નોટ ચલણમાં મુકવામાં આવી. આજે ૩૦મી નવેમ્બર ૨૦૨૪ શનિવારના રોજના આપણી મોઘવારીમાં લુપ્ત થયેલી છતાં વહાલી લાગતી એક રૂપિયા ની નોટ તેનો ૧૦૭મો જન્મ દિવસ ઉજવશે ત્યારે HAPPY BIRTHDAY TO MY DEAR ONE RUPEE NOTE ને આશીર્વાદ મેળવીએ કે આઝાદ ભારતમાં મોંઘવારીનો દાનવ હણાયને તારો અત્ર તત્ર સર્વત્ર જય જયકાર થાય સર્વ જનોના ગજવા ખિસ્સા નિવાસ થાય એક ડોલરની હરોળમાં જ તારું સ્થાન ડોનાલ્ડ ટ્રમ્પ અને નરેન્દ્ર મોદી જેવું થાય અને હવે તારો જમાનો પાછો આવે તેવી આઝાદ રાષ્ટ્રના દેશપ્રેમી લોકસેવકોને વિનંતી કરીએ.

# સારા અલી ખાન ગોવામાં યોગાની તાલીમ આપશે

## એક જાણીતી હોસ્પિટાલિટી કંપનીના ચાર વિજેતા મહેમાનો માટે બે રાત-ત્રણ દિવસની રિટ્રીટનું આયોજન કરશે



સારા અલી ખાન તેની હેલ્થ અને ફિટનેસ બાબતે કેટલી સજાગ છે અને તે પોતાની હેલ્થનું કેટલું ધ્યાન રાખે છે તે બાબતે તેના ફેન્સ જાણે છે. હવે કે એક નવી શરૂઆત કરી રહી છે. તે ગોવામાં એક વેલનેસ અને યોગા રિટ્રીટનું આયોજન કરવા જઈ રહી છે.જેમાં એક જાણીતી હોસ્પિટાલિટી કંપનીના ચાર વિજેતા મહેમાનો માટે બે રાત અને ત્રણ દિવસની રિટ્રીટનું આયોજન કરશે. આ અંગે પોતાનો ઉત્સાહ વ્યક્ત કરતાં સારાએ કહ્યું, ‘‘ગોવામાં આ રિટ્રીટમાં મહેમાનોને આવકારવા ઉત્સાહિત છું. અમે શરીરની સાથે મન અને આત્માના પોષણ માટે કામ કરીશું સાથે યાદગાર સંસ્મરણો તો બનશે જ. જીવનની સાદગીને ક્યારેય ન ભૂલી શકાય તેવા અનુભવમાં બદલીને જાત સાથે જોડાવાની આ એક તક છે.’’ આ રિટ્રીટમાં મહેમાનોને જંગલમાં કુદરતી અવાજો અને લક્ઝુરિયસ સુવિધાઓની વચ્ચે રહેવાનું થશે, જેમાં તેમને સારા દ્વારા યોગની તાલીમ આપવામાં આવશે. ત્યાર બાદ દરેક મહેમાનને પર્સનલાઈઝ્ડ ટિપ્સ પણ



આપવામાં આવશે. સાથે જ મહેમાનો તરોતાજા સામગ્રીમાંથી જંગલમાં ગ્રિલ્ડ ફિશ, પાલક પનીર, ફણગાવેલાં કઠોળના સેલેડ જેવી સારાએ નક્કી કરેલી ખાસ આરોગ્યપ્રદ વાનગીઓ પીરસવામાં આવશે. તેમને ગોવાના જંગલોમાં ટ્રેકિંગનો અનુભવ પણ મળશે. એક જાણીતી હોસ્પિટાલિટી કંપનીના ચાર વિજેતા મહેમાનો માટે બે રાત અને ત્રણ દિવસની રિટ્રીટનું આયોજન કરશે તેઓ આ પ્રવૃત્તિઓમાંથી તાજગી અનુભવી શકે તે માટે તેમને ખાસ મસાજ પણ આપવામાં આવશે. સાથે જ તેમને સારા તરફથી કેટલીક ખાસ ભેટ પણ મળશે.ગોવા ટુરિઝમ દ્વારા ગોવામાં વેલનેસ ટુરીઝમને પ્રોત્સાહન આપવાના હેતુથી થતા આયોજનોમાંનું આ એક અનોખું આયોજન છે.

### આ ફિલ્મમાં સંજય દત્તે પહેલો રોમેન્ટિક કોમેડી રોલ કર્યો હતો

# રોમેન્ટિક કોમેડી ‘ખૂબસુરત’ને ૨૫ વર્ષ થયાં

## એક્શન હીરો તરીકે ઓળખ જમાવનારા સંજય દત્તે ‘ખૂબસુરત’થી પોતાની કરિયરમાં મોટો બદલાવ લાવી દીધો હતો

ભારતીય સિનેમાની સદાબહાર રોમેન્ટિક કોમેડી ‘ખૂબસુરત’ની રિલીઝને ૨૫ વર્ષ પૂરાં થયાં છે. સંજય છેલ લિખિત અને દિગ્દર્શિત આ ફિલ્મમાં સંજય દત્ત અને ઉર્મિલા માંતોડકર લીડ રોલમાં હતા. ૨૬ નવેમ્બર ૧૯૯૯ના રોજ રિલીઝ થયેલી આ ફિલ્મમાં સંજય છેલે ચીલાચાલુ રોમેન્ટિક સ્ટોરીના બદલે નવો ચીલો ચાતર્યો હતો અને લીડ સ્ટાર્સના યાદગાર પરફોર્મન્સે તેને દરેક પેઢીમાં લોકપ્રિય બનાવી છે. એક્શન હીરો તરીકે ઓળખ જમાવનારા સંજય દત્તે ‘ખૂબસુરત’થી પોતાની કરિયરમાં મોટો બદલાવ લાવી દીધો હતો. તેમણે પ્રથમ વખત રોમેન્ટિક કોમેડી રોલ કર્યો હતો. સંજય દત્તના હેન્ડસમ અને ચાર્મિંગ લૂક પર ઓડિયન્સ ઓવારી ગયુ હતું. ઉર્મિલા માંતોડકરના રોલમાં નવીનતાની સાથે સંવેદનાનું ઊંડાણ હતું અને આ બંનેની જોડીએ ફિલ્મમાં પ્રાણ પૂરી દીધા હતા. રાહુલ સુઘડે પ્રોડ્યુસ કરેલી આ ફિલ્મ ૧૯૯૯માં સિલ્વર જ્યુબિલિ કરી શકી હતી. મલ્ટિપ્લેક્સનો ઉદભવ શરૂ થયો હતો, તેવા દોરમાં આવેલી ‘ખૂબસુરત’ વર્ષની સૌથી વધુ સફળ ફિલ્મોની યાદીમાં હતી. ઓમપુરી, ફરિદા જલાલ, અશોક સરાફ, જતિન કણકિયા, સુપ્રિયા પિલગાંવકર અને અંજન શ્રીવાસ્તવ પણ મહત્ત્વના રોલમાં હતા. ‘રંગીલા’ અને ‘ફિર ભી દિલ હૈ હિન્દુસ્તાની’ જેવા સફળ સર્જનો આપનારા રાઈટર-ડાયરેક્ટર સંજય છેલએ આ ફિલ્મથી નવું સિમાચિહ્ન બનાવ્યુ હતું. રમૂજની સાથે સંવેદનાની જીવંત રજૂઆતના કારણે ઓડિયન્સ જકડાયેલુ રહ્યુ હતું. સંજય છેલે ૩૦થી વધુ ફિલ્મોમાં કામ કરેલું છે, પરંતુ ડાયરેક્ટર તરીકે તેમના સૌથી વધુ યાદગાર સર્જનમાં ‘ખૂબસુરત’નો સમાવેશ થાય છે. જતિન-લલિતનું મ્યૂઝિક તથા ગુલઝાર-સંજય છેલના ગીતો ઉપરાંત સંજય દત્ત પોતે આ ફિલ્મમાં ગાયક બન્યા હતા. ઉર્મિલા માંતોડકરે ‘ખૂબસુરત’ના સિલ્વર જ્યુબિલિ વર્ષ નિમિત્તે તેને સ્પેશિયલ ફિલ્મ ગણાવી હતી. યુવતી પોતાની આંતરિક સુંદરતાને કઈ રીતે ઓળખે છે અને આત્મવિશ્વાસ મેળવે છે, તેની આ સ્ટોરી હતી. સંગીતકાર જતિન-લલિત પંડિતે સરળ અને હૃદયસ્પર્શી ગીતોમાં આવેલા ઊંડાણ બદલ સંજય છેલની પ્રશંસા કરી હતી. ૨૫ વર્ષ પછી પણ ઓડિયન્સને આ ગીતો સાંભળવા ગમી રહ્યા છે, તે બદલ ગૌરવની લાગણી વ્યક્ત કરી હતી. ડાયરેક્ટર સંજય છેલનું માનવું છે કે, સંજય દત્તે મારામાં વિશ્વાસ મૂક્યો હતો અને પ્રથમ વખત પોતાની એક્શન હીરો ઈમેજમાંથી બહાર આવ્યા હતા. ‘એય શિવાની’ ગીત અનોખુ હતું અને આ ટ્રેક સંજય દત્તે સૂચવેલુ હતું. આ લિરિક્સ મેં લખેલુ હતું, પણ સંજય દત્તને એટલું બધું ગમી ગયું કે તેમણે તેને ગાવાનું નક્કી કર્યુ હતું.






### ‘પુષ્પા ૨: ધ રૂલ’ને લઈને ચાહકોમાં ભારે ક્રેઝ છે

# પુષ્પા-૨ની રિલીઝ પહેલા પુષ્પા-3 કન્ફર્મ રશ્મિકાએ આપી દીધી હિંટ

## ઇન્સ્ટાગ્રામ સ્ટોરી પર એક નોંધ લખીને, અભિનેત્રીએ સેટ પરના તેના છેલ્લા દિવસને યાદ કર્યો અને ‘પુષ્પા 3’ ની પુષ્ટિ કરી

‘પુષ્પા ૨: ધ રૂલ’ને લઈને ચાહકોમાં ભારે ક્રેઝ છે. આ ફિલ્મ આ વર્ષે ૫ ડિસેમ્બરે રિલીઝ થશે. ‘પુષ્પા ૨: ધ રૂલ’નું શૂટિંગ હાલમાં જ પૂર્ણ થયું છે. ફિલ્મની રિલીઝ પહેલા રશ્મિકા મંદાન્નાએ ‘પુષ્પા’ની ત્રીજી સિક્વલ તરફ સંકેત આપ્યા છે. મંગળવારે રશ્મિકા મંદાન્ના એ એક લાંબી નોટ લખી હતી, જે પછી ‘પુષ્પા ૩’ના સમાચાર સમાચારમાં છે. ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર એક નોંધ લખીને, અભિનેત્રીએ સેટ પરના તેના છેલ્લા દિવસને યાદ કર્યો અને ‘પુષ્પા ૩’ ની પુષ્ટિ કરી. રશ્મિકા મંદાન્નાએ ૨૫ નવેમ્બરે ફિલ્મનું શૂટિંગ પૂર્ણ કરવા વિશે તેની ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર એક ભાવનાત્મક નોંધ લખી હતી. તેણે લખ્યું હતું- ‘ડિયર ડાયરી, ૨૫ નવેમ્બર, આ દિવસ મારા માટે ખૂબ જ ભારે હતો. મને હજુ પણ ખબર નથી કે આના પર કેવી પ્રતિક્રિયા આપવી.રશ્મિકાએ લખ્યું- ‘આખા દિવસના શૂટિંગ પછી અમે ૨૪મીએ સાંજે ચેન્નાઈની ફ્લાઈટ લીધી અને ચેન્નાઈમાં એક ખૂબ જ સારી ઈવેન્ટની ઉજવણી કરી. તે જ રાત્રે હૈદરાબાદ પરત ફર્યા. ઘરે જઈને લગભગ ૪ થી ૫ કલાક સૂઈ ગયો. જ્યારે તે જાગી ત્યારે તે પુષ્પાના શૂટિંગના છેલ્લા દિવસ માટે દોડી હતી. અમે એક ઉન્મત્ત અદ્ભુત ગીત શૂટ કર્યું. લાંબા સમયથી મારો આખો દિવસ શૂટિંગમાં પસાર થયો હતો અને મને ખબર હતી કે તે મારો છેલ્લો દિવસ હતો, પરંતુ કોઈક રીતે તે છેલ્લા દિવસ જેવું લાગ્યું નહીં. હમ્મ, મને કેવી રીતે કહેવું તે ખબર નથી.‘પુષ્પા’ અભિનેત્રી આગળ લખે છે - ‘૭-૮ વર્ષથી, છેલ્લા ૫ વર્ષથી આ સેટ પર રહેવાથી આ સેટને ઈન્ડસ્ટ્રીમાં મારું ઘર બનાવ્યું અને આખરે આ મારો છેલ્લો દિવસ હતો. અલબત્ત હજુ ઘણું કામ બાકી છે અને દેખીતી રીતે જ ભાગ ૩ છે, પણ આ અલગ લાગ્યું. ભારે લાગતું હતું. એવું લાગ્યું કે તેનો અંત આવી રહ્યો છે.




# સંજય ભણસાલીની લવ એન્ડ વોરમાં શાહરૂખ કેમિયો કરશે

રણબીર કપૂરની ફિલ્મ લવ એન્ડ વોરની ખૂબ જ ચર્ચા છે. આ ફિલ્મમાં શાહરૂખ ખાન કેમિયો કરતો હોવાના અહેવાલ છે. શાહરૂખ ખાન સંજય લીલા ભણસાલીની લવ એન્ડ વોરમાં એક કેમિયો હશે, રણબીર કપૂર સાથે સ્ક્રીન શેર કરશે. એક્ટર રણબીર કપૂર, આલિયા ભટ્ટ અને વિકી કૌશલની બહુ ચર્ચિત ફિલ્મ લવ એન્ડ વોર આ દિવસોમાં ચર્ચામાં છે. એવા અહેવાલો છે કે શાહરૂખ ખાન આ ફિલ્મનો ભાગ બનવા જઈ રહ્યો છે. સંજય લીલા ભણસાલીની ફિલ્મ ‘લવ એન્ડ વોર’માં શાહરૂખ ખાન સાથે એક ખાસ સિકવન્સ જોવા મળશે. આ અંગે શાહરૂખ અને સંજય લીલા ભણસાલી વચ્ચે મુલાકાત પણ થઈ હતી. એક અહેવાલ મુજબ, જો બધું પ્લાન મુજબ ચાલ્યું તો શાહરૂખ જાન્યુઆરી ૨૦૨૫માં તેના કેમિયો માટે શૂટ કરશે. ફિલ્મના સેકન્ડ હાફમાં શાહરૂખના પાત્રની એન્ટ્રી થશે. જ્યાં તે રણબીરના પાત્રને સમજાવશે એટલે કે તેની અને રણબીર વચ્ચે વાતચીતનો સીન હશે.શાહરૂખ ખાને રણબીર કપૂરની ફિલ્મ ‘એ દિલ હૈ મુશ્કિલ’માં કેમિયો પણ કર્યો હતો.

### બિગ બીએ ટીમ ઇન્ડિયા ઉપરાંત જયપુર કબડ્ડી ટીમને શુભેચ્છા પાઠવી

# મેચમાં એકતરફી કોમેન્ટ્રીની ટીકા કરી



ઓસ્ટ્રેલિયાના પર્થ ખાતે રમાઈ રહેલી પાંચ મેચની ટેસ્ટ સિરીઝમાં પહેલી ટેસ્ટમાં ભારતની ટીમે ઓસ્ટ્રેલિયાની ટીમને હરાવી હતી. જેની સોમવારે સમગ્ર દેશમાં ઉજવણી થઈ હતી. ભારતના ૫૩૪ રનના ટાર્ગેટ સામે ઓસ્ટ્રેલિયાની ટીમ ૨૩૮ રનમાં જ ઓલઆઉટ થઈ ગઈ હતી. ત્યારે અનેક લોકોએ સોશિયલ મીડિયા પર ટીમને અભિનંદન પાઠવ્યા હતા. તેમાં બોલિવૂડના કલાકારો પણ બાકાત નહોતા. અમિતાભ બચ્ચન ક્રિકેટના કેટલા મોટા પ્રસંશક છે અને તેઓ ભારતીય ટીમને હંમેશા કઈ રીતે વખાણે છે અને પ્રોત્સાહન આપે છે, તે દરેક જાણે છે. તેમણે આ મેચ બાદ ટીમને શુભેચ્છા તો પાઠવી હતી. સાથે તેમણે આ મેચ દરમિયાન એક તરફી કોમેન્ટ્રીની ટીકા પણ કરી હતી. અમિતાભ બચ્ચને કોઈનું નામ લીધા વિના સોશિયલ મીડિયા પર પોસ્ટમાં લખ્યું હતું, ‘‘બાયસ કોમેન્ટ્રી છતાં, પછાડી દિધું ઓસ્ટ્રેલિયાને ક્રિકેટમાં.’’ પોતાની બ્લોગ પોસ્ટમાં અમિતાભ બચ્ચને દિકરા અભિષેક બચ્ચનની કબ્બડી ટીમ જયપુર પિંક પેન્થર્સને પણ અભિનંદન આપ્યા હતા. ઓસ્ટ્રેલિયાના પર્થ ખાતે રમાઈ રહેલી પાંચ મેચની ટેસ્ટ સિરીઝમાં પહેલી ટેસ્ટમાં ભારતની ટીમે ઓસ્ટ્રેલિયાની ટીમને હરાવી હતી પ્રો કબડ્ડી લીગની ૧૧મી સીઝન ચાલી રહી છે, અમિતાભ બચ્ચને ઈન્ડિયા-ઓસ્ટ્રેલિયા મેચમાં એકતરફી કોમેન્ટ્રીની ટીકા કરી, જેમાં જયપુર પિંક પેન્થર્સ પુણેરી પલ્ટન સામેની મેચ જીતી ગઈ હતી. આ અંગે તેમણે લખ્યું હતું, ‘‘જયપુર પિંક પેન્થર્સે પુણેરી પલ્ટનને હરાવી દિધી, જે એક પુણેની બહુ જ સક્ષમ અને જોરદાર ટીમ છે.’’ જો અમિતાભ બચ્ચનની આગામી ફિલ્મ વિશે વાત કરવામાં આવે તો ફરી એક વખત અમિતાભ એક કોર્ટરૂમ ડ્રામા ફિલ્મ ‘સેક્શન ૮૪’માં જોવા મળશે. આ ફિલ્મ રિભુ દાસગુપ્તા દ્વારા ડિરેક્ટ કરવામાં આવી છે.



# ઐશ્વર્યાએ કહ્યું, સમસ્યા સામે આંખ મિલાવીને જુઓ

## એક કોસ્મટીક બ્રાન્ડના કેમ્પેઇનના ભાગરૂપે તેણે આ વીડિયો શેર કર્યો હતો


ઐશ્વર્યાએ પોતાના ઈન્સ્ટાગ્રામ પર એક વીડિયો શેર કર્યો હતો. જેમાં તેણે સ્ટ્રીટ હેરેસમેન્ટ અને તેનો સામનો કઈ રીતે કરવો તે અંગે વાત કરી હતી. એક કોસ્મટીક બ્રાન્ડના કેમ્પેઈનના ભાગરૂપે તેણે આ વીડિયો શેર કર્યો હતો. ઐશ્વર્યા તેની બ્રાન્ડ એમ્બેસેડર છે. આ વીડિયોમાં ઐશ્વર્યાએ કહ્યું, ‘‘ગલીઓમાં થતી સતામણી. તેનો સામનો કઈ રીતે કરશો? તેમની સામે નજર મિલાવવાનું ટાળશો? ના. સમસ્યાની આંખમાં આંખ મિલાવીને જુઓ. તમારું માથું તો ઊંચું જ રાખો. સ્ત્રીઓનું અને સ્ત્રીવાદી. મારું શરીર, મારું મૂલ્ય. તમારા મૂલ્ય સાથે ક્યારેય સમાધાન કરશો નહીં. તમારી જાત પર ક્યારેય શંકા રાખશો નહીં. તમારા મૂલ્ય માટે ઊભા થાઓ. તમારા કપડાં કે લિપસ્ટિકને દોશ આપશો નહીં. રસ્તા પર થતી સતામણીમાં તમારો ક્યારેય કોઈ વાંક હોતો નથી.’’ઐશ્વર્યાએ આ વીડિયો પોસ્ટ કરતાં કેપ્મનમાં લખ્યું હતું, ‘‘ઈન્ટરનેશનલ ડે ફોર ધ એલિમિનેશન ઓફ વાયોલન્સ અગેઈન્સ્ટ વીમેન નિમિત્તે લોરિયલ પેરિસ રસ્તાઓ પર થતી સતામણી અંગેની તાલીમ માટે ખડું થશે. આપણા બધાનું મૂલ્ય છે.’’આ પોસ્ટ પર ઐશ્વર્યાના ઘણા ફેન્સ દ્વારા કમેન્ટ કરવામાં આવી હતી. તેમણે ઐશ્વર્યાને પ્રેરણાત્મક અને મજબૂત મહિલા ગણાવી હતી, તો કોઈએ તેને બ્યૂટી વિથ બ્રેઈન કહી હતી. તો કોઈએ આ બાબતને ગૌરવ અનુભવવા લાયક ગણાવી હતી, કે કોઈ સેલેબ્રિટીએ સાન્ય લોકોને સતાવતી અને સમાજ તેમજ મહિલાઓ માટે ઉપયોગી ઝુંબેશમાં ભાગ લીધો છે. તો કોઈએ તેણે ડિવોર્સની અફવાઓ વચ્ચે પોતાની જાત માટે ખડા થવાની અને પોતાના મૂલ્યોના ભોગે કોઈ સમાધાન ન કરવાની વાત કરી તેને વખાણી હતી.જો ઐશ્વર્યાના કામની વાત કરવામાં આવે તેણે છેલ્લે પોન્નિયન સેલ્વનમાં કામ કર્યુ હતું.



# રજનીકાંતની દીકરીના ૨૦ વર્ષના લગ્ન જીવનનો અંત

## રજનીકાંતની પુત્રી ઐશ્વર્યાના લગ્ન ૧૮ નવેમ્બર ૨૦૦૪ના રોજ થયા હતા

ફિલ્મ નિર્દેશક કસ્તુરીરાજાના પુત્ર ધનુષ અને સાઉથના સુપરસ્ટાર રજનીકાંતની પુત્રી ઐશ્વર્યાના લગ્ન ૧૮ નવેમ્બર ૨૦૦૪ના રોજ થયા હતા. બંનેને બે પુત્રો છે. લગભગ ૧૮ વર્ષ બાદ બંનેએ નવેમ્બર ૨૦૨૨માં અલગ થવાની જાહેરાત કરી હતી. આ પછી તેણે ફેમિલી કોર્ટનો સંપર્ક કર્યો અને પરસ્પર સંમતિથી છૂટાછેડા માટે અપીલ કરી. ૨૧ નવેમ્બરે બંને પરિવાર કોર્ટના જજ સુભાદેવી સમક્ષ હાજર થયા હતા. કેસની સુનાવણી બંધ કેમેરામાં થઈ હતી અને હવે ન્યાયાધીશે પોતાનો ચુકાદો આપ્યો છે. ૨૧ નવેમ્બરે ફેમિલી કોર્ટના જજ સુભાદેવીએ ધનુષ અને ઐશ્વર્યાને તેમના નિર્ણય વિશે પૂછ્યું. તેમણે અલગ થવાની ઈચ્છા વ્યક્ત કરી, ત્યારબાદ જજે ઘોષણા કરી કે અંતિમ ચુકાદો ૨૭ નવેમ્બરે સંભળાવવા કહ્યું હતું. તેમજ કોર્ટે હવે પોતાનો ચુકાદો આપી દીધો છે. જજ સુભાદેવીએ ધનુષ અને ઐશ્વર્યા રજનીકાંતના છૂટાછેડાને મંજૂરી આપી દીધી છે. આ રીતે અભિનેતા-દિગ્દર્શક ધનુષ અને નિર્દેશક ઐશ્વર્યા રજનીકાંત હવે સત્તાવાર રીતે અલગ થઈ ગયા છે.ઐશ્વર્યા અને ધનુષના ૨૦૦૪માં ચેન્નાઈમાં ભવ્ય લગ્ન થયા હતા. તેમના લગ્નમાં ફિલ્મ ઉદ્યોગ અને રાજકીય દિગ્ગજોની હાજરી જોવા મળી હતી. જ્યાં ઐશ્વર્યા રજનીકાંત અને લતા રજનીકાંતની પુત્રી છે. ધનુષ ડિરેક્ટર કસ્તુરીરાજા અને વિજયાલક્ષ્મીનો પુત્ર છે. ૧૭ જાન્યુઆરી ૨૦૨૨ના રોજ ધનુષ અને ઐશ્વર્યાએ એક સંયુક્ત નિવેદન શેર કરીને તેમના અલગ થવાની જાહેરાત કરી. તેમણે કહ્યું, ‘મિત્રો, દંપતી, માતા-પિતા અને એકબીજાના શુભચિંતકો તરીકે ૧૮ વર્ષ એકતા. આ પ્રવાસ વૃદ્ધિ, સમજણ, ગોઠવણ અને અનુકૂલનનો રહ્યો છે. આજે આપણે એવા સ્થાને ઉભા છીએ.



### ૧૪ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ રિલીઝ થવાની હતી

# છાવા સાથે ઘર્ષણ ટાળવા ‘દેવા’ પાછળ ઠેલાઈ

શાહિદ કપૂર સ્ટારર ફિલ્મ ‘દેવા’ની રિલીઝ ડેટ મોકૂફ રાખવામાં આવી છે. હવે આ ફિલ્મ નિર્ધારિત તારીખ પહેલા થિયેટરોમાં આવી જશે. નિર્માતાઓએ એક પોસ્ટર રિલીઝ કરીને તેની જાહેરાત કરી છે. શાહિદ કપૂર સ્ટારર ‘દેવા’ એક્શન અને થ્રિલરથી ભરેલી બહુપ્રતીક્ષિત ફિલ્મોમાંની એક છે. આ ફિલ્મની રિલીઝ ડેટ સતત બદલાતી રહે છે. અગાઉ આ એક્શન થ્રિલર ૧૪ ફબ્રુઆરી, ૨૦૨૫ના રોજ રિલીઝ થવાની હતી પરંતુ હવે નિર્માતાઓએ તેને નિર્ધારિત તારીખ પહેલા રિલીઝ કરવાનું નક્કી કર્યુ છે. મેકર્સે પોસ્ટર રિલીઝ કરીને ‘દેવા’ની નવી રિલીઝ ડેટની જાહેરાત કરી છે. ઝી સ્ટુડિયોએ તેના સત્તાવાર ઈન્સ્ટાગ્રામ પેજ પર થ્રિલર દેવાની નવી રિલીઝની પ્રશંસા કરી છે. આ ફિલ્મ હવે ૩૧ જાન્યુઆરી ૨૦૨૫ના રોજ સિનેમાઘરોમાં આવવાની છે. પોસ્ટર સાથેના કેપ્શનમાં લખ્યું છે, ધીરજ રાખો, કારણ કે રાહ હવે ટૂંકી થઈ ગઈ છે! તમે વિચારો છો તેના કરતાં વહેલા દેવ તમારી પાસે આવી રહ્યા છે-જાન્યુઆરી ૩૧, ૨૦૨૫! પ્રસિદ્ધિ વાસ્તવિક છે, ઉર્જા છત દ્વારા છે અને અમે અપેક્ષા કરતા વહેલા આ એક્શનથી ભરપૂર થ્રિલર તમારા માટે લાવવા માટે ખૂબ જ ઉત્સાહિત છીએ. તમારા કેલેન્ડરને ચિહ્નિત કરો અને હૃદય સ્પર્શી અનુભવ માટે તૈયાર થાઓ જે તમે ભૂલી ન શકો.‘દેવા’ને જાણીતા મલયાલમ ડિરેક્ટર રોશન એન્ડ્રુઝ દ્વારા ડિરેક્ટ કરવામાં આવી છે અને તેને ઝી સ્ટુડિયો અને સિદ્ધાર્થ રોય કપૂર પ્રોડ્યુસ કરી રહ્યા છે. આ ફિલ્મ લગભગ એક વર્ષ પછી શાહિદ કપૂરનું મોટા પડદા પર કમબેક કરે છે. આ ફિલ્મમાં તેની સાથે પૂજા હેગડે અને પાવેલ ગુલાટી પણ જોવા મળશે. વિકી કૌશલની આગામી ફિલ્મ છાવાની રિલીઝ ડેટ પણ જાહેર કરવામાં આવી છે. આ ફિલ્મ પહેલા ૬ ડિસેમ્બરે રિલીઝ થવાની હતી પરંતુ પછી પુષ્પા ૨ના કારણે તેની રિલીઝ ડેટ બદલાઈ ગઈ અને હવે તે ૧૪ ફેબ્રુઆરી ૨૦૨૫ના રોજ રિલીઝ થશે. શાહિદ કપૂરની દેવા ૧૪મી ફેબ્રુઆરીના રોજ સિનેમાઘરોમાં આવવાની હતી પરંતુ છાવાની રિલીઝ ડેટ જાહેર થયા બાદ દેવાના નિર્માતાઓએ તેને સ્થગિત કરી દીધી છે. જે પણ હોય, શાહિદના ચાહકો આ અભિનેતાની ફિલ્મની થિયેટરમાં રિલીઝને લઈને ખૂબ જ ઉત્સાહિત છે.






### મહિલાઓની વસ્ત્ર પ્રસાદ ૨૦૦ ટ્રસ્ટ માંથી આવેલ હતી અને મહિલાઓ ૨૩૦ ઉપરાંત આવેલ

# ઝાલોદ સીટી સિવિલ સેંટર ખાતે નાયબ કલેક્ટરના અધ્યક્ષ સ્થાને સોમનાથ મંદિરે ધરાવેલ પ્રસાદી વિતરણ કાર્યક્રમ યોજાયો



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૯ ।

શ્રી સોમનાથ ટ્રસ્ટ પ્રભાસ તીર્થ દ્વારા સોમનાથ ભગવાન તેમજ પરામ્બા માતા પાર્વતીને ધરવામાં આવેલ વસ્ત્ર, લાડું, ચીક્કી પ્રસાદ જન સમુદાયને વહેંચવાનુ આયોજન કરવામાં આવેલ હતું તે અન્વયે ઝાલોદ તાલુકાના સીટી સિવિલ સેંટર ખાતે આ પ્રોગ્રામ નાયબ કલેક્ટર એ.કે. ભાટીયાની અધ્યક્ષતામાં યોજવામાં આવ્યો હતો. તારીખ ૨૧ થી ૨૩ નવેમ્બર દરમ્યાન મુખ્યમંત્રી તેમજ રાજ્યના મંત્રીઓની અધ્યક્ષતા હેઠળ યોજાઈ હતી.તેમાં મુખ્યમંત્રીના હસ્તે સોમનાથ જ્યોતિર્લિંગની પૂજા અર્ચના કરવામાં આવેલ હતી. આ પ્રોગ્રામનુ લાઈવ પ્રસારણ કરવામાં આવેલ હતું. આ પ્રોગ્રામ બપોરે ૧:૩૦ થી ૨:૧૦ ઓનલાઈન પ્રોગ્રામ યોજાયો હતો. આ પ્રોગ્રામ અંતર્ગત સોમનાથ જ્યોતિર્લિંગ ખાતે ધરાવેલ વસ્ત્ર પ્રસાદ વિતરણ તેમજ ચીક્કી, લાડું પ્રસાદનુ વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રોગ્રામમાં જરૂરિયાત મંદ એવા વિધવા તેમજ વિદુર લોકોને સાડી તેમજ ઝબ્બાનુ વિતરણ કરવામાં આવ્યું હતું.

આ પ્રોગ્રામ અંતર્ગત ટ્રસ્ટમા જરૂરિયાત મંદ નોંધાવેલ હતા તેના કરતાં વધુ મહિલાઓ આવેલ હતી. મહિલાઓની વસ્ત્ર પ્રસાદ ૨૦૦ ટ્રસ્ટ માંથી આવેલ હતી અને મહિલાઓ ૨૩૦ ઉપરાંત આવેલ જોઈ નાયબ કલેક્ટર એ.કે.ભાટીયા,મામલતદાર પરમાર, નાયબ મામલતદાર શૈલેન્દ્ર પરમાર, ટી.ડી.ઓ ગઢવી, પી.આઈ રાઠવા, પી.એસ.આઈ સીસોદીયા દ્વારા ચર્ચા કરી ઉપસ્થિત કોઈ ખાલી ન જાય તે માટે સાડી બજાર માંથી મંગાવી આપી દરેકને પ્રસાદ વિતરણ કર્યો હતો...

# અમેરિકાએ અદાણી ગ્રૂપ પર આરોપો મામલે કોઈ જાણકારી આપી ન હતી

### આ ફરિયાદ પત્ર રજૂ કરતાં પહેલાં જે-તે દેશને જાણ કરવાના નિયમોનું અમેરિકાએ જ પાલન કર્યું નથી

। (માહિતી) અમદાવાદ, તા.૨૯ ।

અદાણી ગ્રૂપની કંપની અદાણી ગ્રીન એનર્જી પર અમેરિકામાં લાંચ અને છેતરપિંડીના લાગેલા આરોપો મામલે વિદેશ મંત્રાલયે ચોંકાવનારો ખુલાસો કર્યો છે. તેમજ અમેરિકાના ન્યાય વિભાગે જ નિયમોનું ઉલ્લંઘન કર્યુ હોવાનો આક્ષેપ કર્યો હતો. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે પત્રકાર પરિષદને સંબોધતાં જણાવ્યું હતું કે, અદાણી મામલે અમેરિકા તરફથી ભારત સરકારને કોઈ સૂચના કે માહિતી આપવામાં આવી નથી. આ ફરિયાદ પત્ર રજૂ કરતાં પહેલાં જે-તે દેશને જાણ કરવાના નિયમોનું અમેરિકાએ જ પાલન કર્યું નથી. આ ખાનગી કંપનીઓ, વ્યક્તિઓ અને અમેરિકી ન્યાય વિભાગ સાથે જોડાયેલો કાનૂની મામલો છે. આ કેસમાં સ્થાપિત પ્રક્રિયાઓ અને કાયદાકીય માર્ગો છે. જેનું પાલન કરવું પડશે. આ મુદ્દે ભારત સરકારને પહેલાં કોઈ સૂચના આપવામાં આવી ન હતી. રણધીર જયસ્વાલે જણાવ્યું કે, ''સમન્સ અથવા ધરપકડ વોરંટની સેવા માટે વિદેશી સરકાર દ્વારા જે-તે દેશમાં અરજી કરવી એ પરસ્પર કાનૂની સહાયનો ભાગ છે. પરંતુ અમેરિકાએ આવી કોઈ અરજી કરી નથી. આ અરજીના આધારે તપાસ હાથ ધરવામાં આવે છે.'' વધુમાં ઉમેર્યું હતું કે, વિદેશ મંત્રાલયને અદાણી ગ્રૂપ પર લાંચ અને છેતરપિંડીના આરોપોના કોઈ વોરંટ કે ફરિયાદ મળી નથી. આ એવી બાબત છે જે ખાનગી વ્યક્તિઓ અને ખાનગી સંસ્થાઓને લગતી છે. જેથી ભારત સરકાર, હાલ કાયદાકીય રીતે કોઈપણ રીતે તેનો હિસ્સો નથી. અમે તેને યુએસ ડિપાર્ટમેન્ટ ઑફ જસ્ટિસ અને ખાનગી વ્યક્તિઓ અને સંસ્થાઓ વચ્ચેના કેસ તરીકે જોઈ રહ્યા છીએ.' યુએસ ડિપાર્ટમેન્ટ ઑફ જસ્ટિસે ગયા અઠવાડિયે અદાણી અને અન્યો વિરુદ્ધ સોલાર એનર્જી કોન્ટ્રાક્ટ મેળવવા માટે ભારતીય અધિકારીઓને ૨૫૦ મિલિયન ડૉલરની લાંચ આપવા અને યુએસમાં રોકાણકારો પાસેથી નાણાં એકત્ર કરવા માટે કથિત રૂપે છેતરપિંડીનો આરોપ મૂક્યો હતો.

# કાયદો લાવીને મુસ્લિમોને મત આપવાથી રોકવામાં આવેની ટિપ્પણીથી વિવાદ

। (પ્રતિનિધી) બેંગલુરુ, તા.૨૯ ।

મુસ્લિમોને મતાધિકારથી વંચિત કરવા સંબંધિત ટિપ્પણીને લઈને વિશ્વ વોક્કાલિગા મહાસમસ્તન મઠના મહંત કુમાર ચંદ્રશેખરનાથ સ્વામી વિરૂદ્ધ ફરિયાદ દાખલ થઈ ચૂકી છે. પોલીસે શુક્રવારે આ અંગે માહિતી આપી. મહંતે આ નિવેદન કર્ણાટક વક્ફ બોર્ડની નોટિસ વિરૂદ્ધ ભારતીય કિસાન સંઘ દ્વારા મંગળવારે અહીં આયોજિત એક સભામાં આવ્યું હતું. પોલીસે જણાવ્યું કે, એક સામાજિક કાર્યકર્તાની ફરિયાદના આધાર પર અહીં ઉપ્પરપેટ પોલીસ સ્ટેશનમાં બુધવારે મહંત વિરૂદ્ધ ફરિયાદ દાખલ કરાઈ છે. અમે તેમના વિરૂદ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ ૨૯૯ (જાણી જોઈને કરવામાં આવેલા અથવા દુર્ભાવનાપૂર્ણ કૃત્ય, જેનો ઉદ્દેશ્ય કોઈ વર્ગ કે ધર્મ કે ધાર્મિક વિશ્વાસોનું અપમાન કરવા અને તેમની ધાર્મિક ભાવનાઓને ઠેસ પહોંચાડવાનો છે) જે હેઠળ કેસ દાખલ કરવામાં આવ્યો છે. સ્વામીજીએ ખેડૂતો અને તેમની જમીનની રક્ષા માટે તમામને એકજૂટ થવાનો આગ્રહ કરતા કથિત રીતે કહ્યું હતું કે, 'એવો કાયદો લાવવો જોઈએ જેમાં મુસ્લિમોને મતદાનનો અધિકાર ન હોય.' તેમણે કથિત રીતે કહ્યું હતું કે, 'એ નક્કી કરવું જોઈએ કે, કોઈ વક્ફ બોર્ડ ન હોય. કોઈ બીજાની જમીન છીનવવી ધર્મ નથી. ખેડૂતોની સાથે થઈ રહેલા અન્યાય વિરૂદ્ધ તમામે લડવું જોઈએ. એવું કહેવામાં આવે છે કે, વક્ફ બોર્ડ કોઈની પણ જમીન પર દાવો કરી શકે છે. આ ખુબ મોટો અન્યાય છે. એટલા માટે એ નક્કી કરવું જોઈએ કે ખેડૂતોની જમીન તેમની પાસે જ રહે.' સ્વામીજીએ પોતાના નિવેદન પર બુધવારે સ્પષ્ટ કરતા કહ્યું હતું કે, 'તેમની જીભ લપસી ગઈ હતી.

# BZ ગ્રુપના ઠગે દુબઈમાં પણ રોકાણ કર્યું હોવાની સંભાવના

। મોડાસા, તા. ૨૯ ।

BZ ગ્રુપના ઠગ ભૂપેન્દ્ર ઝાલાના કેસમાં દરરોજ નવા ખુલાસા થઈ રહ્યા છે. આ ઠગે કેટલા લોકોનું કેટલા કરોડનું ફુલેકું ફેરવ્યું છે એનો હજુ સુધી સાચો અંદાજ મેળવી શકાયો નથી. પરંતુ રાજ્યની સીઆઈડી ક્રાઈમે કેસ હાથમાં લીધો ત્યારથી દરરોજ નવા ખુલાસા થઈ રહ્યા છે. છેલ્લે મળતી માહિતી અનુસાર ભાગેડુ ઠગ ભૂપેન્દ્ર ઝાલાની કેટલીક વૈભવી કાર પોલીસે જપ્ત કરી છે. તે ઉપરાંત તેના ફાર્મ હાઉસ પર પણ દરોડા પાડવામાં આવ્યા છે. એકના ડબલ કરી આપવાની પોન્ઝી સ્કીમ શરૂ કરીને સાબરકાંઠા ઉપરાંત રાજ્યના ઘણા જિલ્લાના લોકોને બાટલામાં ઉતારી તેમના નાણાંથી વૈભવી જિંદગી જીવનાર ભૂપેન્દ્ર ઝાલા કેટલીક વૈભવી ગાડીઓ ગઈકાલે ગુરુવારે જપ્ત કરવામાં આવી હોવાનું જાણવા મળે છે. પોલીસને તેના ફાર્મ હાઉસની માહિતી મળ્યા બાદ ત્યાં દરોડો પાડ્યો હતો અને ત્યારે એક એકથી ચડિયાતી વૈભવી કારોનો કાફલો ત્યાં જોવા મળ્યો હતો. સાબરકાંઠાના સૂત્રોનું કહેવું છે કે, ભૂપેન્દ્ર ઝાલા ભલે ફરાર છે પરંતુ સી.આઈ.ડી. દ્વારા જો તેની સ્કીમના અમુક સાગરિતોની ધરપકડ કરવામાં આવે તો મોડાસા અને આસપાસના તમામ વિસ્તારના બી.ઝેડ. એજન્ટો ની માહિતી મળે તેમ છે. આ પોન્ઝી સ્કીમમાં ભૂપેન્દ્ર ઝાલા જેટલા જ આ એજન્ટો ગુનેગાર છે કારણ કે આ એજન્ટોએ પોતાના સગા – સંબંધીઓ અને ઓળખીતાઓને વધુ વ્યાજની લાલચ આપીને તેમની પાસે રોકાણ કરાવવાની લાલચે નાણાં લઈને પોતાનું જ હિત સાધ્યું છે અર્થાત આ એજન્ટોએ જ પારકે પૈસે તાગડધિન્ના કરવા અને મોંઘી મોંઘી ભેટ મેળવી, વિદેશ પ્રવાસ કર્યો, મોંઘા મોબાઈલ મેળવ્યા. લોભિયા હોય ત્યાં ધૂતારા ભૂખે ન મરે એ કહેવત દરેક જણ જાણતા હોવા છતાં ટૂંકા ગાળામાં જંગી વળતર મેળવવાની લાલચ રોકી નહીં શકનાર નાગરિકો હવે કહી રહ્યા છે કે તેમની પાસેથી બીઝેડ ગ્રુપના નામે નાણાં ઉઘરાવનાર એજન્ટોને પણ સજા મળવી જોઈએ, જેથી આવનારા ભવિષ્યમાં લોકો એજન્ટો બનીને ભોળા નાગરિકોઓને છેતરવાનું બંધ કરે. મળતી માહિતી અનુસાર એક અરવલ્લીનાં જ એક શિક્ષિકાએ વધુ નાણાં કમાઈ લેવાની લાલચે બી.ઝેડ.માં રોકાણ કરવા માટે ૧૩ લાખ રૂપિયાની લોન લઈને રોકાણ કર્યું છે. આ શિક્ષિકાને અત્યાર સુધીમાં માસિક ૩૯,૦૦૦ મુજબ ૪,૬૮,૦૦૦ રૂપિયા પરત મળ્યા છે પણ બાકીના લાખો રૂપિયાનું શું? બી.ઝેડ. ફાઈનાન્સના નામે ભૂપેન્દ્ર ઝાલા દર મહિને ૧ થી ૫ તારીખ સુધીમાં રોકાણનું વ્યાજ આપતો હતો, પણ અત્યારે તે ફરાર છે તો રોકાણકારોને રૂપિયા કોણ આપશે? એ પ્રશ્ન લોભિયા રોકાણકારોને સતાવી રહ્યો છે. ભૂપેન્દ્ર ઝાલાના ત્યાં રોકાણ જે રીતે આવતું તે જ રીતે વ્યાજ અથવા રોકાણ પરત કરતો હતો. જેમ કે ૧૦ લાખના રોકાણમાં જો રોકાણકારે ૩ લાખ ચેક કે ઈન્ટરનેટ બેકિંગથી આપ્યા હોય અને ૭ લાખ રોકડા આપ્યા હોય તો ૩ લાખના ૩% ચેક અથવા ઈન્ટરનેટ બેકિંગથી આપશે અને ૭ લાખના ૩% રોકડમાં આપવાની પોન્ઝી સ્કીમ ચલાવવામાં આવતી હતી.

# અભિનેતા એજાઝ ખાનના ઘરે કસ્ટમ વિભાગના દરોડા

। (માહિતી) મુંબઈ, તા.૨૯ ।

મુંબઈ ડ્રગ્સ કેસમાં બિગબોસ ફેમ અને એક્ટર એજાઝ ખાનની મુશ્કેલીઓ ઘટવાનું નામ લઈ રહી નથી. ૮ ઓક્ટોબરે એજાઝ ખાનની ઓફિસે કસ્ટમ ડિપાર્ટમેન્ટ દ્વારા દરોડા પાડવામાં આવ્યા હતા. હવે એજાઝ ખાનની પત્નીની પણ ધરપકડ કરવામાં આવી છે. અભિનેતાની પત્નીનું નામ ફોલન ગુલીવાલા છે. જોગેશ્વરી સ્થિત ઘરે દરોડા પાડ્યા બાદ કસ્ટમ પોલીસે તેની ધરપકડ કરી હતી. એજાઝ ખાનના સ્ટાફ સભ્ય સૂરજ ગૌડ સાથે આ મામલો જોડાયેલો છે. ઓક્ટોબરમાં કસ્ટમ વિભાગે વીરાં દેસાઈ રોડ પર સ્થિત અભિનેતાની ઓફિસમાં દરોડા પાડ્યા હતાં. જ્યાંથી પોલીસે રૂ. ૩૫ લાખની કિંમતનું ૧૦ ગ્રામ એમડીએમએ જપ્ત કર્યું હતું. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, આ કેસમાં પોલીસે તપાસ કરતાં જાણવા મળ્યું કે, ડ્રગ્સ કેસમાં ફોલન ગુલીવાલા પણ સંડોવાયેલી હતી. જેથી જોગેશ્વરી સ્થિત તેના ફ્લેટ પર દરોડા પાડી તેની પણ ધરપકડ કરવામાં આવી હતી. આ ફ્લેટ પરથી પોલીસને ૧૩૦ ગ્રામ મારિજુઆના અને અન્ય નશીલા પદાર્થો મળી આવ્યા હતા. એજાઝ ખાનની પત્નિ ફોલન ગુલીવાલાની ધરપકડ કર્યા બાદ પોલીસે જણાવ્યું હતું કે, તેમના ઘર અને ઓફિસમાંથી મળેલા ડ્રગ્સ મામલે પૂછપરછ માટે ગુલીવાલાની ધરપકડ કરવામાં આવી છે. કારણકે, એજાઝ ખાન હાલ હાજર ન હતો. આ અભિનેતાની ઓફિસ પર કસ્ટમ વિભાગે દરોડો પાડ્યો હતો. જ્યાંથી ૩૫ લાખની કિંમતનું ડ્રગ્સ ઝડપાયું હતું. જેમાં તેના એક સ્ટાફ સભ્યની ધરપકડ કરવામાં આવી હતી. એજાઝ ખાન પર અનેક વખત ડ્રગ્સના કેસ નોંધાયા છે. ૨૦૨૧માં મુંબઈ એરપોર્ટ પરથી તેની ધરપકડ કરવામાં આવી હતી. બાદમાં ૨૦૨૩માં જામીન મંજૂર થયા હતા.

# ઝાલોદ ખેતી માટે બનાવવામાં આવેલ કેનાળો સાફ સફાઈના અભાવે ખેડૂતોને ખેતી માટેના પાણી માટે વલખાં



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૯ ।

હાલ નગરમાં શિયાળો ચાલે છે તેથી ખેડૂતો પોતાની જમીનમાં ઘઉંનુ વાવેતર વધુ કરતા હોય છ. ખેડૂતોને સિંચાઈ માટે પાણી મળી રહે તે માટે સરકાર દ્વારા દરેક ગામો અને છેવાડાના ખેડૂતને પાણી સમયસર મળી રહે તે માટે પાણીની કેનાળો બનાવવામાં આવેલ છે સરકાર દ્વારા આ પાણીની કેનાળોની સાફ સફાઈ તેમજ ખેડૂતોને પાણી સમયસર મળી રહે તે માટે કેનાળની સાફ સફાઈ માટે ગ્રાન્ટ ફાળવવામાં આવે છે પરંતુ જવાબદાર અધિકારીઓ આ ગ્રાન્ટનો ઉપયોગ પુરો કરતા નથી તેમજ ફક્ત દેખાડો કરવા અવ્યવસ્થિત કેનાળોની સફાઈ કરે છે તેથી ગરીબ ખેડૂતોને પાણી ન મળતાં રોવાનો વારો આવે છે તેમજ પાક નિષ્ફળ જાય તેવું પણ બને છે. ગરીબ ખેડૂતની આ અંગે રજૂઆત કરે તોય કોઈ સાંભળનાર હોતું નથી. કેનાળોની સાફ સફાઈ દિવાળી પહેલા થઈ જવી જોઈએ પણ હજુ સુધી કોઈ સફાઈ થઈ હોય તેવું જણાતું નથી. ગરીબ ખેડૂતને મોંઘવારીમા પોતાનો પાક બચાવવા આસપાસના કૂવા માથી કે નદી તળાવ માંથી મશીનો અને પાઈપ ભાડે લાવી પાણી લેવું પડે છે તો તે તેમને ખૂબ મોંઘુ પડે છે સરવાળે ખેડૂત બિચારો મોંઘવારીમા પીસાઈ જાય છે. હાલ આ પ્રશ્ન મુવાડામા આવેલ બી.એસ.એન.એલ ઓફિસ પાછળના ખેડૂતોને કેનાળ માથી પાણી મળતું નથી તેનો છે તો જવાબદાર અધિકારીઓ પોતાની આળસ ખંખેરી સરકારી ગ્રાન્ટનો ઉપયોગ પોતાની સાચી દિશામાં ખેડૂતો માટે ઉપયોગ કરે તેનો છે. જોઈએ જવાબદાર તંત્ર કેટલા દિવસમાં આ અંગે પગલા લેશે કે પછી સબ ચલતા હે પ્રમાણે ચાલતું રહેશે..

# હિંસા વચ્ચે બાંગ્લાદેશનું ભારતને ખિજવતું પગલું, બાંગ્લાદેશે પાકિસ્તાનથી ખરીદયો હથિયારોનો જથ્થો

### વચગાળાની સરકાર સંભાળતા જ સેનાની માગ વધી

। (માહિતી) ઢાકા, તા.૨૯ ।

અશાંતિ અને હિંસાની સમસ્યાઓ સામે ઝઝૂમી રહેલા ભારતના પાડોશી દેશ બાંગ્લાદેશે પાકિસ્તાનમાંથી મોટા પ્રમાણમાં હથિયારોની ખરીદી કરી છે. ૫૨ વર્ષ બાદ બાંગ્લાદેશે પાકિસ્તાન પાસેથી હથિયારોનો મોટો જથ્થો ખરીદ્યો છે. આ હથિયારોની ખરીદી માટે પૂર્વ વડાંપ્રધાન શેખ હસીનાની તિજોરીનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આ હથિયારોની ખરીદી બદલ બાંગ્લાદેશની મોહમ્મદ યુનુસની વચગાળાની સરકાર શંકાના દાયરામાં આવી ગઈ છે.

બાંગ્લાદેશમાં સત્તા પલટો થયા બાદ નોબેલ પુરસ્કાર વિજેતા મોહમ્મદ યુનુસે વચગાળાની સરકારનો હવાલો સંભાળ્યો હતો. ચાર્જ સંભાળતાની સાથે જ સેનાએ વચગાળાની સરકાર સમક્ષ માગ કરી હતી કે, બાંગ્લાદેશ આર્મી પાસે દારૂગોળો અને રાઈફલ રાઉન્ડ સમાપ્ત થવાના છે. બાંગ્લાદેશની વર્તમાન પરિસ્થિતિ અને આંતરિક વિરોધને ધ્યાનમાં લેતાં મોટાભાગના દેશોમાંથી દારૂગોળા માટે કોઈ સંતોષકારક પ્રતિસાદ મળ્યો ન હતો. જેથી બાંગ્લાદેશમાં હાજર સલાહકારોએ ભારતને બદલે અન્ય કોઈ દેશ પાસેથી દારૂગોળો ખરીદવાની સલાહ આપી હતી. આ સ્થિતિમાં બાંગ્લાદેશ પ્રશાસનમાં બેઠેલા પાકિસ્તાન સમર્થકોએ પાકિસ્તાન પાસેથી હથિયાર ખરીદ્યા. પાકિસ્તાન મોંઘવારી, ગરીબી અને સાંપ્રદાયિક હિંસા સામે ઝઝૂમી રહ્યું છે. આવી સ્થિતિમાં પાકિસ્તાને પહેલાં બાંગ્લાદેશ પાસે પૈસાની માંગણી કરી અને કહ્યું કે બાંગ્લાદેશ પહેલા પૈસાં આપે, તો જ તેને હથિયારોનો પુરવઠો પૂરો પાડવામાં આવશે. પાકિસ્તાની ગુપ્તચર એજન્સીએ તેના પ્રશાસનને બાંગ્લાદેશ જે પણ પૈસા આપે તે લેવાની સલાહ આપી છે. ૧૯૭૧ પછી પ્રથમ વખત બાંગ્લાદેશે પાકિસ્તાન પાસે સીધા હથિયારોની માંગ કરી હતી.

બાંગ્લાદેશે તેની જરૂરિયાત પૂરી કરવા માટે પાકિસ્તાન પાસેથી લગભગ ૫૦ હજાર રાઉન્ડ દારૂગોળો, ૩ હજાર યુનિટ ટેન્ક દારૂગોળો, ૫૦ ટન આરડીએક્સ વિસ્ફોટક અને ૨૦ હજાર રાઉન્ડ દારૂગોળો મંગાવ્યો છે. પરંતુ હવે બાંગ્લાદેશ દ્વારા આ હથિયારોની ખરીદીમાં દલાલીના આરોપો સામે આવી રહ્યા છે. આ અંગે મોહમ્મદ યુનુસની વચગાળાની સરકારની સાથે બાંગ્લાદેશ આર્મીના ઘણા અધિકારીઓ સવાલોના ઘેરામાં છે. બાંગ્લાદેશે તેની જરૂરિયાત પૂરી કરવા માટે પાકિસ્તાન પાસેથી લગભગ ૫૦ હજાર રાઉન્ડ દારૂગોળો, ૩ હજાર યુનિટ ટેન્ક દારૂગોળો, ૫૦ ટન આરડીએક્સ વિસ્ફોટક અને ૨૦ હજાર રાઉન્ડ દારૂગોળો મંગાવ્યો છે. પરંતુ હવે બાંગ્લાદેશ દ્વારા આ હથિયારોની ખરીદીમાં દલાલીના આરોપો સામે આવી રહ્યા છે. આ અંગે મોહમ્મદ યુનુસની વચગાળાની સરકારની સાથે બાંગ્લાદેશ આર્મીના ઘણા અધિકારીઓ સવાલોના ઘેરામાં છે.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજના દિવસે શારીરિક માંદગીમાંથી સાજા થવાની શક્યતા છે, જે તમને રમતગમતની સ્પર્ધામાં ભાગ લેવામાં મદદરૂપ થશે. લાંબા ગાળાથી આવવાના બાકી નાણાં અથવા કોઈને ઉછીની આપેલી રકમ પરત આખરે પરત મળશે. સંબંધીઓને મળવા જવા નાનકડી મુસાફરી તમારા રોજિંદા ભાગદોડભર્યા સમયપત્રકમાંથી તમને રાહત તથા હળવાશ આપશે.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજના દિવસે મોટી ઉંમરના લોકોએ તેમના સ્વાસ્થ્યની દરકાર લેવાની જરૂર. જો આજે તમે પોતાના મિત્રો સાથે ક્યાંક ફરવા જાયી રહ્યા હો તો પૈસા સોચી વિચારી ને ખર્ચ કરો નહીંતર ધન હાનિ થયી શકે છે. હકારાત્મક તથા સહકાર આપનારા મિત્રો સાથે બહાર જાવ. અંગત બાબતો અંકુશ હેઠળ રહેશે. આજે ઑફિસમાં તમે જે કામ કરી રહ્યા છો.

**મિથુન (ક,છ,ઘ) :**
આજના દિવસે તમે પાછળ રહી જશો એવી શક્યતા છે. હિંમત હારવાને બદલે ઈચ્છિત પરિણામ મેળવવા સખત મહેનત કરો. આ નિષ્ફળતાઓને પ્રગતિ સુધી પહોંચવાનાં સોપાન બનાવો. મુશ્કેલીના સમયમાં સંબંધીઓ તમારી વહારે આવશે. આજે તમારા ભાઈ બહેનો તમારા થી આર્થિક સહાય માંગી શકે છે અને તેમની આર્થિક મદદ કરી તમે પોતે આર્થિક દબાણ માં આવી શકો છો.

**કર્ક (ડ,હ) :**
આજના દિવસે ગુસ્સાની લહેર આજે વાદ-વિવાદ તથા ઘર્ષણ ભણી દોરી જશે. તમે જો રૂઢિગત રીતે રોકાણ કરશો તો તમે સારૂં એવું ધન કમાઈ શકશો. નવો દેખાવ-નવાં કપડાં-નવા મિત્રો આજે તમારા થશે. તમારા પ્રિયપાત્ર અથવા જીવનસાથી સાથે સારો સંવાદ અથવા તેમના તરફથી સારો સંદેશ આજે તમારૂં મનોબળ વધારશે. તમે એક જગ્યાએ ઊભા હશો.

**સિંહ (મ,ટ) :**
આજના દિવસે તમારા જીવનસાથીનું વફાદાર હૃદય અને હિંમતવાન મનોબળ તમને કદાચ આનંદ આપશે. જો તમે ઘર થી બહાર રહી નોકરી અથવા ભણતર કરતા હોવ તો એવા લોકો થી દૂર રહો જે તમારું ધન અને સમય બરબાદ કરે. ઘરમાં કેટલાક ફેરફારો તમને ખાસ્સા સંવેદનશીલ બનાવી દેશે- પણ તેમ તમારી લાગણીઓ અસરકારક રીતે જેમનું મહત્વ છે.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજના દિવસે હવાઈ કિલ્લા રચવામાં તમારો સમય વેડફશો નહીં. એના કરતાં કશું અર્થપૂર્ણ કરવા માટે તમારી શક્તિ બચાવો. જે લોકોએ કોઈ સંબંધી જોડે પૈસા ઉધાર લીધેલા તેમને કોઈપણ હાલત માં આજે પૈસા પાછા આપવા પડી શકે છે. ફૅશન તમારા જીવનમાં ભવ્ય લય છે અને સમર્પણનું મૂલ્ય તથા દિલમાં પ્રેમ અને કૃતજ્ઞતાપૂર્વક સીધા ચાલવાની કળા શીખો.

**તુલા (ર,ત) :**
આજના દિવસે તમારૂં સૌથી પ્રિય સપનું સાકાર થશે. પણ તમારો આવેશ કાબૂમાં રાખજો કેમ કે વધુ પડતી ખુશી કેટલીક સમસ્યાઓ સર્જી શકે છે. આજે કોઈ જૂનો મિત્ર તમારા થી નાણાકીય મદદ માંગી શકે છે અને જો તમે તેની મદદ કરો છો તો તમારા નાણાકીય હાલત અમુક નબળા થયી શકે છે. બાળકોને તેમના અભ્યાસ પર ધ્યાન આપવાની તથા તેમના ભવિષ્યની યોજનાઓ ઘડવા પર ધ્યાન આપવાની જરૂર છે.

**વૃશ્ચિક (ન,ય) :**
આજના દિવસે તમારૂં મગજ સારી બાબતોને સ્વીકારશે. તામ્ર પૈસા ત્યારેજ તમારા કામ માં આવશે જયારે તમે તેને સંચિત કરો આ વાત તમે જેટલી સારી રીતે સમજી લો તે વધારે સારું નહીંતર પાછળ થી તમે પછતાશો? યોગ્ય સંવાદ તથા સહકાર તમારા જીવનસાથી સાથેના સંબંધોને સુધારશે. ગર્લફ્રેન્ડ કદાચ તમને છેતરશે. કામના સ્થળે આજે બધા તમને ખરા દિલથી સાંભળશે.

**ધન (ભ,ધ,ફ) :**
આજના દિવસે તમારી જાતને તાણમુક્ત કરવા માટે પરિવારના સભ્યોનો સહકાર લો. તેમની મદદને ગરિમાપૂણર્ણ રીતે સ્વીકારો. તમારે લાગણીઓ તથા દબાણને તમારી અંદર ભરી ન રાખવો જોઈએ. નિયમિત રીતે તમારી સમસ્યાઓ શૅર કરવાથી તમને મદદ મળશે. નાણાં તમારા હાથમાંથી આસાનીથી સરી જવા છતાં-તમારા શુકનવંતા ગ્રહો નાણાં પ્રવાહ જાળવી રાખશે.

**મકર (ખ,જ) :**
આજના દિવસે તમારૂં વ્યક્તિત્વ આજે અત્તરની જેવું કામ કરશે. નિવેશ કરવું ઘણી વખત ફાયદેમંદ હોય છે આ વાત તમને આજે સમજ માં આવી શકે છે કેમ કે કોઈ જુના નિવેશ થી તમને આજે લાભ થયી શકે છે. તમને ખુષશ રાખવા માતા-પિતા તથા મિત્રો તેમનું શ્રેષ્ઠ આપશે. પ્રિય પાત્ર વિના સમય પસાર કરવામાં મુશ્કેલીસર્જાશે. અન્ય દેશોમાં વ્યાવસાયિક સંપર્કો વિકસાવવા માટે આ અદભુત સમય છે.

**કુંભ (ગ,શ,સ) :**
આજના દિવસે ધ્યાન રાહત લાવશે. જે લોકો ઘણા સમય થી નાણાકીય મુશ્કેલી માં થી પસાર થયી રહ્યા હતા તેમને આજે ક્યાંક થી ધન પ્રાપ્ત થયી શકે છે જેથી જીવન માં ઘણી મુશ્કેલીઓ દૂર થયી જશે. પરિવારના સભ્યો સહકાર આપશે પણ તેમની માગો પણ વધુ હશે. આજ નો દિવસ પ્રેમ ના રંગો માં ડૂબી જશે, પરંતુ રાત્રિ દરમિયાન તમે કોઈ જૂની બાબતે ઝઘડો કરી શકો છો.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજના દિવસે આનંદથી ભરેલો સારો દિવસ. જે લોકોએ કોઈ અજાણ્યા વ્યક્તિ ના સૂચન પર નિવેશ કર્યું હતું તે લોકો ને આજે તે નિવેશ થી લાભ થવા ની પુરી શક્યતા છે. બાળકો કેટલાક રોમાંચક સમાચાર લાવી શકે છે. તમારા પ્રિયપાત્રને આજે આખો દિવસ તમારી ગેરહાજરી ખૂબ જ ખટકશે. એકાદ સરપ્રાઈઝનું આયોજન કરો અને આજના દિવસને તમારા જીવનનો સૌથી સુંદર દિવસ બનાવો.

**ન્યૂઝ બ્રિફ**

## યુવતીના મંગેતરે પ્રેમીની હત્યા કરી દેતા પ્રેમિકાએ ખાધો ગળાફાંસો

। (એજન્સી) ભાવનગર, તા.૨૯ ।

ભાવનગરના બોટાદમાં એક કરૂણ ઘટના સામે આવી છે. જેમાં પ્રેમીની હત્યા બાદ પ્રેમિકાએ ગળેફાંસો ખાઈ આપઘાત કર્યો હતો. જેમાં આરતી કાવેઠીયાએ પ્રેમીની હત્યાના પાંચ દિવસ બાદ પાતાના ઘરે આપઘાત કર્યો. ગત ૨૨ નવેમ્બરે ઢાકણીયા રોડ પર બીજલ ઉર્ફે હિતેશ મહેરીયાની પ્રેમીકાના મંગેતર રોહિત ભોજૈયાએ હત્યા કરી હતી. થોડા દિવસ અગાઉ આરોપી રોહિત ભોજૈયાની બોટાદના આરતીબેન કાવેઠીયા સાથે સગાઈ થઈ હતી.મળતી માહિતી મુજબ મૃતક બીજલ ઉર્ફે હિતેશને આરતીબેન કાવેઠીયા સાથે પ્રેમ સંબંધ હતો. જે બાદ યુવતીના લગ્ન અન્ય યુવક સાથે નક્કી કરવામા આવ્યા હતા. જે બાદ સગપણ કરાયેલ યુવકે પ્રેમી યુવકની ૨૨ નવેમ્બરે હત્યા કરી હતી. જે બાદ થોડા દિવસ પછી યુવતીએ પણ અપઘાત કરી લેતા ગામમાં શોકનો માહોલ ફેલાયો છે.અપઘાત બાદ મૃતક યુવતીને સોનાવાલા હોસ્પિટલ પીએમ બાદ અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા. ત્યારે આ સમગ્ર ઘટનાને લઈ બોટાદ પોલીસે એ ડી દાખલ કરીને વધુ તપાસ હાથ ધરી છે.

## ડોક્ટરના અભાવે પ્રસુતાની કસુવાવડ, જન્મ્યું મૃત બાળક

। (એજન્સી) કચ્છ, તા.૨૯ ।

કચ્છ જિલ્લાના રાપર તાલુકાના આડેસર ગામે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં તબીબના અભાવે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની બહાર રાત્રીના સમયે ગર્ભપાત થયો હતો, જેમાં મૃત બાળકનો જન્મ થયો હતો. રાપર તાલુકાના આડેસર ગામના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં ઘણા સમયથી કાયમી તબીબ નથી. બાજુના ગામ ભીમાસરના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના આયુષ તબીબ ડો.દર્શનાબેન શ્રીમાળી છેલ્લા છ માસથી આડેસર પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં આવે છે. પરંતુ ભારે વરસાદ અને પૂર દરમિયાન તે સતત ગુમ રહે છે. આડેસર પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં કાયમી તબીબની ગેરહાજરીના કારણે ગ્રામજનોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. આ અંગે મીડિયામાં ઘણી પ્રતિક્રિયાઓ આવી હતી, પરંતુ કોઈ પગલાં ન લેતા ડૉક્ટરના ભોગે ગર્ભપાત થઈ ગયો છે. એક તરફ રાપર તાલુકો વિકાસશીલ તાલુકામાં સમાવિષ્ટ છે અને અહીં આરોગ્યની સુવિધાઓને લઈને ઘણી ચર્ચાઓ થઈ રહી છે, પરંતુ આડેસરમાં બનેલી ઘટનાથી સ્થાનિક લોકો ચોંકી ઉઠ્યા છે કારણ કે પરિવાર આડેસર પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં પ્રસુતિને લઈને આવ્યો હતો. ઈકો કાર્ટ, પરંતુ ત્યાં હાજર ડોકટર સહિત કોઈ સ્ટાફ ન હોવાથી ગર્ભપાત થયો હતો.

### ડીજીટલ એરેસ્ટની ધમકી આપતા હતા

# સીબીઆઈના સ્વાંગમાં સીનીયર સિટીઝન સાથે ૧.૧૫ કરોડની છેતરપિંડી કરતી ગેંગ ઝડપાઈ

### આ ગેંગના ખાતા ધારક અને બેન્ક ખાતા ખોલવામાં મદદ કરનારા યશ બેન્કના કર્મચારીઓની ધરપકડ

। (એજન્સી) અમદાવાદ, તા.૨૯ ।

દિલ્હી પોલીસ અને CBIના ઉચ્ચ અધિકારીઓના નામે વાતચીત કરીને તેમના નામના આધારકાર્ડનો ઉપયોગ કરીને પાર્સલ મોકલીને તેમાં પાસપોર્ટ, એટીએમ કાર્ડ અને એમડી ડ્રગ્સ હોવાનું કહીને સીનીયર સિટીઝનોને છેતરતી ગેંગનો અમદાવાદ સાયબર ક્રાઈમ પોલીસે પર્દાફાશ કર્યો છે. આરોપીઓ સીનીયર સિટીઝનોને ધમકાવીને તેમના નામનું કોર્ટમાંથી વોરન્ટ નીકળ્યું છે કહીને વિડીયો કોલ કરીને ડીજીટલ એરેસ્ટ કરી લેવાની ધમકી આપતા હતા. બાદમાં ભોગ બનનારાઓ પાસેથી નણાં પડાવતા હતા. પોલીસે આ કેસમાં આ ગેંગના ખાતા ધારક અને બેક્ર ખાતા ખોલવામાં મદદ કરનારા યશ બેક્રના કર્મચારીઓની ધરપકડ કરી હતી. આ કેસની વિગત મુજબ ૧૬ નવેમ્બર





૨૦૨૪ના રોજ અમદાવાદમાં રહેતા એક સીનીયર સિટીઝને સાયબર ક્રાઈમ પોલીસમાં ફરિયાદ નોંદાવી હતી. જેમાં તેમણે જણાવ્યું હતું કે અજાણી વ્યક્તિઓએ વોટ્સએપ કોલ કરીને પોતે દિલ્હી પોલીસમાંથી બોલતા હોવાનપં કહ્યું હતું, બાદમાં સીનીયર સિટીઝનના આધારકાર્ડનો ઉપયોગ કરીને એક પાર્સલ મોકલવામાં આવ્યું હતું. જેમાં ૧૬ પાસપોર્ટ, ૫૮ એટીએમ કાર્ડ અને ૧૪૦ ગ્રામ એમડી ડ્રગ્સ મળી આવ્યું છે કહીને તેમની સામે પોલીસ ફરિયાદ થઈ છે, એમ જણાવ્યું હતું. કોર્ટે આ કેસમાં તેમની વિરૂધ્ધ એરેસ્ટ વોરન્ટ પણ ઈશ્યું કર્યું છે અને તપાસમાં ,હકાર નહી આપે તો આ કેસમાં ફસાવી દેવાની સીનીયર સિટીઝનને ધમકી આપી હતી. બાદમાં ડીજીટલ એરેસ્ટ કરી તેમનું નિવેદન મેળવવા ના નામે ફરિયાદી પાસેથી તેમના બેક્ર બેલેન્સની માહિતી મેળવી લઈને વેરીફિકેશન માટે પૈસા મોકલી આપવા કહ્યું હતું. ફરિયાદી જે પૈસા ભરશે તે વેરીફાઈ કર્યા બાદ પરત મળી જશે એમ પણ છેતરપિંડી કરનારા શખ્સે જણાવ્યું હતું, તે સિવાય ફરિયાદીનો વિશ્વાસ મેળવવા સીબીઆઈના લોગો વાળો અને દિલ્હીના કોર્ટના નામના આરબીઆઈના સહી સિક્કા વાળા બનાવટી પત્રોના ફોટા મોકલ્યા હતા. આ પ્રકારે આ ગેંગે દ્વારા ફરિયાદી પાસેથી રૂ.૧,૧૫,૦૦,૦૦૦ બળજબરીપુર્વક પડાવ્યા હતા. આ ફરિયાદને આધારે સાયબર ક્રાઈમ પોલીસે તપાસ હાથ ધરીને આરોપીઓએ ફરિયાદીના પૈસા જે બેક્રએકાઉન્ટમાં મેળવ્યા હતા.

### ફરી એક વખત શિક્ષણ વિભાગની લાલિયાવાડી

## છેલ્લા એક વર્ષથી વિદેશ રહેતા શિક્ષકો સામે કાર્યવાહી કરાઈ

। (એજન્સી) સુરત, તા.૨૯ ।

સુરતમાં ફરી એક વખત શિક્ષણ વિભાગની લાલિયાવાડીનો સૌથી મોટો પર્દાફાશ થયો છે. સરકારી શાળાના આચાર્ય બાળકોને ભણાવવાનું છોડી વિદેશમાં મજા માણવાનો સિલસિલો યથાવત છે. સરકારી શાળાના આચાર્ય બાળકોને ભણાવવાનું છોડી દુબઈમાં વેપાર કરતા હોવાનો મોટો ઘટસ્ફોટ થયો છે. સુરતના વિવાદમાં આવેલા અમરોલીની શાળા નંબર ૨૮૫ના આચાર્યને લઈને મોટા સમાચાર સામે આવ્યા છે. અમરોલી શાળાના આચાર્ય સંજય પટેલ શાળાનું કામ છોડી દુબઈમાં વેપાર કરતા હોવાનું સામે આવ્યુ છે. દુબઈમાં વેપાર - ધંધો હોવાથી આચાર્ય સંજય પટેલ બાળકોને ભણવવા કે શાળાનું કામ કરવાને બદલે વારંવાર



દુબઈ જતા હોવાની ફરિયાદ મળી છે. વર્ષ ૨૦૨૩માં જ સંજય પટેલે ૩૩ વખત દુબઈ પ્રવાસ કર્યો હોવાનું સામે આવ્યુ છે.આ સમગ્ર વિવાદ ત્યારે સામે આવ્યો જ્યારે આચાર્ય સંજય પટેલે તેના મિત્રો સાથે પૈસાની લેતીદેતી મામલે માથાકૂટ થયા બાદ અમદાવાદમાં અપહરણની ફરિયાદ નોંધાવી હતી. જેમાં તેમણે અપહરણકારોએ ઢોર માર માર્યાનો ઉલ્લેખ કર્યો હોવાનું સામે આવ્યુ છે. જે બાદ સંજય પટેલે અકસ્માતનું બહાનું કાઢી હાલ મેડિકલ લીવ પર ઉતરી ગયા હોવાનું સામે આવ્યુ છે. સરકારી શાળાના આચાર્ય દુબઈમાં વેપાર જમાવીને ત્યાં અવરજવર કરી રહ્યા છે.

### યુવકે સગીરા સાથે ઘણા સમય પહેલા દુષ્કર્મ આચર્યુ હતુ

# અમદાવાદમાંથી પાડોશમાં રહેતી સગીરા સાથે દુષ્કર્મ કર્યુ હોવાની ઘટના સામે આવી

। (એજન્સી) અમદાવાદ, તા.૨૯ ।

૧૩ જુલાઈના રોજ બનેલા બનાવ બાદ આરોપી અને ફરિયાદી એકબીજાથી અલગ રહેવા જતા રહ્યા હતા. જોકે આરોપીએ સગીરાનો પીછો નહીં છોડી તેના સ્કૂલમાં ભણતા અન્ય વિદ્યાર્થીઓને પણ સગીરા સાથે કરેલા દુષ્કર્મ અંગે જાણકારી આપી હતી. જેથી સગીરાની સ્કૂલમાં બદનામી થતા મામલો પોલીસ મથકે પહોંચ્યો. અમદાવાદમાં સાબરમતી પોલીસ મથક વિસ્તારમાં રહેતા એક યુવકે તેના જ પાડોશમાં રહેતી સગીરા સાથે દુષ્કર્મ કર્યુ હોવાની ઘટના સામે આવી છે. યુવકે સગીરા સાથે ઘણા સમય પહેલા દુષ્કર્મ આચર્યુ હતુ. જો કે સગીરાએ આ મામલે



પોલીસ ફરિયાદ કરી ન હતી. બાદમાં યુવકે દુષ્કર્મની ઘટના અંગે સગીરાના મિત્રોને જણાવી બદનામી કરી .જે પછી સગીરા અને તેના પરિવારે પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. દેવ નામના યુવકે ભૂતકાળમાં પાડોશમાં રહેતી સગીરાને હવસનો શિકાર બનાવી દાનવ જેવુ કૃત્ય કર્યુ હતુ. જોકે તે બાદ આરોપીએ સગીરાના અન્ય મિત્રોને આ વાતની જાણ કરતા, આ મામલો પોલીસ મથકે પહોંચ્યો હતો.જે પછી પોલીસે આરોપીને ઝડપી લીધો છે. સાબરમતી પોલીસે દેવ ભાવસાર નામના આરોપીને ઝડપી લીધો છે. જેણે અગાઉ તેના પાડોશમાં રહેતી ૧૪ વર્ષની સગીરાને હવસનો શિકાર બનાવી હતી. ૧૩ જુલાઈના રોજ સગીરાને તેના ઘરે રસોઈના બહાને બોલાવી આરોપી દેવે તેની સાથે બળજબરીપૂર્વક શારીરિક સંબંધ બાંધ્યા હતા. સાથે જ ધમકી આપી હતી કે જો સગીરા આ અંગે કોઈને જાણ કરશે.

### નિયમોની ઐસી-તૈસી કરનારા સાવધાન

## વાહન ચાલકોને નિયમોનું પાલન કરાવવા માટે પોલીસ એક્શનમા

### આગામી સમયમાં પ્રક્રિયા પૂર્ણ કરીને લાયસન્સ સસ્પેન્ડ કરવામાં આવશે, મોટાભાગના હેલ્મેટ વગરના કેસ છે

। (એજન્સી) અમદાવાદ, તા.૨૯ ।

ટ્રાફિક અને આરટીઓના નિયમોનું પાલન કરવું વાહન ચાલકોની ફરજ છે. પરંતુ વાહન ચાલકો નિયમોનું પાલન કરતા નથી, ત્યારે વાહન ચાલકોને નિયમોનું પાલન કરાવવા માટે પોલીસ એકશનમાં આવી છે. વાહન ચાલકો હેલ્મેટ ફરજીયાત પહેરે તે માટે અને બેફામ વાહન ચાલકો સામે પણ કાર્યવાહી કરાઈ રહી છે. સાથે નાઈટ કોમ્બિંગ કરવામાં આવી રહ્યું છે. જોકે લોકો દંડ ભરે છે તેમ છતાં નિયમોનું પાલન કરતા નથી, તેવા લોકોના લાયસન્સ સસ્પેન્ડ કરવા માટે પોલીસે આરટીઓને દરખાસ્ત મોકલી છે. અમદાવાદ આરટીઓમાં છેલ્લા ૩ મહિનામાં ૩થી વધુ વખત ટ્રાફિક નિયમનો ભંગ કર્યો હોય તેવા લોકો સામે કાર્યવાહી કરવા માટે પોલીસે દરખાસ્ત મોકલી છે. કુલ ૩ હજાર દરખાસ્ત હતી. જેમાંથી ય્ન્ન-૧ની ૧૩૮૦ દરખાસ્ત છે. તે તમામ લોકોને લાયસન્સ સસ્પેન્ડ કરવાની નોટીસ આપી દીધી છે. આગામી સમયમાં પ્રક્રિયા પૂર્ણ કરીને લાયસન્સ સસ્પેન્ડ કરવામાં આવશે. મોટાભાગના હેલ્મેટ વગરના કેસ છે. જેમાં ૩થી વધુ વખત નિયમનો ભંગ કર્યો હોય તેના ઘર પર નોટીસ જાય છે. ૭



દિવસનો સમય આપવામાં આવે છે. ૭ દિવસમાં તેનો જવાબ કે ખુલાસો રજૂ ન કરે તો લાયસન્સ સસ્પેન્ડ કરવામાં આવે છે. ૩ મહિના સુધી લાયસન્સ સસ્પેન્ડ કરવાની જોગવાઈ છે. સપ્ટેમ્બર ૨૦૨૪ સુધીમાં ૭૦૦ લોકોના લાયસન્સ અલગ અલગ ગુનામાં સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. ડિસેમ્બરની શરૂઆત સુધીમાં ૧૩૮૦ વિરુદ્ધ પણ કાર્યવાહી જશે. ડ્રિંક એન્ડ ડ્રાઈવના કેસમાં અલગથી કાર્યવાહી થાય છે. પોલીસ ચાર્જશીટ દાખલ કરીને પોલીસ લાયસન્સ સસ્પેન્ડ કરવા માટે દરખાસ્ત મોકલતા હોય છે. નિયમ ભંગ કરનાર લોકોએ હવે મેમો ભરવા માટે પણ કલાકો કતારમાં ઊભા રહેવું પડશે. કારણ કે અમદાવાદ આરટીઓમાં છેલ્લા ૪ દિવસથી મેમો ભરવા માટે કતારો લાગે છે. પરંતુ દંડ એટલા માટે લેવામાં આવે છે વાહન ચાલકો નિયમોનું પાલન કરતા થાય.

# વલસાડમાં સાયન્સ કોલેજ પાછળના ખુલ્લા પ્લોટમાંથી હાડપિંજર મળતા પોલીસ દોડતી થઈ

। (એજન્સી) વલસાડ, તા.૨૯ ।

વલસાડમાં સાયન્સ કોલેજ પાછળના ખુલ્લા પ્લોટમાંથી હાડપિંજર મળી આવતા પૌલસ દોડતી થઈ છે. ફોરેન્સિક પીએમમાં આ હાડપિંજર ૧૪થી ૨૦ વર્ષની છોકરીનું હોવાનું બહાર આવ્યું છે. વલસાડ પોલીસ માટે ઉદવાડાના મોતીવાડામાં કોલેજિયન ગર્લના રેપ વિથ મર્ડરનો કેસ સોલ્વ થયો ત્યાં બીજો પડકાર આવીને ઊભો રહ્યો છે. વલસાડની સાયન્સ કોલેજ પાછળની એક સોસાયટીના પ્લોટમાં માનવકંકાલ મળ્યું હતું. ક્રિકેટ રમતાં બાળકોનો બોલ ખુલ્લા ઝાડીઝાંખરાવાળા પ્લોટમાં જતાં સમગ્ર ઘટના બહાર આવી હતી. સુરતની હોસ્પિટલમાં ફોરેન્સિક પીએમમાં કોઈ યુવતીનું હાડપિંજર હોવાનું ખૂલ્યું છે. હવે પોલીસ છેલ્લા ત્રણ-ચાર મહિનામાં



ગુમ થયેલી આસપાસના જિલ્લાની દીકરીની વિગત મેળવી રહી છે. ગુમ દીકરીઓના પરિવારને શોધીને DNAના આધારે ઓળખ મેળવવા પ્રયાસ કરાશે.વલસાડની સાયન્સ કોલેજ પાછળ આવેલી સહજાનંદ સોસાયટીના સામે ખુલ્લા ઝાડીઝાંખરાવાળા પ્લોટ છે. અહીં સ્થાનિક છોકરાઓ ક્રિકેટ રમી રહ્યા હતા, ત્યારે એક હ્યુમન બોડીનું હાડપિંજર મળી આવ્યું હતું. જેમાં માનવ શરીરનાં અંગો જેવાં કે, માનવ ખોપડી, પાંસળીના ભાગો, પગનાં હાડકાંના ભાગો, હાથનાં હાડકાંના ભાગો, કરોડરજ્જુના ભાગો મળી આવ્યા હતા. આ હ્યુમન બોડીનાં અંગો સંપૂર્ણપણે હાડકાંના સ્વરૂપમાં હતાં. જેથી આ બોડી કોની છે, તે ઓળખી શકાયું નથી. આ બનાવવાળી જગ્યાએથી એક મરૂન કલરનો બે બટનવાળો મેલો લેડીઝ કુર્તો મળી આવ્યો હતો. આ માનવ હાડપિંજરનું સુરતના ફોરેન્સિક વિભાગે પોસ્ટમોર્ટમ કરતાં ડોક્ટરે જણાવ્યું કે, આ હ્યુમન બોડી આશરે ૧૪થી ૨૦ વર્ષીય છોકરીની છે. તેમજ તેનું અંદાજે ૩ માસ પહેલાં મૃત્યુ થયું હતું.

**વિશેષ**

### જિલ્લા કલેકટર સુશ્રી પ્રવીણા ડી.કે.ના અધ્યક્ષસ્થાને યોજાયો સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ

# અમદાવાદ ખાતે નવેમ્બર માસનો જિલ્લા કક્ષાનો 'સ્વાગત કાર્યક્રમ' યોજાયો

### રીજનલ કમિશનર ઓફ મ્યુનિસિપાલિટીઝ શ્રી રવીન્દ્ર ખટાલે તથા નિવાસી અધિક કલેક્ટર શ્રી સુધીર પટેલ સહિતના અધિકારીઓ પણ રહ્યા ઉપસ્થિત









। (માહિતી) અમદાવાદ ।

નવેમ્બર મહિનાનો જિલ્લા કક્ષાનો સ્વાગત કાર્યક્રમ કલેકટર કચેરી ખાતે યોજાયો હતો. આ સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ જિલ્લા કલેકટર સુશ્રી પ્રવીણા ડી.કે.ના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. જેમાં રીજનલ કમિશનર ઓફ મ્યુનિસિપાલિટીઝ શ્રી રવીન્દ્ર ખટાલે પણ ઉપસ્થિત રહ્યા હતા. જિલ્લા કક્ષાના આ સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમમાં કુલ ૨૧ જેટલા અરજદારો હાજર રહ્યા હતા. તમામ અરજદારોની સમસ્યાને કલેકટરશ્રીએ ધ્યાનપૂર્વક સાંભળી હતી. આ ઉપરાંત કલેકટર સુશ્રી પ્રવીણા ડી.કે.એ વિવિધ અરજદારોના પ્રશ્નો સંદર્ભે જે-તે વિભાગના અધિકારીઓ સાથે ચર્ચા કરી હતી અને ચોક્કસ સમયમાં પ્રશ્નોના નિકાલ લાવવાની સૂચના પણ આપી હતી. કલેકટરશ્રીએ તમામ અરજદારોની સમસ્યા સાંભળી નિયત સમયમાં હકારાત્મક ઉકેલ લાવવાની ખાતરી પણ આપી હતી. આ સ્વાગત કાર્યક્રમમાં ૨૧ જેટલા અરજદારોના વિવિધ પ્રશ્નો જેવા કે, ગટર લાઈન નાખવા બાબત, ગેરકાયદેસર બાંધકામ દૂર કરવા બાબત, પેવર બ્લોક નાખવા બાબત, રસ્તા પર ખાડા પૂરવા બાબત, રી-સર્વે રેકર્ડમાં ક્ષતિઓ સુધારવા બાબત, જમીન સંપાદન બાબત જેવા અનેક પ્રશ્નોનો કલેકટર સુશ્રી પ્રવીણા ડી.કે.એ તથા રિજનલ કમિશનર ઓફ મ્યુનિસિપાલિટીઝ શ્રી રવીન્દ્ર ખટાલેએ સ્થળ પર જ ત્વરિત નિકાલ કર્યો હતો. પોતાની સમસ્યાનું નિરાકરણ આવતા તમામ અરજદારોના ચહેરા પર સ્મિત જોવા મળ્યું હતું. અને તમામ અરજદારો એ સ્વાગત કાર્યક્રમની પહેલને બિરદાવી સરકાર તથા જિલ્લા વહીવટી તંત્રનો આભાર માન્યો હતો. આ બેઠકમાં નિવાસી અધિક કલેકટર શ્રી સુધીર પટેલ સહિતના સંબંધિત વિભાગના અધિકારીશ્રીઓ હાજર રહ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે રાજ્ય સરકારનો સ્વાગત કાર્યક્રમ એ જનસામાન્યના પ્રશ્નોનું સુખદ સમાધાન લાવવાનું માધ્યમ બની ગયો છે.

### સ્વાગત ઓનલાઈનમાં મળેલી ખેડૂતોની રજૂઆતો પ્રત્યે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના પ્રો-એક્ટિવ અને પરિણામકારી અભિગમથી ત્વરિત નિર્ણય લેવાયો

# મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની રાજ્યના ખેડૂતોને મોટી ભેટ

। (એજન્સી) અમદાવાદ, તા.૨૯ ।

આવા પ્રોજેક્ટ્સમાં જેમની તમામ જમીનો સંપાદિત થઈ ગઈ હોય અને જે તે સમયે ખેડૂત પ્રમાણપત્ર ન મેળવવાને કારણે ખેડૂત મટી ગયા હોય તેવા ખેડૂતોએ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ સમક્ષ સ્વાગત ઓનલાઈન જનફરિયાદ નિવારણના રાજ્ય સ્વાગતમાં તેમના આ પ્રશ્નની રજૂઆત કરી હતી. મુખ્યમંત્રીશ્રીએ સ્વાગતમાં રજૂ થતાં આવા જનહિતકારી પ્રશ્નોના ત્વરિત નિવારણનો અભિગમ અપનાવ્યો છે. આ હેતુસર તેઓ લાંબા ગાળાના પ્રશ્નોના ઝડપી નિવારણ માટે સંબંધિત વિભાગોને પણ પ્રો-એક્ટિવ એપ્રોચ માટે માર્ગદર્શન આપતા રહે છે. તેમણે ખેડૂતોની સ્વાગત ઓનલાઈનમાં મળેલી રજૂઆતો અંગે સાનુકુળ અને પોઝિટીવ વ્યુ અપનાવીને આ પડતર રહેલા પ્રશ્નનું ત્વરાએ નિવારણ લાવી દીધું છે. તદ્અનુસાર, રાજ્યમાં વિવિધ વિકાસ પ્રોજેક્ટ્સમાં જે ખેડૂતોની તમામ જમીન સંપાદિત થઈ હોય તેવા ખેડૂતોને ખેતીની જમીન ખરીદવામાં કોઈ મુશ્કેલી ન પડે તે માટે રાજ્ય સરકારે તા.૨૬/૧૨/૨૦૦૮ના ઠરાવથી એવું સૂચવ્યું છે કે આવા ખેડૂતોને ખેડૂત પ્રમાણપત્ર સંબંધિત કલેકટર અથવા અધિકૃત અધિકારી આપી શકે છે. આવું પ્રમાણપત્ર મળ્યાની તારીખથી ત્રણ વર્ષમાં જમીન ખરીદવાની જોગવાઈઓ પણ અમલમાં છે.જે ખેડૂતોની તમામ



જમીન સંપાદિત થઈ ગઈ હોવા છતાં પ્રમાણપત્રના અભાવે બિન ખેડૂત બન્યા હોય તેવા ખેડૂતોના વિશાળ હિતમાં ખેડૂત પ્રમાણપત્ર મેળવવાની સુલભતા કરતી એક તક આપવા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે વધુ એક હિતકારી નિર્ણય કરીને તે અંગેનો ઠરાવ પ્રસિદ્ધ કરવાના દિશા નિર્દેશો આપ્યા છે. મુખ્યમંત્રીશ્રીના આ નિર્ણય અનુસાર તા.૦૧/૦૫/૧૯૬૦થી એટલે કે ગુજરાતના અલગ રાજ્ય તરીકેના સ્થાપના કાળથી વિવિધ પ્રોજેક્ટ્સમાં ખેડૂતોની તમામ જમીન સંપાદિત થઈ હોય અને જે તે સમયે ખેડૂત પ્રમાણપત્ર મેળવી ન શક્યા હોય તેવા ખેડૂતો રાજ્ય સરકાર દ્વારા આ ઠરાવ પ્રસિદ્ધ થયાના એક વર્ષમાં પ્રમાણપત્ર મેળવવા માટે સંબંધિત કલેકટર સમક્ષ અરજી કરી શકશે. આવી અરજી મળ્યા પછી સંબંધિત કલેકટર દ્વારા જાતે ખરાઈ કરીને ખેડૂત પ્રમાણપત્ર ઈસ્યુ કરવામાં આવશે. એટલું જ નહીં, આવું પ્રમાણપત્ર મળ્યાના ત્રણ વર્ષમાં જે તે ખેડૂતને જમીન ખરીદી કરી લેવાની રહેશે. રાજ્યના જે ખેડૂતોની જમીનો પ્રોજેક્ટ્સમાં સંપાદિત થઈ છે પરંતુ જે તે વખતે એ ખેડૂત પ્રમાણપત્ર મેળવી ન શકેલા ખેડૂતો કે જે ખેડૂત મટી ગયા છે તેમને મુખ્યમંત્રીશ્રીના આ નિર્ણયના પરિણામે ખેતી કરવાનું પ્રોત્સાહન મળશે.આ ઉપરાંત જે ખેડૂત પોતાનાં ખાતાના સર્વે નંબર પૈકી બચત રહેલો એક માત્ર સર્વે નંબર બિનખેતી કરાવે તેના કારણે ખેડૂત મટી જતા હતાં. આવા કિસ્સામાં ખેડૂત પ્રમાણપત્ર મેળવવાની કોઈ જોગવાઈ ન હોવાના કારણે ખેતીની જમીન ખરીદવામાં તેઓ મુશ્કેલી અનુભવતા હતા. એવી રજૂઆતો મુખ્યમંત્રીશ્રી સમક્ષ અવારનવાર ખેડૂતો દ્વારા આવી હતી.

## ન્યૂઝ બ્રિફ

### આઇટીના મહેસાણા સ્થિત રાધે ગ્રુપ અને ભાગીદારોને ત્યાં દરોડા

। (એજન્સી) મહેસાણા, તા.૨૯ ।

આવકવેરા વિભાગે થોડા દિવસોના વિરામ બાદ ફરીથી રાજ્યમાં દરોડા પાડ્યા છે. આવકવેરા વિભાગે મહેસાણા સ્થિત રાધે ગ્રુપ અને તેના ભાગીદારોના સ્થળો પર દરોડા પાડીને તપાસ હાથ ધરી છે.

આવકવેરા વિભાગે મહેસાણામાં રાધે ગ્રુપના સ્થળો અને અમદાવાદ અને મોરબીમાં તેના ભાગીદારોના સ્થળો પર સંયુક્ત તપાસ હાથ ધરી છે. ત્રણ સ્થળોએ બે ડઝનથી વધુ ટીમો દ્વારા પાડવામાં આવેલા દરોડાઓમાં મોટી માત્રામાં બેનામી વ્યવહારો બહાર આવવાની શક્યતા છે.

પ્રાપ્ત માહિતી અનુસાર આવકવેરા વિભાગે મહેસાણા સ્થિત રાધે ગ્રૂપના મહેન્દ્રભાઈ પટેલ અને તેમના ભાગીદારોના સ્થળોની તપાસ હાથ ધરી છે. આવકવેરા વિભાગે એક સાથે બે ડઝનથી વધુ સ્થળોની તપાસ કરી છે. રાજકોટ જિલ્લાના એક રાજકારણીના જમાઈના ઘરે પણ દરોડા પાડવામાં આવ્યા છે.

### ભાણી સાથે ભાગી જનારા યુવકની હત્યા કરનારા મામાને આજીવન કેદ

। (એજન્સી) અમદાવાદ, તા.૨૯ ।

વર્ષ ૨૦૨૦માં ભાણી સાથે ભાગી જનારા યુવકને મામાએ શોધી કાઢીને પાવડાના સંખ્યાબંધ ઘા ઝીંકી તેની નિર્દય રીતે હત્યા કરી હતી. આ કેસમાં સેશન્સ કોર્ટે આરોપીને આજીવન કેદની સજા ફટકારી છે.

આ સાથે જ કોર્ટે નોંધ્યું હતું કે, આરોપીએ ૨૦ જેટલા ઘા મારી યુવકની હત્યા કરી છે, આરોપી સામે હત્યાનો ગુનો નિઃશંકપણે પુરવાર થાય છે, આખોય કેસ ગંભીર પ્રકારનો છે, ત્યારે આવા કેસમાં આરોપીને સજા કરવી ન્યાયોચિત જણાય છે. શહેરના રામોલ વિસ્તારમાં ફૈયાઝ અબ્દુલલતીફ અંસારી પોતાનું કારખાનું ધરાવે છે. તેમના કારખાનામાં ૨૦ વર્ષિય સલમાન શકીલઅહેમદ પાઠાણ(રહે.અમેઠી, ઉત્તર પ્રદેશ) નોકરી કરતો હતો. આ દરમિયાન સલમાનને તેના જ વિસ્તારમાં સગીરા સાથે પ્રેમ થઇ ગયો હતો. બીજી તરફ ૧૬ માર્ચ ૨૦૨૦ના રોજ સગીરા પોતાના ઘરેથી નીકળી ગઈ હતી. જેથી સગીરાના મામા અબ્દુલરઝાક અબ્દુલખાલીદ શેખ તેને શોધવા માટે સલમાનના કારખાને ગયા હતા, પરંતુ તે મળી આવ્યો નહોતો. ત્યારબાદ સલમાનને ફોન કરતા તેનો ફોન પણ બંધ આવતો હતો.

# બનાસકાંઠામાં જાગીર મઠના મહંતને લઈને વિવાદ

। (એજન્સી) બનાસકાંઠા, તા.૨૯ ।

બનાસકાંઠાના કાંકરેજ સ્થિત થાળી જાગીર મઠના મહંત જગદીશપુરી બાદ હવે તેમના જાગીર મઠના મહંતને લઈને વિવાદ ઉભો થયો છે અને વિવાદ એટલો વધી ગયો છે કે છેલ્લા કેટલાક દિવસોથી મઠ પોલીસ છાવણીમાં ઘેરાયેલો છે.

એક તરફ દેવ દરબારના મહંત બલદેવનાથ બાપુએ થરા જાગીરદાર સ્ટેટ સાથે મળીને શંકરપુરી મહારાજને ગુરુ ગાદી સોંપી છે, તો બીજી તરફ થાળી મઠ પાસેના ગામોના લોકોએ શંકરપુરી મહારાજ સામે વિરોધ નોંધાવ્યો છે અને કાર્તિકપુરી મહારાજને ચાદર ઓઢાડી છે. જેના કારણે વિવાદ ઉભો થયો છે. જોકે, મહંતને લઈને વિવાદમાં ફસાયેલા આ થાળી મઠમાં કાયદો અને વ્યવસ્થા બગડે નહીં તે માટે આ મઠને હવે પોલીસ છાવણીમાં ફેરવી દેવામાં આવ્યું છે. જાગીર મઠમાં અત્યાર સુધીમાં ૧૩ મહંતોએ ગુરુનું પદ સંભાળ્યું છે. બનાસકાંઠાના કાંકરેજ વિસ્તારમાં બનાસ નદી પાસે આવેલ થાળી જાગીર મઠ સદીઓ જૂનું ધાર્મિક સ્થળ છે. અને તે સ્થાનિક લોકો માટે આસ્થાનું કેન્દ્ર છે. જો કે આ જાગીર મઠમાં અત્યાર સુધી ૧૩ મહંતોએ ગુરુનું પદ સંભાળ્યું છે. જો કે, તાજેતરમાં આ મઠના લાંબા સમયથી પ્રભારી રહેલા મહંત જગદીશ પુરીનું ૧૯મી નવેમ્બરે હાર્ટ એટેકના કારણે નિધન થયું હતું. જો કે, મહંત દેવલોકના અવસાન પછી, તેમના નશ્વર દેહને મઠમાં જ સમાધિમાં અર્પણ કરવામાં આવ્યો હતો અને તે પછી, દેવદરબારના મહંત તરીકે તેમને ચાદરથી ઓઢાડીને ગુરુગાડી મહંત શંકર પુરીને સોંપવામાં આવી હતી. થરાદ રાજ્યના નિર્ણયનો વિરોધ દેવ દરબારના મહંત અને થરાદ રાજ્યના આગેવાનોએ ભલે મહંત શંકર પુરીને ગાદી સોંપી હોય, પરંતુ દેવ દરબાર અને થરાદ રાજ્ય દ્વારા લેવાયેલા આ નિર્ણય સામે આ મઠની આસપાસના ગામોના સ્થાનિક લોકોએ વિરોધ કર્યો હતો અને ૨૨ નવેમ્બરે હજારોની સંખ્યામાં ઉમટી પડ્યા હતા. ગામડાઓના લોકોએ થાલી જાગીર મઠમાં વિરોધ કર્યો અને તે દરમિયાન સ્થાનિક લોકોએ થાલી જાગીર મઠના મહંત કાર્તિક પુરીને મઠની બહાર સ્થાપિત કરવાનું નક્કી કર્યું અને તેમને ચાદરથી ઢાંકી દીધા. જો કે, આ પહેલા મહંત જગદીશપુરી દેવ દરબાર દ્વારા દેવલોક પહોંચ્યા હતા અને રાજગાદી આપતા પહેલા તેમના નશ્વર અવશેષો મહંત શંકરપુરીને સોંપવામાં આવ્યા હતા. અને ત્યાર બાદ જ્યારે સ્થાનિક લોકોએ મહંત કાર્તિકપુરીને બેસાડવા અને ચાદરથી ઢાંકવાની વાત કરી ત્યારે થાળી જાગીર મઠમાં એવી સ્થિતિ સર્જાઈ કે કાયદો અને વ્યવસ્થા તૂટી ગઈ. બનાસકાંઠા એસપી સહિતનો પોલીસ કાફલો મોકલવામાં આવ્યો હતો અને બંને પક્ષોને સમજાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો, પરંતુ બંને પક્ષકારો કંઈ સમજ્યા ન હતા. આખરે બનાસકાંઠા એસપીએ એસઆરપીની ટુકડીને થાળી જાગીર મઠમાં મોકલી અને જાગીર મઠને પોલીસ છાવણીમાં ફેરવી દીધું. જો કે, મહંત શંકરપુરીનો વિરોધ કરી રહેલા અને મહંત કાર્તિકપુરીને સમર્થન કરનારાઓએ આરોપ લગાવ્યો કે મહંત શંકરપુરીને ખોટી રીતે સિંહાસન પર બેસાડવામાં આવ્યા છે. કેટલાક લોકોએ આશ્રમની તિજોરીના તાળા તૂટ્યા હોવાનો પણ આક્ષેપ કર્યો હતો. જોકે, ૨૨ નવેમ્બરે શરૂ થયેલો આ વિવાદ હજુ પૂરો થયો નથી. જો કે આ વિવાદ અંગે ગાદી પર બેઠેલા શંકરપુરીનું કહેવું છે કે તેમને પરંપરા મુજબ સિંહાસન પર બેસાડવામાં આવ્યા નથી તો બીજી તરફ દેવ દરબારના મહંત બલદેવનાથ બાપુ કહે છે કે અમે મહંત શંકરપુરીને ગાદી પર બેસાડ્યા છે. અમારી પરંપરા મુજબ. અને જો તેમનો વિરોધ કરનારાઓ પાસે પરંપરા વિરુદ્ધ કોઈ પુરાવા હોય તો તેમણે રજૂ કરવા જોઈએ. બીજી તરફ થરા સ્ટેટના આગેવાનો સહિત અનેક લોકોએ પણ મીડિયા સામે આવીને કે, મહંત બલદેવનાથ અને થરા રાજ્યમાં મહંતોને ગાદી પર બેસાડવાની પરંપરા છે અને તેઓએ શંકરપુરીને ગાદી પર બેસાડ્યા છે.

### શહેરમાં લોકોને મર્યા પછી પણ સુવિધાનો અભાવ

# વડોદરામાં કોર્પોરેશનની સામાન્ય સભામાં કાઉન્સિલરોએ ઠાલવ્યો આક્રોશ

। (એજન્સી) વડોદરા, તા.૨૯ ।

વડોદરા કોર્પોરેશનની સામાન્ય સભામાં વિપક્ષી કાઉન્સિલર્સે લોકોને પડતી અસુવિધાઓ મુદ્દે ભારે આક્રોષ વ્યક્ત કર્યો. કોર્પોરેશનના અણઘડ વહીવટને કારણે લોકોને શહેરમાં મર્યા પછી પણ સુવિધા નસીબ થતી નથી. સ્મશાનમાં લાકડા સહિતની સુવિધા ન હોવા મામલે રોષ ઠાલવ્યો. વિપક્ષે અસુવિધા મામલે જવાબદાર જે તે અધિકારી સામે એક રૂપિયો કપાતની સંયુક્ત દરખાસ્ત લાવવાની માગ કરી

વડોદરા કોર્પોરેશનની સામાન્ય સભા મળી હતી. આ સભામાં શહેરના સ્મશાનોમા લાકડાં સહિતની સુવિધાઓ ન હોવાની રજૂઆત કરતા ખુદ સત્તાપક્ષ ભાજપના કોર્પોરેટરોએ આક્રોશ ઠાલવ્યો હતો. ભાજપા કાઉન્સિલરોની રજૂઆતોને સમર્થન આપતાં વિપક્ષે જવાબદાર અધિકારી સામે એક રૂપિયો કપાતની સંયુક્ત દરખાસ્ત લાવવાની માંગ કરી હતી. જોકે, વિપક્ષની દરખાસ્ત લાવવાની માંગ કરતા સત્તાપક્ષ પાણીમાં બેસી ગયું હતું. પૂર્વ મેયર નીલેશ રાઠોડે સામાન્ય સભામાં અધિકારીઓને ચીમકી આપતાં જણાવ્યું હતું કે, અધિકારીઓ અમારા કામ કરતા નથી. હવે હદ થઈ ગઈ છે. સહનશક્તિ ખૂટી છે, હવે અધિકારીઓને સહન નહિ કરીએ. આરોગ્ય અમલદાર દેવેશ પટેલ ઉડાઉ જવાબો આપતા હોવાના પણ કાઉન્સિલરોએ આક્ષેપ કર્યા હતાં.

સ્મશાનોમા લાકડાં સહિતની સુવિધા પૂરી પાડવામાં નિષ્ફળ ડો. દેવેશ પટેલ સામે એક રૂપિયો કપાતની દરખાસ્ત લાવવા ભાજપા કાઉન્સિલર ઘનશ્યામ પટેલે રજૂઆત કરી હતી. ભાજપા કાઉન્સિલરો મનિષ પગારે, ઘનશ્યામ પટેલ, તેજલબેન વ્યાસ અને કોંગ્રેસના કાઉન્સિલરો પુષ્પાબેન વાઘેલા, જહાં દેસાઈ સહિત તરસાલી, અકોટા, બહુચરાજી, રામનાથ, ઠેકરનાથ, નિઝામપુરા, વાસના, ભાયલી સહિતના શ્મશાનની બદતર હાલતને લઈ રોષ વ્યક્ત કર્યો હતો. અને આરોગ્ય અમલદાર ડો. દેવેશ પટેલ કોર્પોરેટરોને યોગ્ય જવાબ આપતા ન હોવાના આક્ષેપ કર્યા હતા. ડો. દેવેશ પટેલને એસી ઓફિસ અને ગાડીમાંથી બહાર કાઢો.

### તીર્થક ગ્રુપ પર સવારે ૫.30 કલાકે દરોડો પાડવામાં આવ્યો હતા

# મોરબીના તીર્થક ગ્રુપ પર આઇટીના દરોડા, મોટાપાયા પર બેનામી વ્યવહારોની શંકા

। (એજન્સી) મોરબી, તા.૨૯ ।

મોરબી પેપર મિલ અને કન્સ્ટ્રક્શનને લગતા ગ્રુપ પર આવકવેરા વિભાગના દરોડા પાડવામાં આવ્યા હતા. સૂત્રોના જણાવ્યા અનુસાર મોટા પાયે બેનામી વ્યવહારો થયા હોવાની આશંકા છે.મોરબીના તીર્થક ગ્રુપ પર સવારે ૫.૩૦ કલાકે દરોડો પાડવામાં આવ્યો હતો. મોરબી પેપર મીલ અને કન્સ્ટ્રક્શનને લગતા જૂથ પર આવકવેરા વિભાગના દરોડાના કારણે શહેરમાં ભારે ચર્ચા જાગી છે. સમગ્ર ઘટના અંગે સૂત્રોએ જણાવ્યું હતું કે આવકવેરા વિભાગના દરોડા દરમિયાન મોટા પાયે બે વ્યવહારો હાથ ધરવામાં આવે તેવી શક્યતા છે. તે સમયે ૭૦ જેટલી ટીમો એક જગ્યાએ દરોડામાં સામેલ હતી. આ ઉપરાંત આ ઘટના સંદર્ભે આવકવેરા વિભાગ દ્વારા પોલીસ બંદોબસ્ત સાથે દરોડા પાડવામાં આવ્યા હતા અને હાલમાં રાવપર રોડ પર આવેલી તીર્થક ગ્રુપની ઓફિસ, ફેક્ટરી અને જીવરાજભાઈ ફુલતરિયાના ઘરે તપાસ ચાલી રહી છે. બીજી તરફ અમદાવાદમાં તીર્થક અને સોહમ પેપર પર આવકવેરા વિભાગના દરોડા પાડવામાં આવ્યા છે. જેમાં વૈષ્ણોદેવી સર્કલ પાસે આવેલા ધરતી સાકેત બિલ્ડરમાં આવકવેરા વિભાગ દ્વારા સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. ઈક્મટેક્સ અધિકારીઓની અલગ-અલગ ટીમોએ સવારથી જ દરોડા પાડવાનું શરૂ કરી દીધું છે. આ દરોડામાં મોટી રકમના બેનામી નાણાકીય વ્યવહારોનો પર્દાફાશ થવાની શક્યતા છે. મહેસાણાના જાણીતા રાધે ગ્રુપ પર પણ આવકવેરા વિભાગે દરોડા પાડ્યા હતા. જેમાં આવકવેરા વિભાગની ટીમે રાધે ગ્રુપના મહેન્દ્ર પટેલ અને તેના ભાગીદારોના ઘરે પહોંચી તપાસ હાથ ધરી હતી. જેમાં આવકવેરા વિભાગે ૨૫થી વધુ સ્થળોએ તપાસ હાથ ધરી હતી. આજે સવારથી જ મહેસાણા, અમદાવાદ અને મોરબીમાં તપાસ હાથ ધરવામાં આવી છે. જેમાં આવકવેરા વિભાગની ટીમે રાધે ગ્રુપના મહેન્દ્ર પટેલ અને તેના ભાગીદારોના ઘરે પહોંચી તપાસ હાથ ધરી હતી. જેમાં આવકવેરા વિભાગે ૨૫થી વધુ સ્થળોએ તપાસ હાથ ધરી હતી. આજે સવારથી જ મહેસાણા, અમદાવાદ અને મોરબીમાં તપાસ હાથ ધરવામાં આવી છે.

# આયર્ન માઉન્ટેન દ્વારા ઉંઢેલા પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને શૈક્ષણિક કીટનું વિતરણ







। ખેડા, તા.૨૯ ।

ખેડા જીલ્લાની અનેક પ્રાથિક શાળાઓમાં આયર્ન માઉન્ટેન પ્રાઈવેટ લિમીટેડ કંપની દ્વારા સરકારી પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા ગરીબ વિદ્યાર્થીઓને શૈક્ષણિક કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. કંપનીના આસિસ્ટટ મેનેજર વરુણ ગુપ્તા અને જમીર શૈખના સહયોગથી શાળાના વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા માટે ૫૦,૦૦૦ રૂપિયાથી વધુની રકમની શૈક્ષણિક કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. માતર તાલુકાના ઉંઢેલા ગામ, રતનપુર, અંત્રોલી, તેમજ કઠલાલ સહિતના ગામોમાં સરકારી પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને કિટનું વિતરણ કરવામાં આવ્યું હતું. ઉંઢેલાની પ્રાથમિક શાળામાં ધોરણ ૪ થી ૭માં અભ્યાસ કરતા ૧૭૫ ગરીબ પરિવારના જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને દફતર, પુસ્તિકા, કંપાસ, બોલપેન, નોટબુકની શૈક્ષણિક કીટ ભેંટ આપવામાં આવી હતી. આ સાથે રતનપુર અને અંત્રોલી ગામની શાળામાં અભ્યાસ કરતા ધોરણ ૫ થી ૮ના વિદ્યાર્થીઓને ૧૯૫ કિટ આપી તેમજ કઠલાલની શાળામાં ધોરણ ૫ થી ૮ના વિદ્યાર્થીઓને ૯૮ કિટ આપી હતી.શાળાઓમાં શૈક્ષણિક કાર્યની શરૂઆત થઈ ચૂકી છે ત્યારે જરૂરિયાત મંદ બાળકો શૈક્ષણિક સામગ્રીના અભાવે શિક્ષણમાં પાછળ ન રહે તેવા ઉમદા આશયથી શાળામાં અભ્યાસ કરતાં બાળકોને સેવાભાવી દાતા સંસ્થા તરીકે માઉન્ટેન પ્રાઈવેટ લિમીટેડ કંપનીએ શૈક્ષણિક કીટનું વિતરણ કર્યું હતું, જેમાં દફતર, સ્લેટ, સંચો, રબ્બર, પેન્સિલ, કંપાસ, ડ્રોઈંગ બુક, નોટબુક વગેરેનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ વિતરણને લઈને શાળાના આચાર્ય પિનાકીન પટેલ સાહેબે આયર્ન માઉન્ટેન કંપનીના દાતાઓને આવકાર્યા હતા અને તેમનો આભાર વ્યક્ત કર્યો હતો.

